પુષ્ટિમાર્ગીય વ્યાવહારિક નિયમો

(પ્રોટોકોલ્સ-૧)

લેખક : પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી
(વડોદરા)

: પ્રકાશક :
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ- વડોદરા.

(૧) ઉપક્રમ

પ્રોટોકોલ એટલે વ્યાવહારિક નિયમો. દરેક સંપ્રદાયમાં બે વિભાગ હોય છે. (૧) સિદ્ધાન્ત એટલે કે તત્ત્વજ્ઞાન અને (૨) સંપ્રદાયની અંદરના કેટલાક વ્યાવહારિક આવશ્યક નિયમો.

જેમ સિદ્ધાન્ત મુજબ આચરણ જરૂરી છે તેમ નિયમોનું પણ આચરણ અને પાલન વૈષ્ણવોના જીવનમાં જરૂરી છે. આપણે ત્યાં પ્રાયઃ કરીને વૈષ્ણવો એક વાત બોલતા હોય છે કે હરિ-ગુરુ-વૈષ્ણવ સરખા લેખીએ. હવે સરખા લેખીએ એ કેવી રીતે ?

હરિ-ગુરુ-વૈષ્ણવ એ તમામને સરખા સ્વીકારવાના છે. ત્યારે સમાનતા કેવી રીતે ? ત્રણેને એકસરખા કેવી રીતે માનવા ? અને તમામ સાથે એક સરખો વ્યવહાર કેવી રીતે કરવો ? આ પ્રશ્ન વૈષ્ણવોને બની શકે છે. અને જ્યારે એનો સ્પષ્ટ ખુલાસો નથી મળતો ત્યારે અબુધ વૈષ્ણવો પોતાની મેળે જેમ ફાવે તેમ અને જેમ સૂઝે તેમ કરતા હોય છે. ભગવદ્ ગીતામાં પણ આવો જ પ્રશ્ન થાય છે કે **'શુનિ ચૈવ શ્વપાકે ચ પંડિતાઃ સમદર્શિનઃ'** દુનિયાના દરેક જીવમાં ભગવાન જોઈ અને એની સાથે સમાન વ્યવહાર કરવો. કેવી રીતે કરવો ? તમે જો સમાન વ્યવહાર કરવા જાવ તો કુતરાને પણ ગાદી પર બેસાડવો પડે. દરેકની સાથે સમાનતાનો વ્યવહાર કેવી રીતે કરવો ? ધારો કે કોઈના લગ્ન થયા, લગ્ન થયા તો સમાનતાનો વ્યવહાર કેવી રીતે થાય ? પછી પોતાની પત્નીને માતાજી કહીને બોલાવવી? સમાનતાનો અર્થ જ્યાં સુધી આપણામાં સ્પષ્ટ ન થાય આપણે એનું આચરણ કરી શકતા નથી. ત્યારે અહીં ગીતાજીમાં શબ્દ વાપર્યો છે. **સમદર્શિનઃ - સમ દર્શન કરવુ.** એટલે બધાને એક સરખા જોવા. પરંતુ **'ન તુ સમવર્તિનઃ'** સમવર્તન કરવાનું નથી. જેવી રીતે આપણા શરીરનો કોઈ પણ ભાગ એ આપણા જ શરીરનો છે. પગ, હાથ, પેટ, માથું, જીભ, આંખ, કાન, નાક આ બધાં જ અંગો એ આપણા પોતાના જ શરીરના હોવા છતાં પણ એનો વ્યવહાર આપણે જુદો કરીએ છીએ. જોડા પગમાં જ પહેરીએ છીએ અને પાઘડી માથા પર જ પહેરીએ છીએ. પાઘડીને પગમાં પહેરતા નથી કે જોડાને માથા પર પહેરતા નથી. જેમ શરીરમાં સમદર્શન અને સમવર્તનમાં અંતર છે તેવી જ રીતે દુનિયાની કોઇ પણ વ્યક્તિમાં એક જ પરમાત્માના અંશનું દર્શન કરવાનું છે. બધા જ ભગવદ્રૂપ છે તેમ છતાં પણ જે રીતે લૌકિકમાં વ્યવહાર થતો હોય એ રીતે વ્યવહાર કરવો જોઈએ. જ્યાં સુધી તમારામાં લૌકિકભાવ અને લૌકિક બુદ્ધિ પડેલી છે ત્યાં સુધી લૌકિક વ્યવહારનો ઉપયોગ આપણે આપણા જીવનમાંથી કાઢવાનો નથી. આપણી બુદ્ધિમાં રહેલી ભેદ દૃષ્ટિ જ લૌકિકતા છે.

લૌકિક એટલે શું ? પુષ્ટિમાર્ગમાં લૌકિક- અલૌકિક બહુ પ્રચલિત બનેલો શબ્દ છે. લૌકિક - અલૌકિક વચ્ચેનું અંતર જો વિચારવામાં આવે તો આ વિશ્વમાં કંઈ પણ લૌકિક નામનું છે જ નહીં. વિશ્વ સંપૂર્ણ ઈશ્વરરૂપ છે અને ભગવાન - એક જ તત્ત્વ જુદા જુદા રૂપમાં જગત રૂપે પ્રગટ થયેલા છે. તેમ છતાં પણ આપણામાં રહેલી ભેદ બુદ્ધિ જ જુદા-જુદા તત્ત્વરૂપમાં અનુભવ કરાવે છે. આ ભેદ બુદ્ધિ જ આપણી અંદર રહેલી લૌકિકતા છે. ભેદ બુદ્ધિ એટલે આ હું અને આ બીજો. એક વાત નક્કી છે કે થાંભલામાં અને તમારા શરીરમાં તત્ત્વ તો એક જ છે. આજના કોઈ સારા વૈજ્ઞાનિકને પૂછો તો તે તમને થાંભલા અને તમારા શરીરમાં જે તત્ત્વો છે તેનું વર્ગીકરણ કરીને આપશે તો લગભગ સરખા નિકળશે. આપણું વૈદિક વિજ્ઞાન જેને પાંચ ભાગે વિભક્ત કરે છે એને આજનું વિજ્ઞાન બસો પચાસથી વધારે તત્ત્વો-એલીમેંટ્સના રૂપમાં વિભક્ત કરે છે. જેને આજના વિજ્ઞાને ઘણાં બધા તત્ત્વરૂપમાં જણાવ્યા

છે એ બધાને આપણા ભારતીય વિજ્ઞાને પાંચ ભાગમાં વિભક્ત કરેલા છે આકાશ,વાયુ, તેજ, જલ અને પૃથ્વી. તો એ જ પાંચ તત્ત્વો આ થાંભલામાં છે. અને એ જ પાંચ તત્ત્વો આપણા શરીરમાં છે. છતાં પણ આપણામાં રહેલી ભેદ બુદ્ધિ, આ મારું શરીર અને આ થાંભલો એમ ભાન કરાવે છે. થાંભલામાં આપણે ખીલો ઠોકવા તૈયાર થઈ જઈશું પણ શરીરમાં આપણે ટાંકણી પણ નથી ચુભાવી શકતા. કેમ નથી ચુભાવી શકતા ? કારણ કે એની સાથે આપણી બુદ્ધિ સંલગ્ન હોય છે. જો તમે તમારી બુદ્ધિમાં એમ બેસાડી દો કે હું થાંભલો છું, તો થાંભલામાં પણ ટાંકણી નહીં મારી શકો. શરીર યદ્યપિ જડ છે તેમ છતાં પણ આપણી બુદ્ધિ એની સાથે જડાયેલી છે કે આ હું છું. આપણામાં રહેલી ભેદ બુદ્ધિ હું અને તું આ જ આપણી લૌકિકતા છે. પોતાની જાતને કે બીજાને ભગવાનથી જુદા માનવા એ લૌકિકતા છે. તમે જે ઠાકોરજીની સેવા તમારા ઘરમાં કરો છો તેમાં તમારામાં તો ભેદ બુદ્ધિ એટલી બધી છે કે ભગવાન જુદા છે અને ઠાકોરજી જુદા છે. જો તમારી સામે સાક્ષાત્ ભગવાન આવી જાય તો ગુસ્સો કરો ? જ્યારે તમારા ઠાકોરજી આગળ ગુસ્સે થઈ જવાય છે ને ? ઠાકોરજી અને ભગવાન વચ્ચે પણ ૧૯ અને ૨૦ માનીએ છીએ આ તમારી ૧૯-૨૦ ની માનસિકતા તમને સેવામાં કૃષ્ણ જોવા દેતી નથી. આ જ આપણી લૌકિકતા છે. પોતાના ઠાકોરજી કરતાં અલગ પોતાને અને બીજાને માનવા એ બુદ્ધિ જ આપણી અંદર રહેલી લૌકિકતાને બતાવે છે. ત્યારે ખરેખર આપણી સેવા આપણી ભકિત એ ત્યારે જ બને છે કે જ્યારે આપણી આવી બુદ્ધિનો નાશ થાય. હું, આ દેખાય છે તે અને ઠાકોરજી એ ત્રણે એક જ તત્ત્વ છે. અને તેમાં જે રીતે તમને તમારા હાર્ટ માટે પ્રેમ છે એવો, તમને તમારા ઠાકોરજી માટે થઈ જાય, તમને ડૉક્ટર પૂછે કે તમારું હાર્ટ કાઢી નાંખુ કે તમારી આંખ ? તો જવાબ હશે આંખ. જો હાર્ટ નીકળી જાય તો પછી હું જ નથી રહેવાનો. એવી જ રીતે ઠાકોરજી આપણાં હૃદયમાં આપણું હૃદય

બની જાય, એવી જ્યારે પ્રેમની દશા એવી અભેદ બુદ્ધિ આપણી સિદ્ધ થાય ત્યારે કહેવાય કે આપણે અલૌકિકમાં પ્રવેશ કર્યો છે. ઠાકોરજી કરતાં બીજાને અલગ માનીએ છીએ એટલે જ બીજાને માટે આપણને રાગ-દ્વેષ - ઈર્ષા આ બધા ભાવો પેદા થાય છે. આપણે જ્યારે મંદિરમાં દર્શન કરવા જઈએ છીએ ત્યારે એવો ભાવ હોય છે કે નહી કે બધાના પહેલા હું પહોંચી જાઉં ? હડસેલા મારી - મારીને જઈએ છીએ. બધાની આગળ હું જાઉં. બીજાને દર્શન મળે કે ન મળે મને દર્શન મળવા જોઈએ. એ જે ભેદ બુદ્ધિ છે એ જ આપણી પાસે આવી ક્રિયા કરાવે છે.

જ્યાં સુધી આપણને અલગ દેખાતું હોય ત્યાં સુધી આપણને સમદર્શન અને સમવર્તનનો ભેદ રહેશે. જે દિવસે તમને સરખું દેખાતું થઈ જાય તે દિવસે તમને સમદર્શન અને સમવર્તનના બે ભેદ રહેશે નહીં. પણ જ્યાં સુધી નથી થયું ત્યાં સુધી તમારામાં આ વસ્તુ રહેશે. જ્યાં સુધી તમને ઠાકોરજી, તમારી જાત અને બીજા વૈષ્ણવો, વૈષ્ણવો જ કેમ ? બીજી બધી વ્યક્તિઓ, દુનિયાની કોઈ પણ વ્યક્તિ કે કોઈ પણ વસ્તુને, આ બીજા છે એવો ભાવ હોય ત્યાં સુધી સમદર્શનનો પ્રયત્ન કરવો - સમવર્તન નહી. ધીમે ધીમે તમારી સાધનામાં જે દિવસે બધાને માટે એકસરખો ભાવ, એટલી જ પૂજ્ય બુદ્ધિ, એટલો જ આદર, એટલો જ પ્રેમ હશે ત્યારે તમે સાચા વૈષ્ણવ કહેવાશો. - શ્રીમહાપ્રભુજીએ રામાનંદ પંડિતનો ત્યાગ કર્યો એની પાછળનું કારણ આ જ છે **‘અલી ગોબર જલદી ઉઠાવી લે, વૈષ્ણવો ચોરી લેશે’** એટલે ઠાકોરજીની સેવા, ઠાકોરજી, ગુરુ અને વૈષ્ણવ વચ્ચેનો ભેદ આવ્યો. રામાનંદ પંડિતે જોયું કે આ વૈષ્ણવો એટલે બીજા - ગુરુ એટલે બીજા અને ઠાકોરજી એટલે બીજા. એ બાબત ઉપર એને વૈષ્ણવતાના પાઠ ભણાવવા માટે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે હજુ તું મારો સેવક થયો નથી. મારા, વલ્લભાચાર્યના સેવક તરીકે રહેવું હોય, તો હરિ-ગુરુ - વૈષ્ણવમાં

સમાન આદર અને બુદ્ધિ અને સમાન પ્રીતિ જોઈએ. એટલે વૈષ્ણવો જ્યારે સેવા કરવાનો આરંભ કરે એની સાથે એટલું સમજી લેવું કે તમારે વૈષ્ણવોમાં પણ પૂજ્ય બુદ્ધિ અને આદર બુદ્ધિ કેળવવાની છે. અત્યારે કદાચ તમે દરેક મનુષ્યમાં કેળવી ન શકો તો આજને દિવસે નક્કી કરજો કે વૈષ્ણવોમાં તમારી સમ બુદ્ધિ અને આદર બુદ્ધિ રહે.- કોઈ પણ વૈષ્ણવ છે એમાં તમારો આદર અને પૂજ્ય ભાવ પ્રગટ થવો જોઈએ, અને એમના માટે હીનભાવ જે મગજમાં આવે એને કાઢવાનો પ્રયત્ન કરવો.

(વૈષ્ણવ કોને કહેવા)

હવે વિચારવાનું છે કે વૈષ્ણવ કોને કહેવા ? આધુનિક સમયમાં જે વ્યક્તિએ મહારાજશ્રી પાસે જઈને બ્રહ્મસંબંધ લીધા હોય, કંઠી બાંધી હોય તેને વૈષ્ણવ ગણવામાં આવે છે. અત્યારે આપણી સાધન દશામાં જે જીવ ઠાકોરજીની સેવામાં ઉપયોગમાં આવતા હોય એવા તમામ જીવને વૈષ્ણવ કહેવા. ત્યારે પ્રશ્ન થશે કે ઠાકોરજીની સેવામાં આવતા જલધરીયા - ભીતરીયા - ખવાસ - રસોઈ બનાવનારા એ બધાને વૈષ્ણવ કહેવાય કે નહીં? પૈસા લઈને સેવા કરે છે પૈસા ન ચુકવો તો કહેશે આ અમે ચાલ્યા. જે ગાયનું દુધ ઠાકોરજીને જતું હોય એ ગાયને વૈષ્ણવ કહેવી કે નહીં ? ઠાકોરજી માટે દુધ નથી આપ્યું, એનો ધર્મ જ દુધ આપવું છે. આપણે બીજાના દોષોને સામે રાખીને વૈષ્ણવતાના લક્ષણો જોવાનો પ્રયત્ન કરીએ છીએ. અહીં આપણી ચૂક છે. સામેવાળી વ્યક્તિમાં કેટલા દોષ છે, કેટલી બુરાઈ છે એ નહીં જોતાં ઠાકોરજીની સેવામાં ઉપયોગી છે કે નહીં એ જોઈને એના પ્રત્યે સદ્ભાવ કેળવવો. પછી એ કોઈ પ્રાણી હોય કે મનુષ્ય હોય એ પગાર લે છે માટે સેવા કરે છે એ આપણી દોષદૃષ્ટિ છે. આપણે જેને વૈષ્ણવ તરીકે જોવાના છે તે ઠાકોરજીની સેવા કરે છે કે નહીં, ઠાકોરજીની સેવામાં ઉપયોગી થાય છે કે નહી તે જોવું. તેવા તમામ વ્યક્તિઓ કે તમામ પ્રાણીઓને વૈષ્ણવ ગણવા. ચાહે તો ઠાકોરજીના ઘોડા હોય, ઠાકોરજીના બળદ હોય, ઠાકોરજીની જે પણ વસ્તુ હોય તમામ જીવોને વૈષ્ણવ ગણવા. જે વ્યક્તિ મંદિરની બાજુમાં રહી મંદિરના પતરાળા ઉઠાવતો હોય, ગટર સાફ કરનાર ભંગીને પણ - તે શૂદ્રને જો તમે અવૈષ્ણવ ગણી એની સાથે તિરસ્કાર રાખો તો તમને હજુ સેવા કરવાનો પૂર્ણ અધિકાર મળ્યો નથી. તમે જે શૂદ્રને નથી અડકતાં એમાં તમારી ઉત્તમતાનો વિચાર નહીં પણ મર્યાદાનો વિચાર છે. તમારામાં રહેલી તિરસ્કાર બુદ્ધિ કે હું એનાથી ઊંચો છું એવી બુદ્ધિ નાકના ટેરવાને ચડાવે છે. ધારો કે તમારી કોઈ પ્રિય વ્યકિત ટી.બી.વાળી હોય, કેન્સરવાળી હોય, હોસ્પીટલમાં હોય તે વખતે તેની સાથેના વ્યવહારમાં એક રોગી તરીકેની આપણી મર્યાદા હોય છે. એ મર્યાદા જાળવીએ ના ભાઈ ટી.બી.વાળા છે જો એને અડકીએ એટલે હાથ તો ધોવા પડે. તે વખતે આપણું નાકનું ટેરવું નથી ચડતું ? એટલે જેમ આપણે એક રોગીની મર્યાદાની જાળવણી કરીએ છીએ કે રોગીના કપડાં ન વાપરવા, અડકીને હાથ ધોઈ નાંખવા, રોગીનો સંપર્ક કર્યા પછી નાહી લેવું. આ બધું જ આપણે આપણા જીવનમાં બજાવીએ છીએ એ આપણા બે વચ્ચેની મર્યાદા છે. પરંતુ તે વ્યક્તિ પ્રત્યે આપણા મનમાં તિરસ્કાર નથી હોતો. જો તિરસ્કાર રાખીએ છીએ તો તે આપણી ભૂલ છે. તેથી વૈષ્ણવ તો તે બધાને જ ગણવાનો છે એટલે આપણી આ ભેદ બુદ્ધિને ધીમે ધીમે આપણે સેવા વડે દૂર કરવાની છે અને જ્યાં સુધી આપણામાંથી ભેદ બુદ્ધિ દૂર ન થાય ત્યાં સુધી આપણે દરેકમાં સમદર્શન કરવાનું છે. સમવર્તન કરવાનું નથી. સમદર્શન એટલે બધામાં ભગવાનને જોવાના છે. મર્યાદા છે એ તો ચોક્કસ રાખવાની જ છે. એ મર્યાદાને માટે આપણા પુષ્ટિમાર્ગમાં, આપણી સાધનામાં જે કેટલાક ચોક્કસ નિયમો હરિ - ગુરુ - વૈષ્ણવને સમાન કેવી રીતે લેખવા એ બાબતના નિયમોને જ પ્રોટોકોલ કહેવાય છે. પુષ્ટિમાર્ગીય પ્રોટોકોલ એટલે હરિ - ગુરુ - વૈષ્ણવને ત્રણેને

સમાનતાથી કઈ રીતે જોવા, અને એમાં આપણી કયા પ્રકારની કૃતિ હોવી જોઈએ.

આપણી આ શિબિર અને એમાં પણ પ્રોટોકોલનો વિષય એ કેવળ સાંભળવા માટેનો આપણો પ્રયાસ નથી અને સંભળાવવા માટેનો પણ પ્રયાસ નથી પણ સાંભળવાની સાથે સાથે આપણા જીવનમાં કંઈક સંસ્કારોનો ઉદય થાય તેના માટેનો પણ આ પ્રયત્ન છે. તમે એમ કહેશો કે શું અમે બધા સંસ્કારી નથી ? પણ મારો તમારા પર આક્ષેપ કરવાનો નથી કે તમે સંસ્કારી નથી, પણ ગમે ત્યાં બેસી જવાની, મન ફાવે તેમ ભક્તિ કરવાની આપણી માનસિકતા એ બતાવે છે કે ક્યાંક આપણે ઊણા છીએ. આમ આપણાથી કેમ બને છે ? એનું કારણ શું ? કયો સંસ્કાર આપણામાં ઊણો ઊતર્યો ? જેથી આપણે ગમે ત્યાં બેસી ગયા, ગમે તે રીતે બેસી ગયા? મને એમ લાગે છે કે પ્રમાદ અને સ્વેચ્છાચારી વૃત્તિથી મન ફાવે તેમ કરવાની અને તે રીતે ભક્તિ કરવાની આપણી માનસિકતા કેળવાઈ ગઈ છે. ભાઈ, મને તો ઠાકોરજીની સેવા આમ જ ફાવે છે. એટલે આપણે ઠાકોરજીને આપણી રીતે ફેરવવા માંગીએ છીએ. આપણે ઠાકોરજીની રીતે ફરવા માંગતા નથી. આપણી કોઈ અશક્તિ હોય, આપણી કોઈ લાચારી હોય શારીરિક કે પ્રાસંગિક એમાં આપણે કોઈપણ ભાગના નાના-મોટા ફેરફાર કરીએ એ જુદી વાત છે. પણ એવી કોઈપણ સ્થિતિ નહીં હોય ને તો પણ માત્ર, 'મને આમ ફાવે,' એમ જ કરવાથી તમારામાં આ સંસ્કાર ઉદય નહીં થાય કે, મારે ઠાકોરજીના હિસાબે પોતાની જાતને અને આદતોને બદલવાના છે. તમારા ઘરમાં નવી વહુ આવે ને આવતાંની સાથે જો છણકો ચાલુ કરે કે, 'મને તો આમ જ ફાવે' પછી તમારો ગૃહસ્થાશ્રમ કેવો ચાલે? તો, આપણે બધી નવી વહુઓ છીએ, ઠાકોરજીના ઘરમાં. અને તેમાં જઈને પણ આપણે છણકાઓ જ કરીએ છીએ કે મને તો આમ જ ફાવે. ત્યારે,

બુદ્ધિમાં પહેલો સંસ્કાર એ જરૂરી છે કે જે જગ્યાની જે શિસ્ત હોય, જે જગ્યાના જે નિયમો હોય, જે જગ્યાની જે પદ્ધતિ હોય એને અનુસરીને આપણે આપણા કામો કરવા. અને એક વાત યાદ રાખવી કે, દરેક જગ્યાએ, દરેક ક્ષેત્રમાં, પોતપોતાના નિયમો બનેલા છે અને નિયમો એટલા જ માટે છે કે એ નિયમો આપણી બુદ્ધિને એક રેખામાં વ્યવસ્થિત રાખતા બનાવે છે. એટલે, સૌથી પ્રથમ આપણી જે આ શિબિરોનું આયોજન છે, તેની પાછળ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તોનું વાસ્તવિક જ્ઞાન તેની સાથે-સાથે વૈષ્ણવોમાં વૈષ્ણવતાના સંસ્કારોનું સિંચન આ બન્ને હેતુઓ ને સાથે રાખી આપણે આ શિબિરોનું આયોજન કરીએ છીએ. એટલે, આ વચનામૃત નથી, પણ એમાં તમે જે સાંભળો છો તેની સાથે-સાથે તમારે તમારા જીવનમાં કંઈક એ મુજબ વર્તવાની તૈયારીઓ પણ રાખવી પડશે. એટલે, આ જે પ્રોટોકોલ નો આપણે વિભાગ રાખ્યો છે, તો એમ નહીં માનવું કે અહીં આવી માત્ર શીખીને તમારે ચાલ્યા જવાનું છે. જે કંઈપણ પ્રોટોકોલ તમે અહીં શીખો તેનો અમલ અહીંથી જ ચાલુ કરી દો.

હવે તમે જે સ્કુલમાં જાઓ, કૉલેજમાં જાઓ, કોઇ સંસ્થામાં જાવ, મીલીટ્રીમાં જાવ ત્યાં ત્યાં તે તે સંસ્થાના પોતાના નિયમો હોય છે. દરેક જગ્યાએ પોતપોતાના નિયમો હોય છે. ઘણાં બાળકને કહે છે કે ચાલ ઊભો થઇને બોલ, શા માટે ? બેઠા બેઠા બોલે તો તમને વાંધો છે ? ધ્વજવંદન થઇ રહ્યું હોય તે વખતે ઊભા થઇ શિસ્તથી, આદરપૂર્વક જન ગણ મન.. ગાવું. બધાના પોતપોતાના આદરના નિયમો છે એટલે તમારી કોઇ પણ એક્શન સામેવાળી વ્યક્તિ પ્રત્યે કે વસ્તુ પ્રત્યે તમારા આદરમાં થયેલા ફેરફારને દર્શાવે છે. એટલે આ બધા પ્રોટોકોલ આવ્યા.

(૨) ગુરુ તથા શ્રીઠાકોરજી અંગેના કેટલાક વ્યાવહારિક નિયમો

(૧) સમ્પ્રદાયમાં દરેકના ગુરુ શ્રીમહાપ્રભુજી છે, દરેક વલ્લભકુળ ગુરુદ્વાર છે અને તે બધામાં સમાન આદરભાવ રાખવો -

પ્રત્યેક વૈષ્ણવો માટે દરેક વલ્લભકુળની વ્યક્તિ સમાન આદરણીય છે. સૌથી પહેલી વાત તો પુષ્ટિમાર્ગનો એક પ્રોટોકોલ દરેકે જાણી લેવો જરૂરી છે કે આ સંપ્રદાયમાં તમે બ્રહ્મસંબંધની દીક્ષા ગમે તેના દ્વારા લો પણ દરેક વલ્લભકુળની વ્યકિત સમાન આદરણીય છે. લગભગ પુષ્ટિમાર્ગમાં આજે આ દોષ જોવા મળે છે. આ મારા ગુરુ અને આ તારા ગુરુ. એટલે મારા ગુરુ માટે કંઈક વાત જુદી અને તમારા ગુરુ માટે વાત જુદી. એટલે ગમે તે કોઈ પણ વલ્લભકુળના માધ્યમથી તમે બ્રહ્મસંબંધની દીક્ષા લીધી હોય પરંતુ વલ્લભકુળ પરિવારની તમામ વ્યકિતઓ પ્રત્યે સમાન ભાવ અને સમાન આદર હોવો જરૂરી છે. ધારો કે જીતુભાઈને દડવા ગામમાં અમારા દ્વારા દીક્ષા પ્રાપ્ત થઈ. હવે એમને દીક્ષા આપનાર કોણ ? ચંદ્રગોપાલ ? એમણે દીક્ષા હાથ વડે આપી પગ વડે આપી કે માથા વડે આપી ? શેનાથી-કયા અંગથી આપી ? તો કહીશું વાણીથી. હવે પગને દંડા મારો અને વાણીને કંકુ - અક્ષત ચડાવો. હોઠ-નાક પર તિલક કરો એ બરાબર છે ? એવી જ રીતે આ સંપ્રદાયમાં બ્રહ્મસંબંધ દીક્ષા આપનાર બધાના ગુરુ એક શ્રીવલ્લભાચાર્ય શ્રીમહાપ્રભુજી જ છે. અને બાકીના જે તમામ વલ્લભકુળ પરિવારની વ્યકિત છે એ શ્રીમહાપ્રભુજીના અંશ છે અને એમના દ્વારા તમને દીક્ષા પ્રાપ્ત થાય છે, પણ તમને દીક્ષા આપનાર તો શ્રીમહાપ્રભુજી - શ્રીવલ્લભાચાર્યજી જ છે. એટલે પહેલી વાત કે તમારા ગુરુ કોણ ? તમને કોઈ પણ પૂછે કે તમારા ગુરુ કોણ ? તો મારા ગુરુ શ્રીવલ્લભાચાર્યજી છે. જો તમે આ શબ્દ ન બોલો તો તમે પ્રોટોકોલથી ચૂકયા છો. પુષ્ટિમાર્ગમાં દરેક વૈષ્ણવમાત્રના ગુરુ સ્થાન પર કેવળ એક શ્રીમહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજી જ બિરાજે છે અને બાકીના જેટલા પણ વલ્લકુળ પરિવારના વ્યકિતઓ છે એ બધા જ ગુરુદ્વાર રૂપ છે. ગુરુદ્વાર છે તેથી દ્વારરૂપ દરેકમાં તમારો સમાન ભાવ અને સમાન આદર હોવો જોઇએ. એટલે સૌથી પહેલો પ્રોટોકોલ કે તમને કોઇ પૂછે કે તમારા ગુરુનું નામ ? જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજી. ત્યારબાદ તમને કોઇ પૂછે કે તમારા ગુરુદ્વારનું નામ ? તો તે વખતે જે વલ્લભકુળ પરિવાર તરફથી તમને દીક્ષા મળી હોય એનું તમે નામ આપી શકો. તેમ છતાં પણ તમારો ભાવ અને તમારી શ્રદ્ધા દરેકને માટે એક સરખી જોઇએ. હવે એક વાત નક્કી કે જ્યારે આપણે સમાન ભાવ રાખીએ, તે સ્થિતિમાં તમે નક્કી કર્યું કે મારા જન્મ દિવસે કે દિવાળીના દિવસે મારે અમારા ગુરુને ભેટ મુકવી છે. ત્યારે એક વાત આવે છે કે આખા વલ્લભકુળને મનીઓર્ડર કરવું કે શું કરવું ? સમદર્શન અને સમવર્તન એ વિકલ્પ અહીં પણ આવે છે. જો તમે પચાસ રૂપિયાનું મનીઓર્ડર કરવા જાવ તો આજે બસોની સંખ્યામાં વલ્લભકુળ છે. તો તે વખતે તમારા પાકીટમાંથી ખાલી કેટલા થાય ? તે વખતે જે તમને દીક્ષાદાતા ગુરુદ્વાર છે ત્યાં તમારી શ્રધ્ધા - આદર આ રીતે અભિવ્યકત કરો એમાં કોઈ આપત્તિ નથી. તમારે બધી જ જગ્યાએ દોડવાની જરૂર નથી. પરંતુ આદર અને સદ્ભાવ દરેક જગ્યાએ સમાન જોઇએ. કોઇનામાં વધારે અને કોઇનામાં ઓછો નહી.

(૨) કોઈ પણ વલ્લભકુળની વ્યક્તિ સભા - ઘર વગેરેમાં પધારે ત્યારે ઊભા થઈ આદર આપવો -

ત્યારબાદ પોતાના ગુરુદ્વાર, યા કોઈ પણ વલ્લભકુળ પરિવારની વ્યક્તિ જ્યારે પણ તમારા ઘરે પધારે, સભામાં આવે, પ્રવચન કરવા

પધારે ત્યારે દરેકે ઊભા થઈ આદર આપવો જોઈએ. ત્યાંને ત્યાં બેઠા રહેવું એ આપણા પ્રોટોકોલની વિરૂદ્ધમાં છે. તમારા ઘરે પણ કોઈ વલ્લભકુળની વ્યક્તિ પધારે તો તમારે ઊભા થઈને આદર આપવો. ધારો કે તમારે ત્યાં તમારા માસી કે મામા આવે ત્યારે, આવો માસી, આવો મામા માત્ર એટલું બોલી બેઠા રહેશો ? કે ઊભા થઈ એમનું સ્વાગત કરશો ? દરેક વ્યક્તિએ આવી રીતે પોતાનો પ્રેમ અને આદર અભિવ્યકત કરવા માટે આજ પ્રોટોકોલ છે. એટલે દરેક વ્યક્તિએ ઊભા થઈને આદર આપવો.

(૩) શ્રીવલ્લભકુળના કોઈ પધારે છતાં પણ ક્યારે ઊભા ન થવું - ઊભા કયારે થવું અને કયારે ન થવું.

ફકત એક જ સ્થાન એવું છે કે જે વખતે તમારા ગુરુસ્થાનીય વ્યક્તિ પધારે તો પણ તમારે તાત્કાલીક ઊભા ન થવું. અને એ છે તમારી ઠાકોરજીની સેવા. ધારો કે તમે ઠાકોરજીની-સ્વરૂપની કોઈ અંગત સેવા કરી રહ્યા છો, તમે ઠાકોરજીને સ્નાન કરાવી રહ્યા છો અથવા તો શણગાર ધરાવી રહ્યા છો તો તે વખતે જો કોઈ વલ્લભકુળની વ્યક્તિ તમારા ઘરમાં પધારે તો તમારે શું કરવું ? તે વખતે ઠાકોરજીની સેવા છોડી અને ઊભા થવું તમારો ધર્મ નથી અને આટલો વિવેક દરેક ગુરુસ્થાનીયોએ પણ સમજવો જોઈએ કે અત્યારે આ ઠાકોરજીની સેવામાં બેઠા છે માટે એણે ઊભા ન થવું જોઈએ. થવા માંગે તો કહેવું કે જો ભાઈ તું ઠાકોરજીની સેવા ન છોડ.

(૪) શ્રીઠાકોરજીના સમક્ષ ગુરુ-વૈષ્ણવ કે વડીલ ને દંડવત-પ્રણામ-જયશ્રીકૃષ્ણ વગેરે ન બોલાય -

બીજી વસ્તુ કે ઠાકોરજીની તમે જ્યારે સેવા કરી રહ્યા હો તે વખતે સેવા કરતાં કરતાં ગુરુ પધારે ત્યારે હાથ તો જોડાય નહીં જ પણ મુખથી પણ ‘જે જે દંડવત’ એમ બોલાય નહીં ઠાકોરજીની આગળ કોઈ પણ વ્યક્તિ પૂજ્ય નથી. એકલા ઠાકોરજી જ પૂજ્ય છે. એટલે ઠાકોરજીની આગળ કોઈને દંડવત કે પ્રણામ એવા કોઈ પણ શબ્દનો ઉચ્ચાર થાય નહીં. તેમજ કોઈ વૈષણવને જયશ્રીકૃષ્ણ થાય નહીં.

(૫) ગુરુજનો કે શ્રીઠાકોરજી સમક્ષ અદબવાળી ઊભા ન રહેવું -

અદબવાળીને ઊભા રહેવું આપણાં પ્રોટોકોલની વિરૂદ્ધ છે. કેમ ન ઊભા રહેવાય ? કારણ એ છે કે આ મુદ્રા અહંકારની છે. બુદ્ધિમાં રહેલ સમથિંગનેસ-હું કાંઈ છું એવી અહંકારની અભિવ્યકિત છે. એટલે પોતાના ગુરુ સામે કે ઠાકોરજી સામે અદબવાળીને ન ઊભા રહેવું. બલ્કે આ નિયમ તો હું માનું છું ત્યાં સુધી ધ્વજવંદનમાં પણ આવે છે. તમે જ્યારે ધ્વજ વંદન કરવા જાવ અને અદબવાળીને ઊભા રહો તો મિલિટરીનો માણસ આવે તો તમારા પગ કચડી નાંખે. આ નિયમ લોકસભામાં પણ છે. જે વખતે રાષ્ટ્રપતિ સભામાં આવે ત્યારે કોઈ વ્યક્તિ અદબવાળીને ઊભા નથી રહી શકતા. એ એમની શિસ્ત છે. તે જ રીતે પોતાના ગુરુજનોની સામે કે પોતાના ઠાકોરજી સામે અદબવાળીને ઊભા રહેવું નહીં કે તેમ બેસવું પણ નહી.

(૬) ગુરુજનો-શ્રીઠાકોરજી સમક્ષ પાછળ હાથ રાખી ઊભા ન રહેવું -

તે ઉપરાંત ઘણી વાર લોકો બીજી એક ભૂલ કરે છે કે પાછળ હાથ રાખીને ઊભા રહે છે. આમ પોતાના ગુરુ પધાર્યા હોય ત્યારે અથવા ઠાકોરજીના દર્શન કરતી વખતે, હાથ પાછળ રાખવાની મુદ્રા પણ આપણા પ્રોટોકોલની વિરૂદ્ધ છે. આ મુદ્રા સામેવાળા પ્રત્યેની માનસિક

બેદરકારી દર્શાવે છે.

(૭) ગુરુજનો-શ્રીઠાકોરજી સમક્ષ પગ પર પગ ચઢાવી બેસવું નહીં. -

પોતાના ગુરુની સમક્ષ કે પ્રભુ સમક્ષ પગ ઉપર પગ ચડાવી બેસવું પ્રોટોકોલ વિરૂદ્ધ છે. આ મુદ્રામાં દીનતાની જગ્યાએ સમાનભાવનો અહંકાર ઝળકે છે.

(૮) કોઈ પણ વલ્લભકુળ પરિવારની વ્યક્તિ માટે 'તમે' શબ્દનો પ્રયોગ ન કરી 'આપ' શબ્દનો પ્રયોગ કરવો.

કોઈપણ વલ્લભકુળ પરિવારની વ્યક્તિ ને માટે **'તમે'** શબ્દનો પ્રયોગ કરવો નહીં. તેની જગ્યાએ તમે શું બોલશો? ત્યાં **'આપ'** શબ્દનો પ્રયોગ કરવો. કારણ કે, 'તમે' એ 'તું' નુ બહુવચન છે. આ માટે સંસ્કૃત ભાષામાં બે શબ્દો આવે છે. એક યુષ્મદ્ શબ્દ અને બીજો ભવત્ શબ્દ. ત્વમ્, યુવામ્, યુયમ્ માં ત્વમ્ - એટલે તું. યુવામ્ એટલે જ્યારે બે વ્યક્તિઓ હોય ત્યારે યુવામ્ પ્રયોગ થાય છે. ગુજરાતીમાં એકવચન અને બહુવચન બસ બે જ છે. અંગ્રેજીમાં પણ બે જ છે. એક ફક્ત સંસ્કૃત ભાષા એવી છે કે જેમાં ત્રણ વચનો છે. એટલે, ત્વમ્-એટલે તું. યુવામ્ એટલે તમે બે. બે થી વધારે જ્યારે કોઈપણ આવે ત્યારે તે જ તુકાર ત્રણમાં બદલાઈને 'તમે' થઈ જાય છે. એટલે 'તમે' કહેવાથી તમારે એમ નહીં માનવું કે તમે એને માન આપ્યું. તમે, એ તું કારનું જ બહુવચન છે. આદરપૂર્ણ ઉચ્ચારણ માટે સંસ્કૃતમાં ભવત્ એમ જુદો જ શબ્દ છે, ભવાન્, ભવન્તૌ, ભવન્તઃ એમ રૂપ ચાલે છે. ભવાન્ એટલે કે 'આપ'. 'આપ' શબ્દ છે તે 'તુ'નું બહુવચન નથી. એટલે, 'તમે' કહો કે 'તું' કહો આખરે તો તુંકાર જ માત્ર છે. 'તું ચંદ્રગોપાલ અહીં આવ. કે તમે

ચંદ્રગોપાલ અહીં આવો. એમાં મૂળ તો તમે તુંકાર જ કર્યો છે. આપણી બુદ્ધિમાં રહેલા વ્યક્તિ માટેના આદર-અનાદર વગેરે ભાવોના દ્યોતક આ શબ્દો છે. આપણા જ હૃદયના ભાવો આપણી વાણી દ્વારા હૃદયમાંથી બહાર નીકળતા હોય છે. પુરૂષના મન બુદ્ધિમાં રહેલું જે કંઈ પણ હોય છે તે જ તેની વાણીમાં આવે છે અને જે વાણીથી બોલે છે અને એ જ તેની ક્રિયામાં આવે છે. એટલે, કે તમારી બુદ્ધિમાં અજ્ઞાત રૂપમાં રહેલો જે અનાદર ભાવ છે એ તમારી ક્રિયામાં ધીમે ધીમે ઊતરતો જાય છે. અને એ તમારી ક્રિયામાં ક્યાં આવ્યો ? ધારો કે, ગુરુજનો ખુરશીમાં બેઠા છે અને તમારામાંથી બે જણ આવ્યા. અને ગુરુજનો કહે કે આવો આવો બેસો બેસો. તો તમને સંકોચ થતો નથી કે 'મારાથી ખુરશી પર બેસાય કે ના બેસાય ?' કેમ નથી થતો ? તમારા માતા-પિતાને તમે જ્યારે મળવા જાવ અને એ લોકો કહે, આવ આવ બેટા, મને આશીર્વાદ આપ.' તો શું તમે તેમના માથા પર હાથ મૂકી દેશો ? તો તમે શું કહેશો ? 'અરે, હોય ? અમારાથી આવું થાય ? અમારાથી કંઈ મા-બાપને આશીર્વાદ અપાય ? ત્યાં પણ મા-બાપે કહયું છે છતાં પણ તમને સંકોચ થાય છે. કેમ સંકોચ થાય છે ? કારણ કે, તમારી બુદ્ધિમાં મા-બાપ પ્રત્યેનો જે આદર છે તે આદર તમને કહે છે કે ના, ના આવું તે કંઈ થાય ? ગુરુજનો પ્રત્યે તમારા મનમાં જે ભાવ રહેલો છે તે તમને ફટાક દઈને ખુરશીમાં બેસાડી દે છે. એટલે, તમારી એક નાની અમથી બોલવામાં આવતી ભૂલ એ તમને ક્યાંથી ક્યાં લઈ જાય છે ? આજે નહીં, કાલાંતરે, લાંબાગાળે તમને તમારા માર્ગથી ચ્યુત કરી નાખે છે.

(૯) ભગવાન કે ગુરુને પાછળથી પ્રણામ ન કરવા

ગુરુ અને ભગવાનના મુખમાંથી નીકળતા જે પવિત્ર કિરણો છે એ કિરણોને આપણે ધારણ કરવાના છે. એટલા જ માટે આપણે ત્યાં

કહેવાય છે કે 'મંગલ મુખી સદા સુખી' મુખ એટલે સામેનો ભાગ. પીઠ એટલે પૃષ્ઠ-પાછળનો ભાગ. ગુરુ અને ભગવાન પાસેથી હમેશાં એમના પવિત્ર કિરણોને, બૌદ્ધિક-વૈચારિક કિરણોને, એમનામાંથી જે ભાવનાના પ્રકટ થતાં કિરણો છે તેને આપણે ગ્રહણ કરવાના છે. તેથી **ભગવાન કે ગુરૂને પાછળથી પ્રણામ ન કરાય** આટલો વિવેક દરેકે સમજી લેવો.

(૧૦) ગુરુ કે ભગવાનને એંઠા હાથે પ્રણામ ન કરવા -

એંઠા હાથે પ્રણામ ન કરાય. આપણે જમવા બેઠા છીએ કે નાસ્તો પાણી કરી રહ્યા છીએ કે ચા પી રહ્યા છીએ. હવે ધારો કે તમે ચા પી રહ્યા છો, ચા પીતા પીતા તમારા હાથ એંઠા થયા, આ વાત મારે ખાસ કરીને ગુજરાતીઓને કહેવાની છે કે તમે ગ્લાસ પકડ્યો અને ગ્લાસને તમે હોઠથી અડકાડ્યો. તમે કહેશો ગ્લાસ એંઠો છે પણ હાથ ચોખ્ખા છે. પણ જેનાથી પરંપરાથી અશુદ્ધિ આવેલી હોય તો તે પણ અશુદ્ધ કહેવાય. તમે ચા પીને ગ્લાસ આ ટેબલ પર મૂક્યો એટલે એ ટેબલ પણ આચાર શાસ્ત્રની દષ્ટિએ એંઠુ થઈ ગયું. એક વખત મુંબઈમાં આજથી લગભગ સત્તર-અઢાર વર્ષ પૂર્વની વાત છે એક વૈષ્ણવને ત્યાં મારે જવાનું થયું. વૈષ્ણવ બહુ ચુસ્ત, સંપ્રદાયના જાણકાર, સેવામાં બહુ ભાવવાળા અને બીજા શબ્દોમાં કહું તો પ.ભ., પ.ભ. એટલે શું સમજી ગયાને ? પરમ ભવાડેબાજ. જે લોકો જીવનમાં ભક્તિની જગ્યાએ ભવાડા જ કરતા હોય છે એમાં જે પરમ થઈ ગયા છે તેવા લોકો એમને ત્યાં મારે જવાનો પ્રંસંગ આવ્યો. હું બેઠો એટલે તેઓ એક ટેબલ ખેંચી લાવ્યાને એનાં ઉપર સૂકોમેવો પેંડા, વગેરે એવી કંઈ પચ્ચીસ જાતની વસ્તુ મૂકી દીધી. એમણે કહ્યું જે જે આપ આરોગો કંઈક. મેં કહ્યું મને અનુકૂળ નથી માટે હું કાંઈ નહીં લઉં. એમણે કહ્યું અમારે ત્યાં તો બહુ ચોખ્ખું - બહુ અપરસ, સાથે આવેલા બીજા કહેવા લાગ્યા આ તો બહુ ભગવદીય, આપણા કટ્ટર-ચુસ્ત વૈષ્ણવ છે. અહીં તો શુદ્ધતા અને અપરસ બહુ જ જળવાય છે. મેં કહ્યું બધું જ સાચું પણ મને લેવાની ઈચ્છા નથી. મેં એક નિયમ રાખ્યો છે કે પોતાના ઘરેથી નીકળ્યા પછી કોઈ પણ જગ્યાએ જાઉં તો એક એલાયચીનો દાણો પણ ન લેવો. એટલા માટે કે એક નન્નો સો દુઃખને ટાળે. કોને હા કહેવી અને કોને ના કહેવી. એના કરતાં એક નિયમ રાખ્યો કે ગમે તે, શુદ્ધ હોય કે પવિત્ર હોય કે અપવિત્ર હોય કોઈ પણ જગ્યાએ એક દાણો પણ લેવો નહીં. એટલે બહેન કહે ના ના જે જે આપ કેમ નહીં આરોગો અમારે ત્યાં તો બધા જ બાળકો આરોગે છે. મેં કહ્યું બધા આરોગતા હશે. મને કોઈની સામે વિરોધ નથી. પણ મારો નિયમ આવો છે કે હું નથી લેતો. એમણે કહ્યું ચોખ્ખું હોય તો આપ કેમ નહીં લો ? જ્યારે બહુ બોલવા લાગ્યાને ત્યારે મને થયું કે લાવ થોડું સમજાવી દઉં કે આ કેવું ચોખ્ખું છે ? એટલે મેં એમને પૂછ્યું તમે જે આ ટેબલ ખેંચીને લાવ્યા, રેશમી રૂમાલ છે ચાંદીના વાસણો છે પણ મને તમે સાચું કહો કે આ જે ટેબલ તમે અહીં ખેચીને લાવ્યા એ ટેબલનો તમે શું ઉપયોગ કરો છો ? એમણે કહ્યું ડાઈનિંગ ટેબલ, મેં પૂછ્યું આ ડાઈનિંગ ટેબલ પર તમે શું શું કરો છો ? એમણે કહ્યું અમે જમીએ છીએ, ચા-નાસ્તો કરીએ છીએ બધું જ કરીએ છીએ. મેં પૂછ્યું છેલ્લું આના પર તમે શુ કરેલું ? છેલ્લે ચા-નાસ્તો કરેલો. મેં પૂછ્યું ચા-નાસ્તો કરીને પછી મૂક્યું તો આના ઉપરજ ને ? ઉત્તર હતો હા આના પર જ. મેં પ્રશ્ન કર્યો પાણી ફેરવેલું ? ઉત્તર હતો ના. અમે બીજું કાંઈ કર્યું જ નથી. ત્યારે મેં કહ્યું પણ તમારો એંઠો હાથ, એંઠો ગ્લાસ, એંઠા વાસણ બધું એના પર મૂક્યા અને તમે કહો છો કે આ ચોખ્ખું છે, તો મારે કેવી રીતે માની લેવું ? તેથી જે વસ્તુ પરંપરાથી કે સીધી રીતે એંઠી થાય એ અશુદ્ધ થયેલી કહેવાય. સીધી એટલે મોઢામાં આંગળી ઘાલી તે અશુદ્ધ કહેવાય. અને તમે ગ્લાસ

મોઢામાં મૂક્યો અને તે હાથમાં પકડ્યો છે માટે હાથ એંઠો થયેલો કહેવાય, એંઠો ગ્લાસ જ્યાં મૂક્યો તે જગ્યા પણ એંઠી કહેવાય. આ પરમ્પરાથી અશુદ્ધિ છે. માટે એંઠા હાથે પ્રણામ થાય નહીં. ઘણા ખરાં વૈષ્ણવો આવું કરે છે જમવા બેઠા હોય અને કોઈ બાળક પધારે તો એંઠા ઊંધા હાથે પ્રણામે કરી મુખથી બોલે જે જે દંડવત.

(૧૧) ગુરુ - ભગવાનને ઊંધા હાથે પ્રણામ ન કરવા -

ઊંધા હાથે પ્રણામ ન થાય. આ રીતે તો પ્રણામનું ઊંધાપણું થઈ ગયુ. ખરેખર શાસ્ત્રીય નિયમથી તો તમે જ્યારે જમવા બેઠા હો કે તમારા હાથ એંઠા હોય તે વખતે જે જે દંડવત એ બોલવું પણ દોષ છે. કારણ કે પ્રણામ એ પૂજાનું અંગ છે. તમે જે પૂજા કરો છો એનું મહત્ત્વપૂર્ણ એક અંગ પ્રણામ છે અને પૂજા કોઈ દિવસ પણ એંઠા હાથે થાય નહી. માટે એંઠા હાથે કે ઊંધા હાથે પ્રણામ ન કરવા. આ સભ્યતા કેવળ આપણા પુષ્ટિમાર્ગમાં જ નહીં, પણ જ્યાં સુધી હું માનું છું ત્યાં સુધી આ સભ્યતા તો આપણી રાષ્ટ્રીય સભ્યતામાં પણ સ્વીકારાયેલી છે.

(૧૨) ગુરુને દંડવત કરવાનો પ્રકાર -

હવે આવે છે દંડવતની વાત. દંડવત બે પ્રકારે થાય છે એક કેવળ દંડવત કરવા અને એક બોલીને દંડવત કરવા. કેવલ દંડવત એ ઉતરતો પ્રકાર છે.અને બોલીને કરેલા દંડવત એ શ્રેષ્ઠ પ્રકાર છે. બોલીને એટલે જે જે દંડવત એમ મુખથી બોલીને દંડવતની ક્રિયા કરવી. ક્રિયા અને વાણી બેનું આમાં એકીકરણ છે. આપણી વૈદિક - પ્રાચીન સંસ્કૃતિમાં અભિવાદન ઉચ્ચારીને કરવામાં આવે છે. કોઈનું પણ અભિવાદન કરવું હોય તો એનું ઉચ્ચારણ કરીને કરાય. મુખથી ઉચ્ચારણ કર્યા વિના પ્રતિવ્યક્તિનું અભિવાદન થઈ શકતું નથી. કારણ કે શબ્દ જ અભિવાદન

છે. ધારોકે તમારા પર કોઈએ ઉપકાર કર્યો, તમે તરત બોલો છો કે બોલ્યા વિના ચલાવી લો છો ? થોડું હસીને ચાલતી પકડો તો પેલો ઉપકાર કરનાર માણસ કહેશે આ કેવો માણસ છે ખાલી આમ હસીને ચાલ્યો ગયો, થેંકસ પણ ન બોલ્યો. અભિવાદન એ કોઈ પણ વસ્તુની સ્વીકૃતિ છે. એ વાણીથી ઉચ્ચાર કર્યા વિના અપૂર્ણ છે. આ વાત કેવળ તમારા - વૈષ્ણવો માટે જ છે એવું નથી. આ નિયમ ગુરુજનો માટે પણ છે. વૈષ્ણવો જ્યારે દંડવત કરે ત્યારે ગુરુજનોએ પણ આશીર્વાદ ઉચ્ચારવું જરૂરી છે. જેમ વૈષ્ણવોએ બોલીને દંડવત કરવા ઉત્તમ પ્રકાર છે, તેમ ગુરુજનોએ પણ બોલીને જ આશીર્વાદ આપવા એ ઉત્તમ પ્રકાર છે. બંનેના પારસ્પરિક ઉચ્ચારણો આપણી વૈદિક સંસ્કૃતિની પરંપરામાં અપેક્ષિત છે. તેવી જ રીતે દંડવત અને આશીર્વાદ વાણીના વિષય બનવા જોઈએ. મુદ્રા અને વાણી બેના સમાગમથી ક્રિયા વધારે પ્રકૃષ્ટ બને છે, આ એનું વિજ્ઞાન છે. પ્રણામ અને આશીર્વાદ આ બંને મુદ્રા છે એ મુદ્રાની પ્રકૃષ્ટતા વાણીના સંયોગથી વધારે મજબૂત - બળવાન થાય છે. એટલે મા-બાપ ના પણ આશીર્વાદ મુખથી બોલાવીને લેજો. માના મુખથી બોલાયેલ આશીર્વાદ છે તે તમારી સાથે એવા ચોંટી જશે કે તમારું કલ્યાણ કરીને જ રહેશે. એટલે દંડવત એ મુખથી બોલીને કરવા અને આશીર્વાદ પણ મુખથી બોલીને આપવા. પણ આમાં એટલો વિવેક રાખવો કે પ્રવચનમાં જાઓ ત્યારે ચાલૂ પ્રવચને જે જે દંડવત, એમ બોલી પ્રવચનમાં વિક્ષેપ પણ ન કરવો.

(૧૩) ફક્ત મુખથી દંડવત બોલીને નહીં, પણ માથું ઝુકાવી પ્રણામ મુદ્રા સહ દંડવત એમ મુખથી બોલીને દંડવત કરવા જોઈએ -

હવે આ સમયે બીજી એક વાતની સ્પષ્ટતા જરૂરી છે કે લોકો હાથ જોડે નહીં. માથુ ઝુકાવે નહીં, અને માત્ર મુખથી જ બોલે જે જે દંડવત.

અલા ભાઈ કઈ જાતના તેં દંડવત કર્યા ? તમે જુઓ છો ને ઘણી વખત કેટલાક લોકો જે જે દંડવત માત્ર આટલું જ વાણીથી બોલી શાન્ત થઈ જાય. અલા, નતો તારા હાથ ઊઠ્યા, ન તો તારું માથું ઝૂક્યું - આ કેવા દંડવત? આપણે ત્યાં નમસ્તે બોલાતું નથી. આપણે ત્યાં નમસ્કાર છે નમસ્કૃતિ છે. નમસ્તેમાં શુભાશંસા છે અને નમસ્કારમાં નમવાની કૃતિ છે. આ બે માં આટલું અંતર છે. એકમાં હૃદયની શુભ ભાવના છે અને બીજામાં શુભ ભાવના અનુસારનું આચરણ છે, બે માં જે અંતર છે તે નસ્કાર અને નમસ્તે શબ્દમાં છે. આપણા માતા-પિતાને પણ નમસ્તે ન થાય, આપણે ત્યાં નમસ્કૃતિ છે તે કેવળ વાણીનો વિષય નહીં, કેવળ શુભાશંસા નહીં પણ નમઃ કૃતિમાં આવવું જોઈએ અને નમઃ એટલે પ્રહ્વીભાવ. એટલે કે અતિશય ઝૂકી ગયેલો ભાવ-મનનો અતિશય ઝુકેલો જે ભાવ એને નમઃ થી અભિવ્યક્ત થાય છે. સામેવાળાના ચરણમાં અતિશય ઝુકેલું છે આપણું મન એને નમઃ શબ્દથી વાણી દ્વારા અભિવ્યક્ત થાય છે અને નમસ્કારની મુદ્રા દ્વારા તેને આચરણમાં મૂકવામાં આવે છે. એટલે હૃદયમાં એ પ્રહ્વીભાવ તો રહેવો જ જોઈએ. ઝુકેલો ભાવ છે એ ભાવની અભિવ્યક્તિ માટે કેવલ વાણીથી જ તમે બોલો, જે જે દંડવત એટલું પર્યાપ્ત નથી. તે વખતે અનાયાસ તમારી છાતી ખેંચાઈ જાય છે, ગરદન પણ ટેઢી થઈ જાય છે. મનુષ્યની અંદર ફૂટી ફૂટીને ભરેલો જે અહંકાર, મનુષ્યના શરીરમાં, બુદ્ધિમાં અને મનમાં દબાવી - દબાવીને ભરેલો જે રાવણ' રૂપ અહંકાર તેનાથી બનેલી 'હું કંઈ છું' ની માન્યતા જ કેવળ મોઢેથી દંડવત શબ્દ બોલાવે છે. આ વ્યવહાર વ્રજવાસીઓમાં વધારે જોવા મળે છે. દંડવત મોઢેથી જ માત્ર નહી પણ ક્રિયામાં પણ હોવા જોઈએ. મનનાં પ્રહ્વી ભાવ હોય, ઝુકેલો આદર હોય, વાણી બોલતી હોય અને ક્રિયા એને કરતી હોય એથી એક સરખાપણું ઉત્પન્ન થાય છે. એટલે દંડવત પણ હમેંશા આ પ્રમાણે કરવા.

(૧૪) સાષ્ટાંગ (લાંબા થઈને) દંડવત સ્ત્રીઓથી ન થઈ શકે -

સાષ્ટાંગ દંડવત સ્ત્રીઓથી થતા નથી. તેથી સ્ત્રીઓએ ઘુંટણવાળીને થતા દંડવત કરવા. સાષ્ટાંગ દંડવત સ્ત્રીઓથી કેમ નથી થતા ? એની પાછળ એક ભારતીય વિજ્ઞાન કે ભારતીય માન્યતા કારણભૂત છે. બે વસ્તુઓ પૃથ્વી પર ભાર વધારનારી છે એવી એક વૈદિક માન્યતા છે. બે વસ્તુ પૃથ્વી પર ભાર વધારે છે તેથી એનો પૃથ્વી સાથે સંયોગ થવો ન જોઈએ. જો પૃથ્વી સાથે સ્પર્શ થાય તો એ બે વસ્તુથી પૃથ્વી પર ભાર વધે છે. બ્રાહ્મણની ગુદા અને સ્ત્રીઓના સ્તન આ બે વસ્તુનો પૃથ્વી સાથે સંબંધ ન થવો જોઈએ માટે બ્રાહ્મણે પૃથ્વી પર આસન બીછાવીને બેસવું એમ વૈદિક સંસ્કૃતિનો નિયમ છે. સ્ત્રીઓ જ્યારે દંડવતી પરિક્રમા કરવા જાય ત્યારે પડખેથી લાંબા પડીને લાંબા હાથ કરીને કરતા હોય છે. પડખું જમીન પર જાય અને હાથ લાંબા થાય. એ પણ દંડવતની જ ભાવનાથી થાય છે. આમાં કોઈ વિક્ષેપ આવતો નથી. પણ સીધા લાંબા થઈને એ જાતના દંડવત સ્ત્રીઓથી થતા નથી.

(૧૫) ગુરુજનોને પ્રશ્ન પૂછવા અંગેના નિયમો -

છાતી કાઢી, કમર પર હાથ મૂકી, ડોક વાંકી રાખી, ઊંચી કરી પૂછવામાં આવે કે મહારાજશ્રી મારે તમને એક સવાલ પૂછવો છે. આ મુદ્રાથી ગુરુના મન પર શો પ્રભાવ પડશે ? એ જ પડશે કે પૂછનારામાં અંહકાર તો છે, એ એવું માને છે કે ગુરુ ઓછું જાણે છે, હું વધારે જાણું છું. એને જ્યારે ખાતરી છે કે હું ગુરુ કરતાં વધારે જાણું છું, ત્યારે એણે મને પૂછવાની શી જરૂર છે ? આ મુદ્રા તો 'ચાલો ભાઈ બોલો જોઉં આનો શો અર્થ થાય ?' એમ આ પ્રકાર પરીક્ષા કરવાનો છે. મતલબ કે તમે જાણો કે ન જાણો હું તો જાણું જ છું. ગુરુને પ્રશ્ન પૂછો ત્યારે સૌથી પહેલાં તમારે જે પૂછવું છે તે બાબત એ નક્કી કરી નાંખો કે આ

વ્યક્તિથી મને ઉત્તર મળશે કે નહીં ? એવી જો તમારી શ્રદ્ધા - આદર, તમારી બુદ્ધિમાં વિશ્વાસ થાય કે અહીંથી આપણને કંઈક વધારે જાણવાનું મળશે તો જ પૂછવું. નહીં તો પૂછવા જવું જ નહીં. કોઈની પરીક્ષા લેવાનો તમને અધિકાર નથી. કોઈ સ્કૂલમાં તો તમને નીમ્યા નથી કે તમે બધા જ ગુરુઓની પરીક્ષા લો. તમારે પૂછવું છે તો જ્યાં તમારી શ્રદ્ધા આદર થાય ત્યાં પૂછો. ત્યારે ભગવાન કહે છે આવી રીતે પ્રશ્ન ન પૂછતા. **'તદ્ વિદ્ધિ પ્રણિપાતેન'** - પહેલાં ગુરુમાં પૂર્ણ આદર બુદ્ધિ અભિવ્યકત કરીને, પ્રણિપાતનો અહીં અર્થ છે જેને પ્રશ્ન કરવામાં આવે તેના પ્રત્યે પોતાનામાં ગુરુભાવ હોવો જોઈએ કે આ ગુરુ છે, આ શ્રેષ્ઠ છે, આ વિદ્વાન છે, આ જાણકાર છે, આનાથી મને ઉત્તર મળશે. એના પ્રત્યે પૂર્ણ આદર-ભાવ રાખીને **તદ્ વિદ્ધિ** જિજ્ઞાસા દર્શાવો. એટલે સૌથી પ્રથમ તમારા ગુરુસ્થાનીય વ્યકિત પ્રત્યે તમારો આદર અને સદ્ભાવ જરૂરી છે. એટલે જ્યારે પણ તમે તમારા ગુરુની સામે પ્રવચન સાંભળવા બેસો કે એમની સામે જાવ ત્યારે તમારી આ પ્રકારની મુદ્રાઓ ન હોવી જોઈએ. જેમ કે પગ પર પગ ચઢાવીને બેસવું. કેટલાક વૈષ્ણવો - વ્યકિતઓ મેં એવા પણ જોયા છે કે અમારી સામે આવે તો પદ્માસનમાં બેસે. પછી મારે કહેવું પડે કે ભાઈ તારું પદ્માસન છોડ ને ? અત્યારે તારે કયાં યોગા કરવાના છે ? સીધી રીતે પલાઠી વાળીને બેસવું. આ તો આપણા પ્રવચનમાં પણ આ પ્રોટોકોલ આવી જાય છે. તમે ધીરે ધીરે આ રીતે આદત પાડો.

(૧૬) ગુરુ-ભગવાન સમક્ષ શું ગાવું અને શું ન ગાવું.

ગુરૂ સમક્ષ અને શ્રી ઠાકોરજી સમક્ષ કેટલિક ક્રિયાઓ ન કરવી એવી આપણી ભક્તિમાર્ગીય સભ્યતા છે અને ભારતીય સંસ્કૃતિની પણ સભ્યતા છે. બલકે આપણી આ શિબિરમાં અત્યારે મેં ગુરુ અને શ્રીઠાકોરજીનું જ નામ લીધું છે પણ ભારતીય પરંપરામાં તો આ નિયમ પોતાના વડીલો માટે પણ છે. અને એ છે પોતાના ગુરુ કે ઠાકોરજી સમક્ષ ગાયનો લલકારવા કે ગુનગુનાવવા એ અપરાધ છે. ભક્તિના માધ્યમથી ભક્તિને અર્થે ગાવામાં આવેલા કીર્તનો-ભજનો એ તો ભક્તિનો પ્રકાર છે પણ આપણે આપણી મોજમાં બાથરૂમ સીંગરની માફક કોઈ પણ ગાયનો ગાઈએ કે ગુનગુનાવીએ એ દોષ છે. બલકે હું તો એમ કહેવા માંગુ છુ કે ઠાકોરજીની સેવામાં કીર્તન ગાવા, નહીં તો ચુપ રહેવું પણ ગુનગુનાવવું નહીં. યા તો બોલીને કીર્તન ગાવ, નહીં તો પછી કંઈ પણ બોલ્યા ચાલ્યા વગર એનું મનમાં રટણ કરો. પરંતુ ગુનગુનાવવું એ સેવામાં દોષ છે. તેમાં પણ ખાસ કરીને સીનેમાના ગાયનો, લૌકિક ધુનો એને તો સર્વથા વર્જ્ય કરવા. વધુમાં સીનેમામાં વપરાયેલા જે ભજનો એટલે કે સીનેમામાં આવતા ભજન પ્રકારના ગાયનો એનો પણ ઉપયોગ ઠાકોરજી કે ગુરુ સમક્ષ કરવો નહીં. જેમ કે 'હમકો મનકી શક્તિ દેના.' કેટલિકવાર તમારા લોકોના મનમાં એમ આવી જાય કે ભલે જે હોય તે, ભજન તો સુંદર છે જેમ કે 'મોહે પનઘટ પે નંદલાલ છેડ ગયો રે' જે વખતે તમે આ ગાવ છો તે વખતે તમારા મન, બુદ્ધિ અને હૃદયમાં મધુબાલા જ ઉપસતી હોય છે. પણ કોઈ ગોપી કે રાધા એ વખતે, એ ભજનમાં તમારા સ્મરણમાં આવતા નથી. એટલે આપણે ગુરુ કે ઠાકોરજી સમક્ષ ભક્તો દ્વારા નિર્માણ કરાયેલા ભજનો - કીર્તનો કે સ્તોત્રનું ઉચ્ચારણ કરવું. આ બાબતમાં એક ઓર ઉમેરો કરવા માંગુ છુ કે આપણા દ્વારા, લૌકિક ભાવોવાળા બનાવાયેલા ભજનોનો પણ ઉપયોગ નહીં કરવો. શકય હોય ત્યાં સુધી પુષ્ટિભક્તો દ્વારા નિર્માણ કરાયેલા જે કીર્તનો છે તેનો જ ઉપયોગ કરવો. કારણ કે એ શુદ્ધ વાણી છે અને આપણી લૌકિક વાણી છે. ધારો કે તમે કોઈ એકાદ ભજન બનાવી નાંખ્યુ તો ઠાકોરજી કે ગુરુને નિવેદન કરવા પૂરતું તમે એને ગાવ એ જુદી વાત છે. પણ ગાવા માટે પોતાના દ્વારા કે બીજા સાધારણ

લૌકિક ભાવવાળા વૈષ્ણવો દ્વારા બનાવેલા ભજનોનો ઉપયોગ બને ત્યાં સુધી ન કરવો. આ બાબતમાં કેટલિકવાર વૈષ્ણવોમાં એ પદ્ધતિ મારા જોવામાં આવી છે કે યમુનાષ્ટક ન ફાવે તો 'ધન્ય શ્રી યમુના કૃપા કરી' એનું ગાન કરતા હોય છે. હું એને નકારતો નથી, પણ તમે એને શ્રી યમુનાષ્ટકની જગ્યાએ ઉચ્ચારો તે બરાબર નથી. શ્રીમહાપ્રભુજીની વાણીના પ્રભાવથી, શ્રીમહાપ્રભુજીની વાણીની ઊર્જાથી, જે પ્રાપ્ત થશે તે બીજી વાણી દ્વારા શક્ય નહીં બને. એક જ વાત બે વ્યક્તિ બોલે છે અને એનો ચિત્ત પર જુદો જુદો પ્રભાવ પડે છે એનું કારણ બોલનાર વ્યક્તિમાં ઊર્જા કેટલી છે એના આધાર પર આપણા મન પર એનો પ્રભાવ પડતો હોય છે. તેમાં પણ વ્યક્તિએ પોતે આચરણ કરીને કહેલી વાત જેટલી અસરકારક બને છે તેટલી કેવળ વાણીનો વિષય બનેલી કહેવાયેલી વાત મન-બુદ્ધિને પ્રભાવિત કરી શકતી નથી. એ આધાર પર જ શ્રી મહાપ્રભુજીએ જલભેદ ગ્રંથની રચના કરી છે. સુરદાસ, કુંભનદાસ વગેરેના જે બનાવેલા પદો કે શ્રીમહાપ્રભુજી કે શ્રીહરિરાયજી મહાપ્રભુ દ્વારા રચાયેલા સ્તોત્રો એમાં જે ભાવોની વાસ્તવિકતા છે તેની જગ્યાએ કેવળ પ્રાસ અને છંદનો જ ચિત્તમાં વિચાર કરીને આપણે ભજનનું નિર્માણ કરીએ છીએ. માટે પોતાના ગુરુ કે ઠાકોરજી સમક્ષ, કેવળ ભક્તિના કે ભક્તો દ્વારા નિર્માણ કરેલા પદોનું જ ઉચ્ચારણ કરવું. એનું જ રટણ કરવુ. તે ઉપરાંત આપણે ઠાકોરજી કે ગુરુની સમક્ષ જ્યારે બેઠા હોઈએ ત્યારે સેવા સિવાયના બીજા વાક્યોનું પણ કારણ વગર બીજા સાથે પરસ્પર ઉચ્ચારણ કરવુ નહીં. આ દોષ આપણા વૈષ્ણવોમાં ઘણું કરીને જોવા મળે છે. અમારા પ્રવચન ચાલતા હોય અને બે બહેનો આપસમાં વાતો કરતી હોય, પણ ગુરુ કે ઠાકોરજી સમક્ષ આપણે એક ઉચ્ચારણ જેટલો પણ સમય ફાલતુ સેવા વિનાની વાતમાં વાપરવો નહીં.

(૧૭) ગુરુ કે શ્રીપ્રભુના વપરાશની વસ્તુનો પોતે ઉપયોગ ન કરવો.

ગુરુના કે શ્રીપ્રભુના વપરાશમાં આવતી વાસણો, કપડા, ગાદી, તકિયા, ચાદર, ખોલી, આભૂષણો, આસન, પાટ, ખુરશી, ટેબલ વગેરે વસ્તુઓને ક્યારેય પણ પોતાના ઉપયોગમાં ન લેવી. અને જો તેમાંની કોઇ વસ્તુ પ્રસાદી તરીકે લેવામાં આવે તો પછી પાછી તે ગુરુ કે પ્રભુના ઉપયોગમાં લઈ શકાય નહીં. તેમજ એક વખત પણ પોતાના વપરાશમાં આવી ગયેલી વસ્તુનો ગુરુમાં કે શ્રીપ્રભુમાં ક્યારેય ઉપયોગ કરવો નહીં.

(૧૮) ગુરુ-ભગવાન સમક્ષ યા સેવાના સ્થળમાં અપાનવાયુની ક્રિયા ન કરવી -

તેવી જ રીતે હવે એક બીજો નિયમ કે ગુરુ કે ઠાકોરજી સમક્ષ જ્યારે તમે બેઠા હો ત્યારે પોતાની અપાનવાયુ પ્રક્રિયા ઉપર પણ કંટ્રોલ કરવો. બલકે તમે જ્યારે સભામાં બેઠાં હો, ગુરુ કે ઠાકોરજી હોય કે ન હોય, ત્યાં પણ અપાનવાયુનો મુક્તપણે ઉપયોગ અસભ્યતા કહેવાય છે. પુષ્ટિમાર્ગમાં અપરસમાં અપાનવાયુ જો છોડવામાં આવે તો ફરીથી સ્નાન કરવાનું વિધાન છે. કેટલાક લોકો કહે છે પેટમાં જરીક તકલીફ થઈ, પણ અહીં હું કોઈને તકલીફમાં મૂકી દેવા નથી માંગતો પણ પોતાની જાત ઉપર સંયમ તો દરેક વ્યક્તિએ ધીમે ધીમે કેળવવો જ જોઈએ. આપણને ભૂખ લાગે, તરસ લાગે બધું જ થાય છે, છતાં પણ પોતાની જાત અને પોતાની ઈન્દ્રિયોની જે વૃત્તિ છે એના પર સંયમ કેળવવાની તો દરેકને આવશ્યકતા છે જ . એટલે પોતે જ્યારે ગુરુ કે ઠાકોરજી સમક્ષ બેઠા હોય ત્યારે આટલી સભ્યતા દરેકે જાળવવી આવશ્યક છે. વિવેકથી વિચારવું. પોતાની સભ્યતા ના તૂટે માટે 'મુક્તપણે' શબ્દ વાપર્યો છે તમે જે નિઃસંકોચ બની જાવ છો એ જ અસભ્યતા છે. શારીરિક તકલીફ

અસભ્યતા નથી. પણ એમાં આપણે આ તો દેહ ધર્મ છે એમ મનમાં નક્કી કરી મુક્તપણે-વિના સંકોચે વર્તીએ છીએ તે તરફ નિર્દેશ છે. બધા જ દેહધર્મો બધે જ ન નીભાવાય એના ઉપર આપણો સંયમ જોઈએ. શ્વાસ ચાલવો એ દેહ સાથે જોડાયેલી ક્રિયા છે. બુદ્ધિના વિચારથી એ કરતાં નથી. પણ આ જે વાત કરી એમાં બુદ્ધિના વિચારથી સંયમ કરી શકાય, એટલો એમાં વિવેક છે. મૂળ વિષય એ છે કે આપણી જે સેવા પદ્ધતિ છે એ આપણા જીવનને બહુ સંયમિત અને સંતુલિત બનાવવાનું પણ સાધન છે.

પ્રશ્ન - ધારો કે કોઈને આવી શારીરિક તકલીફ થઈ છે તો શું ? **જવાબમાં** - એને માટે - મારે સવારે શિબિરમાં જવાનું છે એમ વિચારી રાતથી જ એનું એલાર્મ તમારા મગજમાં વાગવું જોઈએ. એની જે શુદ્ધિ થતી હોય તેના અનુકૂળની તમારી ભોજન પ્રક્રિયા રાતથી જ શરૂ થઈ જવી જોઈએ. મારે સવારના તંદુરસ્ત રહેવાનું છે એ વિચાર હોવો જોઇએ. આપણે શિબિરમાં આવતાં પહેલાં શૌચ જઈને સ્નાન કરીને આવીએ છીએ. શા માટે ? ઘણાં લોકો એમ માને છે, બહુ મોડું થઈ ગયું, આજે નથી જવું. ખાલી નાહીને ચાલ્યા જવું. પણ ના, ઠાકોરજીની સેવા કરતા પહેલા આંતર-બાહ્ય બંને પ્રકારની દેહશુદ્ધિ આવશ્યક છે. ગુસાંઈજીએ બતાવેલા ભાવ મુજબ શૌચ જવું કે લઘુશંકા કરવા જવું એ પણ સેવા નિમિત્તક જ હોવું જોઈએ. એટલે કે આપણને આપણું પેટ સેવામાં બાધા ન કરે એને માટે જે અપચાર છે એ અપચારની નિવૃત્તિ માટે તમે શૌચ જાવ એ શૌચ જવું પણ સમર્પણ છે. કારણ કે તમે શૌચ નહીં જશો, લઘુશંકા નહીં કરશો તો આખરે તમારો દેહ ક્યારેક કોઈ બિન્દુ પર તો તમને દોડાવશે જ . ત્યારે સેવા છોડીને જવું પડે એના કરતાં પહેલેથી જ જો સમયસૂચકતા વાપરીને શાંતિથી પોતાની બધી જ દૈહિક ક્રિયાઓ પતાવીને ઠાકોરજીની સેવામાં જાવ તો

અપચાર નડે નહીં. માટે પેટમાં વાયુ ના થાય એના ઉપાયો આપણે રાતથી જ લઈ લેવા જોઈએ જેથી એ તમને ઓછામાં ઓછું નડે. વાયુવાળા પદાર્થ ન ખાવા એ તમારી સેવા છે. ઠાકોરજીની સેવામાં મને આ નડશે એમ માની તમે જે વસ્તુનો ત્યાગ કર્યો - વસ્તુ છોડી એ જ તમારું સમર્પણ અને સેવા છે. તમે છોડી કેમ ? મને સેવામાં નહીં નડે માટે. જે લોકોને આવી તકલીફ છે એ લોકોએ રાતના વાયડા પદાર્થો ન ખાવા. ન મળે તો કાંઈ નહીં પાણીથી તો ચાલી શકે ને ? ચલાવી લેવાની વૃત્તિ. આ રીતે આપણી આ સેવા આપણને સંતુલિત અને સંયમિત જીવન જીવવા માટે આદેશ આપે છે.

(૧૯) ગુરુ તથા શ્રીઠાકોરજી સમક્ષ બેસવા-ઊઠવા વગેરેના તેમજ અન્ય દેવ-દેવી વગેરેના દેવાલયો સંબન્ધી કેટલાક નિયમો -

બીજી વાત પોતાના ગુરુ કે પોતાના ઠાકોરજી સમક્ષ ઊંચા કે એમના સમાન આસન પર બેસવું નહીં. પોતાના ગુરુ કે ઠાકોરજી જ નહીં, પણ બીજાના ગુરુ કે ઠાકોરજી માટે પણ આ જ નિયમ રાખવો. બલકે હું તો વૈષ્ણવોને એ સંસ્કાર આપીશ કે વલ્લભકુળ સામે જ નહીં પણ તમે શંકરાચાર્યની સભામાં જાવ તો એમને ત્યાં પણ એ ગુરુ સ્થાન પર બિરાજે છે, ભલે તમારા ન હોય પણ હિન્દુ ધર્મના ગુરુ સ્થાન પર બિરાજે છે. ત્યાં તમારે આ જ વિવેક રાખવો. શંકરાચાર્ય હોય, સ્વામીનારાયણના સંત હોય, કોઈ મહાપુરુષ હોય, કોઈ પણ હોય પણ એ જો ગુરુ સ્થાન પર બિરાજે છે અને ગુરુસ્થાન પર રહી કાર્ય કરે છે તો એમની ગુરુ સ્થાનીય જે મર્યાદા છે એનો આદર દરેકે રાખવો જરૂરી છે. તેવી જ રીતે તમે ઠાકોરજીના મંદિરમાં જ નહીં, પણ મહાદેવજીના મંદિરમાં, કોઈ દેવીના મંદિરમાં, હનુમાન બાપાના મંદિરમાં જવાનો પ્રસંગ આવે ત્યારે પણ આ આદર - વિવેક રાખવો જરૂરી છે. આપણે

આપણા ઠાકોરજી સામે પગ ન ચડાવીએ અને હનુમાનજીની સામે છાતી કાઢીને બેસીએ તો - આખરે હનુમાનજી હોય કે શિવજી હોય કે ગણેશજી હોય એ છે તો ભગવાનની જ વિભૂતી. એ ભગવાનની વિભૂતી હોવાથી એક દેવ તરીકેનો આદર તો આપણે દરેક રીતે પાળવો અને જાળવવો. તમે તમારા ઠાકોરજીની આરાધના કરો, પૂજા કરો, સેવા કરો - ભલે તમે ગણેશ - શિવજીની આરાધના કે પૂજા ન કરો પણ એનો આદર કરવો, એના આદરથી વિરૂદ્ધ વર્તવાનો કોઈ વૈષ્ણવને, શ્રીમહાપ્રભુજીએ સત્તા, અધિકાર કે પદ સોંપ્યા નથી. અને લગભગ આવી ભૂલ વૈષ્ણવો દોહરાવતા હોય છે.

કોણ જાણે કેમ કેટલાક વૈષ્ણવોને શિવ સાથે એટલો બધો દ્વેષ થઈ ગયો છે કે શિવને જોતાં જ આંખ ભવાં ચઢી જાય. આ તો શિવાલય છે. તમને કલેકટર ઓફિસમાં જતાં, ઈન્કમટેક્ષ ઓફીસમાં જતાં, કોઈને ત્યાં રડવા જતાં ભવાં ચડતા નથી તો આ બિચારા શિવજી એ તમારું શું બગાડ્યું છે ? આ બધા પણ ભગવદ્ ભક્તો છે ભગવાનના સેવકો છે અને ભગવાનની વિભૂતી છે એ રીતે આપણે દરેકને આદર આપવો જરૂરી છે. આજ વાત શ્રીમહાપ્રભુજી વિવેક ધૈર્યાશ્રય ગ્રન્થમાં જણાવે છે કે 'અન્યસ્ય ભજનં તત્ર સ્વતોગમનમેવ ચ, પ્રાર્થના-કાર્યમાત્રેપિ તતોન્યત્ર વિવર્જયેત્' એટલે કે બીજા દેવોનું ભજન કરવું અને એમને પ્રાર્થના કરવી પૂજા-દર્શનના ઉદ્દેશ કે ભાવથી તેમના મંદિરોમાં જવું એ ત્યાગવું' આમ કહેવાથી રસ્તામાં કોઈ દેવમન્દિર આવે તો તિરસ્કારથી મોં ફેરવી લેવું એ તો અનાદર જ છે.

(૨૦) વૈષ્ણવોમાં પરસ્પર જયશ્રીકૃષ્ણનો વ્યવહાર -

પુષ્ટિમાર્ગમાં આવ્યા પછીથી, દરેક વૈષ્ણવોએ બીજા વૈષ્ણવ સાથે પોતાનાથી શક્ય હોય ત્યાં સુધી એકબીજા સાથેનો વ્યવહાર 'જયશ્રી કૃષ્ણ' થી રાખવો. ફલાણા ભાઈ ગુડ મોર્નિંગ, ગુડ નાઈટ, અને તેમાં પાછા કેટલાક સમજદાર પ્રોફેસરોએ ગુજરાતી અને હિન્દીમાં અનુવાદ કર્યો 'સુપ્રભાતમ્' 'સુરાત્રિ' સારું છે એમાં એક શુભાશંસા છે કે તમારું પ્રભાત સુંદર બનો, તમારી રાત્રી સારી જાવ. એક શુભાશંસા છે, પરંતુ આપણો પુષ્ટિમાર્ગ એનાથી પણ અધિક છે. એમાં તમારી રાત સારી જાય કે તમારી સવાર ખરાબ જાય એનું મહત્ત્વ નથી. કૃષ્ણનો જય થાય એ શુભાશંસા આપણા હૃદયમાં રમ્યા કરવી જોઈએ. એટલે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ પોતાનાથી શક્ય હોય ત્યાં સુધી ગુડ મોર્નિંગ, ગુડ નાઈટ ની જગ્યાએ જયશ્રી કૃષ્ણનો વ્યવહાર કરવો. આથી તમારી વૈષ્ણવતાની વૃદ્ધિ થશે. રાત્રે તમે સુવા જઈ રહ્યા છો ઘરનાને ગુડ નાઈટને બદલે જયશ્રીકૃષ્ણ કહો. આ પ્રયોગ સારો લાગ્યો કે ન લાગ્યો ? તમારી રોજની આદત છે માટે શરૂઆતમાં થોડો વિચિત્ર અનુભવ થશે. પરંતુ જેમ જેમ ટેવાઈ જશો પછી તો ટેલીફોન પર પણ પહેલાં જયશ્રીકૃષ્ણ થી શરૂઆત થઈ વાત જયશ્રીકૃષ્ણ પર અટકશે. વૈષ્ણવોએ પોતાના જીવનમાં જયશ્રીકૃષ્ણ નો વહેવાર રાખીને તેના વચમાં આવતા જે લૌકિક પ્રયોગો છે તેને શક્ય એટલા પોતાનાથી દૂર કરવા. તમને માળા જપવાથી જેટલો લાભ નહીં થાય એના કરતાં અધિક લાભ દિવસભર જયશ્રીકૃષ્ણ કરવાથી થશે. જેટલું મહત્ત્વ કપાળ ઉપર તીલક કે બિંદીનું છે મને લાગે છે કે એટલું જ મહત્ત્વ જયશ્રીકૃષ્ણ બોલવાના પ્રભાવનું છે અને મેં જોયું છે કે આખી દુનિયામાં જૈન, સ્વામીનારાયણ, મુસલમાન આ બધા કરતાં આપણા વૈષ્ણવોમાં જ આ પરંપરા બગડેલી છે. તમે જૈન પાસે જશો તો જયજિનેન્દ્ર જ કરશે. તમને સ્વામીનારાયણવાળાનો ફોન આવશે તો સૌ પ્રથમ જય સ્વામીનારાયણ કહેશે. પણ આપણા વૈષ્ણવો એટલા બધા મહાન છે કે આપણી વાણીમાં જલ્દીથી જય શ્રી કૃષ્ણ શબ્દ આવતો નથી. એટલે વૈષ્ણવોએ પોતાના ઘરમાં, પોતાના વ્યવહારમાં જયશ્રીકૃષ્ણથી વ્યવહાર કરવો. દુનિયાની લાજ શરમની વાત કરીએ તો જે આપણું ભૂષણ હતું તે બધી વાત તો આપણે છોડી દીધી છે, પરંતુ તે બધી લજ્જા કોણ જાણે કેમ

ધર્મમાં આવીને બેસી ગઈ છે. આપણા સમાજમાં, સંસારમાં, આપણા વડીલોમાં, આપણી ભાષામાં, આપણા દેખાવમાં કોઈ જગ્યાએ આપણામાં લાજ શરમ રહી નથી. એ બધી શરમ સમેટાઈને ધર્મના વિષયમાં આવી ગઈ છે. ધર્મનું જ્યાં કોઈ નામ આવે ત્યાં ત્યાં આપણને લાજ આવે. શ્રીમહાપ્રભુજી એક આગ્રહવાળા છે અને પોતાના નિબંધ નામના ગ્રંથમાં બહુજ ભારપૂર્વક કહે છે. **‘સભાયામ્ અપિ કુર્વીત’** ભગવાનના નામનો ઉચ્ચાર અસુરોની વચમાં પણ કરો. જાહેરમાં આસુરી સ્વભાવવાળા લોકો બેઠા હોય ત્યાં નિર્ભયતાથી ભગવાનના નામનો ઉચ્ચાર કરો. શ્રીમહાપ્રભુજીએ કંઈ કોરા સિદ્ધાંત નથી બતાવ્યા પણ પ્રોટોકોલ પણ આપણને શીખવ્યો છે. ભગવાનના નામનો ઉચ્ચાર સભામાં પણ કરવો. નિર્ભયતાથી કરો. જ્યાં તમે ડર્યા ત્યાંથી તમારું મન દબાયું. અને જયાંથી તમારું મન દબાયું ત્યાંથી તમારામાં બહારના દુઃસંસ્કારો પ્રવેશ્યા. આ એની પરંપરા છે. આપણામાં દુઃસંસ્કારોનો પ્રવેશ ન થાય અને બહારના દુર્ગુણોનો, બીજી વ્યક્તિના દુઃસંગનો પ્રભાવ ન પડે તે માટે જાહેરમાં પણ ભગવાનનું નામ લેવામાં લાજ ન રાખવી. દુનિયામાં દુષ્ટ વ્યક્તિઓ જો આવી જ પડે તો તેના વચમાં કેમ રહેવું ? બહારથી એટેક આવે તો તેમાં કેમ ટકવું ? એના માટે શ્રી મહાપ્રભુજીએ પ્રોટોકોલ બતાવ્યો છે. નિયમ બતાવે છે. **‘સભાયામ્ અપિકુર્વીત’** તમે જ્યારે બે વ્યક્તિના વચમાં બેસીને તમારા સિદ્ધાંતો, બુદ્ધિની વાતો સ્પષ્ટ રીતે અભિવ્યક્ત કરો છો, ત્યારે પેલા બે વ્યક્તિ થોડા દુર્બળ થાય છે અને તમે થોડા બળવાન થાઓ છો તમે જેટલી તમારી વસ્તુને છુપાવો છો પેલો વ્યક્તિ બળવાન થાય છે અને તમે દુર્બળ થાઓ છો. તમે બે જણા સાથે ફરવા માટે નીકળ્યા અને રસ્તામાં લારી-ગલ્લા આવ્યા, એટલે એકે કહ્યું ચાલ આપણે આઈસ્ક્રીમ ખાઈ લઈએ, એટલે પેલો બીજો જો જૂઠું બોલશે, દબાશે તો મુશ્કેલી આવશે.’ ના, ના, મને છે ને અત્યારે શરદી છે. હું અત્યારે નહીં ખાઉં, શરદી નહીં

હશે તો પણ ખોટી ખોટી છીંક ખાશે. પછી કહેશે ભાઈ હું તો જૂઠું બોલીને એનાથી બચી ગયો, પરંતુ તમે બચી નથી ગયા પણ તમે મરી ગયા છો. તે વખતે ચોખ્ખા શબ્દોમાં બોલવાની તૈયારી રાખો. હું બજારનો આઈસ્ક્રીમ ખાતો નથી. એક નન્નો સો દુઃખને હણે તમે જૂઠું બોલ્યા, ફરી બહાર નીકળ્યા, પાછો આગ્રહ કરશે. ખોટી ખોટી છીંક કેટલી ખાશો ? એક વાર, બે વાર, ચાર વાર, છ વાર કોઈક સમય એવો આવશે ચાલ એના માન ખાતર એક વાર ખાઈ લઉં. એટલે શ્રીમહાપ્રભુજી આપણને કહે છે તમે તમારા મનમાં, તમારી બુદ્ધિમાં જે સિદ્ધાંતો નો નિશ્ચય કરો એ નિશ્ચયને નિર્ભીકતાથી બોલતા શીખો. કમજોર નિશ્ચય નિશ્ચય બનતો નથી કે જે અભિવ્યક્ત ન થઈ શકે. બુદ્ધિનો એવો નિશ્ચય કે બહારનું ન જમુ પણ એ નિશ્ચય એવો કેવો કે બોલી ન શકે. જે વાણીનો વિષય ન બને અને ખાલી બુદ્ધિમાં મમળાવ્યા કરે એવા નિશ્ચયને કરવાનો શું ? એટલે શ્રી મહાપ્રભુજી કહે છે **‘સભાયામ્ અપિ કુર્વિત’** તમે બુદ્ધિમાં નિશ્ચય કરો હું બહારનું ભ્રષ્ટ ખાન-પાન નહીં કરું. નિશ્ચય કર્યા પછી એને મુખથી બોલતા શીખી જાવ. ભાઈ હું બહારનું નથી ખાતો. અકોલાના ગોપાલદાસ મોટા મીલમાલિક હતા, હવે તો ગુજરી ગયા છે. ખૂબ જ સારા વૈષ્ણવ, ઠાકોરજીની સેવા પણ સુંદર બિરાજે, વૈષ્ણવતાના સિદ્ધાન્તોનું મક્કમતાથી પાલન કરનારા. એમની મિત્રતા ભારતના વાઈસરોય સાથે હતી. એમની દિકરીના લગ્ન આવ્યા. બધાંને જમવા બોલાવ્યા તેમાં વાયસરોયને પણ જમવા બોલાવ્યા. ભારત સ્વતંત્ર થયું એ પહેલાની વાત છે. એ વાયસરોય ખાસ એમની દિકરીના લગ્ન માટે આવ્યા. દિકરીના લગ્નના માનમાં એમણે ભોજ આપ્યો. વાયસરોય આવ્યા છે. બધા એની સાથે બેસીને જમવાના હતા. ગોપાલદાસ પણ વાયસરોયની બાજુમાં બીજી ચેર પર બેસી ગયા. વાયસરોયને ખબર હતી કે આ માણસ ક્યાંય પણ ખાતા-પીતા નથી. વાયસરોયે એ છતાં છેડછાડ કરવા પૂછ્યું કે તમે જમવાના

નથી ? દુનિયામાં હમેંશા પ્રેમનો આનંદ છેડછાડમાં થાય છે. બે મિત્ર આપસમાં હાથ જોડીને બેસી રહે તો દોસ્તીનો આનંદ આવે નહીં. એટલે વાયસરોયે છેડછાડ કરી. શેઠજી તમારી દિકરીના લગ્નમાં તમારા કહેવાથી આવ્યો છું, તમારી દિકરીના લગ્નના ભોજમાં બેઠો છું, તમે પણ તમારું કાંઈક મંગાવો. બોલો આપણે હોઈએ તો શું જવાબ આપીએ ? અટલ બિહારી બાજપાઈ કે અમેરીકાના પ્રેસીડેન્ટ બુશ તમારી બાજુમાં બેઠા હોય અને એ કહે કે તમે પણ જમો. તો તમે શું કહો ? અને તે વખતે તો પાછું ભારત પરતંત્ર. અને બ્રીટીશ સલ્તનત ભારત ઉપર રાજ કરે. અને સલ્તનતનો મુખ્ય વાયસરોય એટલે ભારતનો રાજા. બાજુમાં બેસીને એણે કહ્યું કે ખાવ, શેઠજીએ કોઈ પણ બહાના-બાજી કર્યા વગર એક જ શબ્દ કહ્યો મારા ધર્મના હિસાબે હું તમારી સાથે બેસી જમી શકું નહીં. એટલે વાયસરોયે પૂછ્યું તમને ખબર છે ને તમે કોને જવાબ આપો છો ? ફ્રેન્ડ હોય કે ગમે તે હોય, પદનું અભિમાન છે ને. એ અભિમાનને જ્યારે ચોટ લાગે છે ભલે એને બીજી રીતે બેર કરવામાં આવે પણ અભિવ્યકત તો થાય જ ‘તમે કોને કહી રહ્યા છો’ ? શેઠજી કહે મને ખબર છે તમે મારા દોસ્તાર થાવ એટલે દોસ્તને બધી જ વાત કહેવાય. વાઈસરોયે કહ્યું હું ખાલી તમારો મિત્ર નથી એ ખબર છે ને તમને ? શેઠે કહ્યું હા મને ખબર છે. તમે વાઈસરોય છો. વાઈસરોયે પૂછ્યું તો મને આ જવાબ આપવાનું શું પરિણામ આવે ? શેઠે કહ્યું મને ખબર છે તમે મને ફાંસીએ ચડાવી શકો છો . પણ ફાંસીએ ચડવાના ડરથી હું મારા ધર્મને છોડવા તૈયાર નથી. આ છે શેઠજીની મક્કમતા. મેં એક જગ્યાએ વાંચ્યુ હતું. આપણે સ્વતંત્ર છીએ. આપણે કોઈના ગુલામ નથી એ સ્વતંત્ર બુધ્ધિનું સૌથી પરિચાયક લક્ષણ કયું ? આ વ્યક્તિ સ્વતંત્ર છે એનો પરિચય એની કંઈ ક્રિયામાંથી મળે ? જે વ્યક્તિ કોઈના પણ ભોજનના નિમંત્રણને વગર બહાને ના કહી શકે તે સૌથી સ્વતંત્ર છે. મારે નહીં જમવુ હોય તો હું ના કહીં શકું છુ-મારે નથી લેવું. જ્યાં સુધી

આ વાત નહોતી વાંચી ત્યાં સુધી હું પણ બહાના કાઢતો હતો. વૈષ્ણવોના ઘરે જાઉં, ના મને અત્યારે ઈચ્છા નથી, ના મને નહીં ફાવે, નથી ગમતું. પણ જ્યારથી મેં આ વાત વાંચીને ત્યારથી જીવનમાં એક પરિવર્તન લાવ્યો અને બોલતો થયો કે ના ભાઈ, મારો નિયમ છે કે કોઈ પણ જગ્યાએ ઈલાયચીનો દાણો પણ ખાતો નથી. ત્યારથી સુખનો અનુભવ કરી રહ્યો છું. એટલે ભગવાનનું નામ નિર્ભીકતાથી લેવાની પદ્ધતિ આપણામાં પડવી જોઈએ. એ પદ્ધતિ તમને ઘણાં દુ:સંગોથી બચાવે છે. સારાંશ એ કે આપણે વૈષ્ણવ પરિવારમાં રહેતી દરેક વ્યક્તિઓએ પોતાના આપસી વહેવારોમાં જેટલો બને તેટલો જયશ્રીકૃષ્ણનો વહેવાર કરવો.

(૨૧) પુષ્ટિમાર્ગમાં ગુરુજનોને ‘જયશ્રીકૃષ્ણ’ કહેવાનો વ્યવહાર નથી -

આ જયશ્રીકૃષ્ણની વાતમાં એક અપવાદ છે, દરેક જગ્યાએ જયશ્રીકૃષ્ણ કહેવા પરંતુ પોતાના ગુરુને જયશ્રીકૃષ્ણ કહેવા નહીં. પોતાના ગુરુને કે ગુરુસ્થાનીય બેઠેલા કોઈ પણ વલ્લભકુળની વ્યક્તિને મહારાજશ્રી હોય, બેટીજી હોય કે વહુજી હોય એમને જયશ્રીકૃષ્ણ કહેવાનો વ્યવહાર નથી. કેમ નથી ? શું મહારાજશ્રી જયશ્રીકૃષ્ણ કહેવાથી અભડાઈ જાય છે? આવો પ્રશ્ન તમે પૂછો કે ન પૂછો પણ મનમાં આવી જાય છે. લોકો તો એમ માને છે કે બીજાને ન કહેવાય તો ચાલે, પણ મહારાજશ્રીને તો કહેવું જ જોઈએ, પણ ના કહેવાય. કેમ ન કહેવાય એનું એક કારણ છે. જયશ્રીકૃષ્ણ એ ભગવત્ સ્મરણ છે. તેથી જ આપણી પ્રાચીન બોલાતી બોલીમાં એમ કહેવાતું હતું કે એમને ભગવત્ સ્મરણ કરીને હું ત્યાંથી છૂટો પડચો. જયશ્રીકૃષ્ણ શબ્દનો જ્યારે ઉપયોગ હોય ત્યારે જ એનો પ્રયોગ કરવો. વર્ના જયશ્રીકૃષ્ણનો પ્રયોગ કારણ વિના વચમાં વચમાં ન કરવો. મેં એમને જયશ્રી કૃષ્ણ કર્યા,

એમણે મને જયશ્રીકૃષ્ણ કર્યા. ના એમને ભગવત્ સ્મરણ મે કર્યું. એમણે મને ભગવત્ સ્મરણ કર્યું. માટે જયશ્રીકૃષ્ણ એ ભગવત્ સ્મરણ છે અને ભગવત્ સ્મરણ હોવાથી ગુરુ શિષ્ય ને ભગવાનના નામનું સ્મરણ કરાવે એ યોગ્ય છે પણ શિષ્ય ગુરુને ભગવત્ સ્મરણ કરાવે એ અયોગ્ય છે. તમે તમારા ગુરુને ભગવાનના નામનું સ્મરણ કરાવો એ યોગ્યતા તમારામાં નથી. એ જીવ વ્યવહાર છે. ગુરુ અને ભગવાનના વિષયમાં આ વ્યવહાર નથી. એટલા માટે ગુરુ તમને શ્રી કૃષ્ણનું નામ બોલાવે ને તમે બોલો. પણ તમે બોલો અને તમારા અનુસરણમાં ગુરુ પછી બોલે એ વિપરીત ગંગા છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં વેદનું નામ અનુશ્રવ છે. અનુશ્રવ એટલે ગુરુ મુખના ઉચ્ચારના અનંતર બોલાતા જે મંત્રો અનુશ્રવ કહેવાય. ગુરુ પહેલાં મુખથી બોલે-બોલાવે અને તે મુજબ શિષ્ય બોલે. માત્ર મંત્ર બોલી જવાથી એનામાં મંત્રત્વ ઉત્પન્ન થતું નથી પણ એમાં મંત્રત્વ ત્યારે ઉત્પન્ન થાય છે કે જ્યારે ગુરુ પોતાના મુખથી બોલી અને તમને બોલાવે. અષ્ટાક્ષરની દીક્ષા આપતી વખતે ત્રણ વખત શ્રીકૃષ્ણઃ શરણં મમ બોલાવવામાં આવે છે. હવે ધારોકે હજાર બે હજાર માણસોને સામટી દીક્ષા આપવાની છે. તો શું કરવું? કોઈએ રસ્તો કાઢ્યો આપણે બ્લેક બોર્ડ પર શ્રીકૃષ્ણઃ શરણં મમ લખી દઈએ, અને કહીએ ભાઈઓ ! આ મંત્ર ત્રણ વખત બોલી જાવ. નહીં, એ દીક્ષા નથી બનતી. ગુરુ મુખથી બોલાવે એ દીક્ષા છે અથવા કર્ણ દ્વારા સંસ્કાર કરવામાં આવે છે એ દીક્ષા છે અને એ ગુરુ જ કરી શકે. એમાં તમે ટેપ રેકર્ડ વગાડો તે ન ચાલે. મૃત્યુના સમયે કર્ણ મંત્ર આપવાનો રીવાજ છે. જ્યારે માણસની અંતિમ અવસ્થા હોય કે હવે એના પ્રાણ જઈ રહ્યા છે તે વખતે એના કાનમાં શ્રીકૃષ્ણઃશરણં મમ - ત્રણ વખત બોલવામાં આવે એને કર્ણ મંત્ર કહેવાય છે આ મંત્ર કોઈ પણ બોલી શકે છે કારણ કે એ દીક્ષા નથી. એ બોલવો જોઈએ. કોઈ એમ કહે કે એ કોમામાં ગયો છે, પણ નહીં, મનુષ્યની અંદર કરેલા સંસ્કાર એની બુદ્ધિમાં, બુદ્ધિ દ્વારા ચિત્તમાં અને ચિત્ત દ્વારા એનો આત્મા ગ્રહણ કરે જ છે. અતઃ ‘અનુશ્રવ વેદ’ ગુરુ મુખના ઉચ્ચારણ પછી શિષ્યે બોલવાનું હોય છે. આનો વિવેક આપણને ચોર્યાસી વૈષ્ણવોની પહેલી વાર્તા આપી જાય છે. વૈષ્ણવો ઘણીવાર ના, ના, મને આવડે છે. હું બધું જ જાણું છું એમ બોલતા-માનતા હોય છે. હું તમને કહું, ચાલો હું તમને કૃષ્ણાશ્રય બોલાવું છું તમે બોલો. એટલે વૈષ્ણવો કહે ના, ના, અમને આવડે છે અમે બોલી જઈએ છીએ. મને આવડે છે એ અહંકાર છે. શ્રીનાથજી પ્રગટ થયા છે, શ્રીમહાપ્રભુજીના સમક્ષ, શ્રીનાથજી અને શ્રી મહાપ્રભુજી વચ્ચે વાતચીત થઈ રહી છે. આખો સિદ્ધાંત રહસ્ય ગ્રંથ, શ્રીનાથજીએ, શ્રી મહાપ્રભુજી આગળ કહ્યો, બ્રહ્મસંબંધ મંત્ર કહ્યો. આ બધી વાતો સૂતા સૂતા દામોદરદાસ સાંભળી રહ્યા છે. ગુરુ પરીક્ષા લઈ રહ્યા છે. દમલા ! તેને કછુ સૂન્યો ? સાંભળતા જ હોયને ? જાગી રહ્યા છે બંનેની વાતચીત સાંભળી છે. છતાં પણ શ્રી મહાપ્રભુજી પૂછી રહ્યા છે. દમલા ! તેને કછુ સૂન્યો ? મહાપ્રભુજી કહે છે જોઉં આ મારો શિષ્ય શું જવાબ આપે છે. - હા, હા, જે જે બધું સાંભળ્યું, કહો તો હું બોલી જાઉં. શ્રાવણસ્યામલે પક્ષે ...... કહો તો આખો ગ્રંથ બોલી જાઉં. કોઈ પણ વસ્તુ સાંભળીને મને બહુ જલદી યાદ રહી જાય છે. પણ નહીં, દામોદર દાસજી એક પણ શબ્દ બોલ્યા વગર જવાબ આપે છે જયરાજ ! સૂન્યો તો સહિ. જૂઠું બોલાય નહી છતાં પણ વિવેક જળવાઈ રહે. જુવો દામોદરદાસની ચતુરતા અને શિષ્યનું શિષ્યત્વ. કારણ કે આખરે શિષ્ય કોના ? શ્રીમહાપ્રભુજી વાક્પતિ છે. વાક્પતિ એમના હૃદયમાં બેઠેલા છે. આ જવાબ જો વાક્પતિ હૃદયમાં બેઠેલા હોય તો જ મોઢામાંથી નીકળે. ‘સૂન્યો તો સહી પર સમજ્યો નાહી. આ બોલનાર કોણ છે ? દામોદરદાસ જીવ નહીં બોલી શકે, આ તો દામોદરદાસના હૃદયમાં બિરાજતાં સાક્ષાત્ શ્રીમહાપ્રભુજી જ બોલી રહ્યા છે. સૂન્યો તો સહી. પર સમજ્યો નાહી. જૂઠું બોલવાનું નથી. છતાં પણ વિવેક વિનય અને

વાસ્તવિકતાને જાળવવાની છે, સૂન્યો તો સહી - પ્રભુ! સાંભળ્યુ તો છે જ કેમ કહેવાય નથી સાંભળ્યું ? પણ શ્રીનાથજી શું કહી ગયા એની મને કશી સમજ પડી નથી. મતલબ કે શબ્દ સાંભળ્યા છતાં એનું બુદ્ધિ દ્વારા ગ્રહણ એ ગુરુ દ્વારા જ કરવાનું હોય છે. કેવળ શબ્દ ગ્રહણ એ પૂર્ણ નથી. શબ્દને અર્થ સહિત ગ્રહણ કરવાથી એ જ્ઞાન બને છે શબ્દની સાથે એનો જે અર્થ એ પણ ગ્રહણ થવો જોઈએ અને જ્યારે અર્થ ગ્રહણ નથી થતો ત્યારે આપણે સ્તબ્ધ થઈ જઈએ છીએ. પોતે જાણેલો શબ્દનો અર્થ કદાચ બરાબર હોય પણ ખરો અને બરાબર ન પણ હોય. શબ્દ સાંભળ્યા પછી પણ દામોદરદાસ એ શબ્દના શ્રવણ પર વિશ્વાસ નથી કરતા. એ વિશ્વાસ કરે છે ગુરુ જે કહે તેના પર. એટલે શ્રીનાથજીના મુખથી નીકળેલા શબ્દો તો મેં કાનથી ગ્રહણ કર્યા, પણ એનો જે અર્થ છે ને એ તો આપ ગુરુ જ્યારે સમજાવો ત્યારે જ ગ્રહણ થાય. સૂન્યો તો સહી, પર સમજ્યો નાહી. ગુરુના મુખથી - ઉચ્ચારણથી જે પ્રાપ્ત કરેલું હોય એનું નામ જ્ઞાન. પોતાની સમજમાં ભૂલ હોઈ શકે. મેં તો ઘણીવાર જોયું છે કે આપણે સમજવામાં ભૂલો જ કરીએ. માટે શક્ય હોય ત્યાં સુધી પોતાના ગુરુની પાસે બેસીને જ જ્ઞાન લેવું. જ્ઞાન આપણને ગુરુ જ આપી શકે છે. એટલે ગુરુ શિષ્યને ભગવાનનું સ્મરણ કરાવે, શિષ્ય ગુરુને ભગવાનનું સ્મરણ કરાવી શકે નહીં. માટે જ આપણા સંપ્રદાયમાં, વલ્લભકુળ પરિવારની વ્યક્તિને જયશ્રી કૃષ્ણ કહેવાનો રીવાજ નથી. તો પછી ત્યાં જઈને કરવું શું ? ત્યાં જઈને દંડવત કરવાનો અને દંડવત બોલવાનો રીવાજ છે.

(૨૨) શ્રીઠાકોરજીના સમક્ષ કોઈને પણ જયશ્રીકૃષ્ણ કહેવાય નહીં -

જયશ્રીકૃષ્ણ બોલવાનો બીજો પણ અપવાદ છે. ઠાકોરજી ની સામે જયશ્રી કૃષ્ણ કહેવાનો રીવાજ નથી. ઠાકોરજી સામે બિરાજતા હોય ત્યારે બે વ્યક્તિએ આપસમાં પણ જયશ્રી કૃષ્ણનો વ્યવહાર કરવો નહીં. એક ભાઈ શૃંગાર કરી રહયા છે, બીજા ભાઈ પાછળથી આવ્યા, ફલાણા ભાઈ જયશ્રીકૃષ્ણ. પેલા ભાઈ પણ શૃંગાર કરતાં કરતાં જયશ્રીકૃષ્ણ કહે. જયશ્રીકૃષ્ણ એ ભગવત્ સ્મરણ છે ઠાકોરજીની ઉપસ્થિતિમાં - ભગવાન પ્રત્યક્ષ હોય ત્યારે તેમનું સ્મરણ કરવું એ વિચિત્ર છે એટલે ઠાકોરજી જ્યારે બિરાજતા હોય ત્યારે ઠાકોરજીની ઉપસ્થિતિમાં જય શ્રી કૃષ્ણનો વ્યવહાર થતો નથી. વૈષ્ણવને ત્યાં, મંદિરમાં ગમે ત્યાં ઠાકોરજીની સમક્ષ જયશ્રી કૃષ્ણ ન બોલાય. ભગવાન પ્રત્યક્ષ હોય ત્યાં સ્મરણની અપેક્ષા રહેતી નથી. અને ત્યાં સ્મરણ કરાવાય પણ નહી. ગુરુની સામે પણ જયશ્રીકૃષ્ણ કરવાનો પારસ્પરિક વ્યવહાર નથી. આને બરાબર જાણવા માટે અમારા દ્વારા લખાયેલ કૃષ્ણાશ્રય સ્તોત્રના ભાગ - બેના, દશમાં શ્લોકમાં આની લંબાણથી ચર્ચા કરી છે. ‘‘સર્વસામર્થ્યસહિતઃ સર્વત્રૈવાખિલાર્થકૃત્ । શરણસ્થ - સમુદ્ધારં , કૃષ્ણં’’ - આમાં અને ‘‘કૃષ્ણાશ્રયમિદં સ્તોત્રં યઃ પઠેત્ કૃષ્ણસન્નિધૌ ।’’ તેમાં કૃષ્ણની સામે એમાં અમેં સ્પષ્ટ લખ્યું છે કે પોતાના ગુરુની સામે પણ કૃષ્ણાશ્રયનો પાઠ થઈ શકે. કેમ કે ગુરુના હૃદયમાં કૃષ્ણ બિરાજમાન છે એ ભાવનાથી, ગુરુના હૃદયમાં લક્ષ્મીજી બિરાજમાન છે એ ભાવનાથી નહીં. અહીં શ્રદ્ધા શબ્દ એટલા માટે નથી વાપરતો કે આજે શ્રદ્ધા રાખવી કે કેમ ? અને તમારી રહે કે કેમ ? એ શંકાસ્પદ હોવાથી શ્રદ્ધા શબ્દની બાદબાકી કરી અને ગુરુના હૃદયમાં કૃષ્ણ બિરાજે છે તેવી ભાવના કહી છે. ત્યાં પણ કૃષ્ણની પ્રત્યક્ષ જ સ્થિતિ છે અને સરવાળે જો જોવા જાવ તો આ જગતમાં કૃષ્ણ જ ગુરુ છે કૃષ્ણ સિવાય બીજા કોઈનામાં ગુરુત્વ છે જ નહીં.

(૨૩) ગુરુ કે ભગવાનના વિષયમાં પારિભાષિક શબ્દોનો જ શક્ય તેટલો ઉપયોગ કરવો અને શક્ય તેટલો લૌકિક શબ્દોનો ઉપયોગ ન કરવો -

પ્રોટોકોલનો ગુજરાતીમાં અર્થ કરીએ તો પુષ્ટિમાર્ગીય વ્યાવહારિક નિયમો. પુષ્ટિમાર્ગમાં આવ્યા પછીથી ગુરુ સાથેનો વ્યવહાર, ભગવાન સાથેનો વ્યવહાર, એકબીજા વૈષ્ણવો વચ્ચેનો વ્યવહાર અને વૈષ્ણવ કુટુંબમાં એકબીજા સભ્યો સાથેનો આપસનો વ્યવહાર એ બધા વ્યવહારના જ આ નિયમો છે એટલે પ્રોટોકોલનો અર્થ એકવાર ગુજરાતીમાં બરાબર સ્પષ્ટ કરી લઈએ, આ નિયમોની વાત મારવાડી, પંજાબી વગેરે પ્રજા કરતાં ગુજરાતીઓ માટે વધુ જાણવી આવશ્યક છે. કારણ કે ગુજરાતીઓમાં હું આની ઉણપ જોઉં છુ. ગુરુ કે ઠાકોરજીના વિષયમાં હમેશાં પારિભાષિક શબ્દનો જ પ્રયોગ કરવો. જ્યાં સુધી આપણાથી શક્ય હોય અને આપણી ભાષામાં મળતા હોય ત્યાં સુધી ગુરુ કે ઠાકોરજી વિષયમાં જે પારિભાષિક - પારિભાષિકનો અર્થ છે આદરને લઈને સ્વતંત્ર બોલાતા શબ્દોનો જ પ્રયોગ કરવો. ગુજરાતમાં લગભગ બધા જ વૈષ્ણવોની આ પ્રકૃતિ છે કે મહારાજશ્રી તમે આવી જજો. 'તમે' અને આવી જજો આ બંને લૌકિક પ્રયોગ છે એટલે આપણે વૈષ્ણવોએ આપણી ભાષામાં અને આપણી જીભ ઉપર એક સરસ્વતી લાવવાની જરૂર છે. 'આપ', ઠાકોરજી માટે 'આપ' પ્રયોગ કરો. તમે ઠાકોરજીને કાની આપો છો. કેવી રીતે ? ઠાકોરજી તમે આરોગો. તમે નહીં. આપણે ઠાકોરજીના સેવકો છીએ. દાસ છીએ. ગુરુના પણ સેવક છીએ. પુષ્ટિમાર્ગમાં આ જ એક વિશેષતા છે કે જે પ્રાચીન વૈદિક સંસ્કૃતિ છે તેનો સીધો પ્રભાવ આપણી પુષ્ટિ સંસ્કૃતિમાં પડેલો છે અને તેથી કરીને આપણા પુષ્ટિમાર્ગમાં હું ફલાણા ગુરુનો શિષ્ય છું એમ પ્રયોગ થતો નથી. આપણે બોલીએ છીએ હું ફલાણા ગુરુનો સેવક છુ. આપણા પુષ્ટિમાર્ગમાં આપણે ગુરુના શિષ્ય નથી. ગુરુના સેવક છીએ. સેવક હોવાથી જે આદરણીય પ્રયોગ થતા હોય તે જ કરવા

'તમે'માં પણ એક તુકાર છે સંસ્કૃત ભાષામાં આદરણીય પ્રયોગ માટે 'ભવત્' શબ્દ ઉપયોગમાં લેવાય છે જેનો ગુજરાતીમાં અર્થ થાય છે 'આપ' તેથી ભગવાન કે ગુરુજનો માટે આપ શબ્દ વાપરવો. સંસ્કૃતમાં એવો પણ એક નિયમ છે કે પોતાના ગુરુજનો માટે પ્રયોગ કરવામાં આવે ત્યારે બહુવચનનો પ્રયોગ થાય. એકવચનમાં નહીં બોલાય. અંગ્રેજીમાં બાપ હોય, મા હોય કે ગુરુ હોય 'યુ' જ કહેવું પડે છે પછી તો ઈશ્વર માટેનો એક સ્વતંત્ર પ્રયોગ છે જે બધાને માટે થતો નથી. પરંતુ આપણે ત્યાં તેમ નથી. હરિ-ગુરૂ અને વૈષ્ણવ - બલ્કે હું તો તમને એવી સલાહ આપીશ કે જ્યાં સુધી તમારાથી શક્ય હોય ત્યાં સુધી વડીલોને પણ આપ કહેવાની આદત રાખો. જો કે એક વાત ચોક્કસ છે કે તું કારમાં આત્મીયતા છે પરંતુ આજની આપણી દશામાં આત્મીયતા કરતાં આદરણીયતા વધારે આવશ્યક છે. આપણે ઘણીવાર આત્મીયતામાં આદર ખોઈ દઈએ છીએ. આદર ખોઈને આપણે આપણી મર્યાદાનું પણ અતિક્રમણ કરીએ છીએ. ઘણીવાર વૈષ્ણવ પણ પોતાના ગુરુની તો વાત છોડો. પોતાના ઠાકોરજીના વિષયમાં પણ 'આ ઠાકોર જ આવો છે' એમ બોલે છે, તમે બહુ પ્રેમથી બોલ્યા છો. આત્મતીયતાથી બોલ્યા છો. પરંતુ ભગવાને તમને એ સખ્ય ભાવનું દાન કર્યું છે ? તમને અધિકાર આપ્યો છે? ગુજરાતમાં એક પદ્ધતિ ચાલી રહી છે કે, પતિ-પત્ની બંને એકબીજાને તું કહે છે. પણ આપણી સભ્યતાને હીસાબે, તેની પત્ની બન્યા પછી બોલશે કે તે પત્ની બનતાં પહેલાં જ બોલવાનું ચાલુ કરી દેશે ? કે પછી કોઈ પણ છોકરી કે કોઈ પણ છોકરો 'આવ્યો તો કે ગયો તો' કરશે. પત્ની અધિકારથી બોલી શકે છે પણ તું તો હજુ ઉમેદવારીમાં ઉભી છે. આપણે પણ આપણી ભાષામાં બને ત્યાં સુધી જીભને એવી વાળો કે જેથી આદર ક્યાંય પણ તૂટતો ન હોય. મુસલમાન લોકોમાં આદર ઘણો સમાયેલો છે. તેવી જ રીતે જોધપુરી ભાષામાં પણ ઘણો જ આદર રહેલો છે. એ લોકો લડે તેમાં પણ આદર રહેલો છે. 'આપ બડે બતમીઝ હૈ.' મોઢામાંથી આમ જ નીકળશે. ગુજરાતમાં બીજો પણ એક દોષ વધુ પડતો જોવા મળે છે. ક્યો ? ચંદ્રગોપાલ આવ્યા છે. મને

તમે શ્રી કે જી લગાવો કે ન લગાવો મને એની એલર્જી નથી. પરંતુ તમારી જીભને ખોટી આદત પડી રહી છે એ વાત નક્કી છે. પોતાના આદરણીય વ્યક્તિઓના નામની સાથે ‘શ્રી ’ અને ‘જી ’ લગાવવાની આપણી ભારતીય સંસ્કૃતિ છે. બનારસના બહુ મોટા વિદ્વાન વ્યક્તિ, સંસ્કૃતના ખાં એમની સાથે મારી ચર્ચા થઈ. એમણે જે લખ્યું એમાં મેં કેટલીક વાત ભાષાન્તર કરવા આપી. એટલે ‘વલ્લભ’ ‘વિઠ્ઠલ’ એવા પ્રયોગ કર્યા. મેં કહ્યું અહીં તમે ‘શ્રીવલ્લભાચાર્ય’ કહો શ્રીવિઠ્ઠલેશજી લખો મને કહે મહારાજશ્રી હીન્દી મેં ઐસા નહીં ચલતા. અંગ્રેજી મેં ઐસા નહીં હોતા હૈ. એમણે મને કહ્યું કે અંગ્રેજીમાં એવા શ્રી કે જી નથી લખાતા. મેં કહ્યું અંગ્રેજો નથી લખી શક્યા પણ અંગ્રેજીમાં લખી તો શકાય છે. શ્રી લખતા તમને નહીં આવડે તો સ્પેલિંગ જોઈએ તો હું આપું. અંગ્રેજો નથી વાપરતા એ માનવા હું તૈયાર છું. કારણ કે અંગ્રેજોમાં એ આદરનો વિષય જ નથી. અંગ્રેજીનો ઉપયોગ કરીએ તેથી એનો મતલબ એ નથી કે આપણે આપણી ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને છોડી દેવી. હું જ્યારે પણ લખીશ ત્યારે શ્રી અને જી વગર મારું લખાણ બહાર આવી શકે નહીં. તમારે ન લેવું હાય તો ન લો. તમને જો ‘શ્રી’ અને ‘જી’ ની એલર્જી હોય તો હું મારું લખાણ આપવા તૈયાર નથી. બાકી હું એમ જ કહીશ કે હિન્દુ તરીકે - ભારતીય તરીકે ‘શ્રી’ અને ‘જી ’ ની એલર્જી ન હોવી જોઈએ. એવી રીતે ભારતમાં રહેતા માણસને જો ધૂળની એલર્જી થાય તો બહુ દુઃખી થાય. તેમાં પણ વૈષ્ણવ સંપ્રદાયમાં આવ્યા પછી ધૂળની એલર્જી ચાલે જ નહીં. કેમ કે આપણે તો ધૂળમાં જ લોટવાનું છે. વ્રજમાં જાઓ ત્યારે કેટલાક વૈષ્ણવો ધૂળથી કમકમે. ત્યારે વ્રજમાં ઝાડપાન જોવા આવ્યા છો કે પત્તા ખાવા આવ્યા છો? ના. વ્રજમાં **‘મુરારિપદ-પંકજસ્ફુરદમંદરેણૂત્કટામ્’** જેવી રીતે ધૂળની એલર્જી, ભારતમાં રહેનારને પોષાય તેમ નથી. તેવી જ રીતે ભારતીય સંસ્કૃતિમાં ઉછેરેલ વ્યક્તિને ‘શ્રી ’ અને ‘જી’ શબ્દની એલર્જી ન હોવી જોઈએ. એટલે પ્રોટોકોલમાં સૌથી પહેલાં ગુજરાતીઓએ આ સમજવાની જરૂર છે કે આપણે ગુરુ અને ઠાકોરજીના વિષયમાં જે પારિભાષિક શબ્દો છે તે જ વાપરવા. તમે કહેશો કે ‘આપ’ કહીએ કે ‘તમે ’ કહીએ તેમાં શું ફરક પડ્યો ? મનથી તો અમે આદર આપીએ છીએને ? મનમાં આદર આપીએ તે વાણીમાં પણ હોવો જોઈએ. મન, વાણી અને ક્રિયા આ ત્રણેનું એક સરખાપણું હોવું જોઈએ. નહીં તો શું થશે ? તમારી વાણી જુદી પડશે, મન જુદું પડશે અને ક્રિયા જુદી થઈ જશે. વાણીમાં રહેલો અનાદર, કાલાંતરે, ક્રિયા અને મન બંનેમાં ખતરો પેદા કરે છે. આપણા કેટલાક ભજનોથી પણ આપણી વાણીમાં વિકાર આવે છે. આપણે ગાઈએ છીએ કે વલ્લભ વિઠ્ઠલ ગિરિધારી શ્રી યમુનાજીની બલિહારી. વલ્લભ અને વિઠ્ઠલ અને પાછા શ્રીયમુનાજી. બધા જ લોકો વલ્લભ, વલ્લભ બોલતા થઈ ગયા. તમને શ્રીવલ્લભ કે શ્રીવિઠ્ઠલ બોલતા શું જીભ પર જોર આવે છે ? આપણો એક આદર એમાંથી ઝળકે છે. ભાષા એ ભાષા. ‘ભાષતે’ જે વસ્તુ ભાષે છે તે ભાષા છે. ભાષવું એટલે પ્રકાશવું. શુ પ્રકાશે છે ? તમારા મનમાં કોઈ વ્યક્તિ માટે કેવો આદર કે કેવો અનાદર છે એ બધું તમારી ભાષામાંથી પ્રગટ થાય છે. આપણા શરીરમાં ભગવાને - પ્રકૃતિએ એવા દરવાજા મૂક્યા છે જેનાથી આપણા મનના પ્રત્યેક ભાવો બહાર અભિવ્યક્ત થઈ જાય છે. જો કે આપણું આખું શરીર મનની અભિવ્યક્તિનું સાધન છે. આપણી કોઈ પણ ક્રિયા, આપણા શરીરની કોઈ પણ સ્થિતિ આપણા મનોભાવને અભિવ્યક્ત કરે જ છે. ફક્ત એને વાંચનારો હોવો જોઈએ. મનની ભાષાને વાંચવુ એક સ્વતંત્ર વિષય છે એને માટે મારે એક સ્વતંત્ર શિબિર રાખવી પડે. તમે દર્પણ સામે જાવ તો પ્રતિબિંબ પડવાનું જ. તમારા ચહેરા ઉપર, તમારા શરીરના અંગો ઉપર તમારા મનના વિષયોનો ભાવ આવી જ જાય છે. આપણા બે દ્વાર વાણી અને આંખ એવા છે કે એમાં મનનું જેટલું પ્રતિબિંબ પડે છે એટલું બીજી વસ્તુમાં પડતું નથી. સૌથી વધારે મનનુ આંખમાં, અને આંખ પછી બીજા નંબરે જો મનનું પ્રતિબિંબ ઉત્પન્ન થાય છે તો તે વાણીમાં એટલે આપણે આપણી વાણીને બહુ જ શુદ્ધ અને પારિભાષિક રાખવી. ઠાકોરજી જ્યારે દાળ, ભાત, શાક, રોટલી લઈને બિરાજે છે ત્યારે આપણે શું બોલીએ છીએ? અને શું બોલવું જોઈએ

? તમે કાની આપી તો ખરી પણ એ ક્રિયાને શું કહેવાય ? જમવા બેઠા છે કહો તો વાંધો કહેવાય ? પણ નહીં. જમવાનું અમારા માટે, ઠાકોરજી એ જ ક્રિયા કરે છે પણ ઠાકોરજી આરોગે છે એમ કહેવાય. કોઈ વ્યક્તિ આપણે ત્યાં આવે છે ત્યારે શું કહીએ છીએ ? આવો, આવો બેસો. આવો, આવો ચોંટો, કહેવામાં કાંઈ વાંધો છે ? પણ ના એવું નથી કહેતા. આ તો લૌકિકમાં છે. પુષ્ટિમાર્ગ પણ નહીં, આપણી સામાન્ય ઘરેલુ સભ્યતાની વાત કહું છુ-કોઈ પણ આવેલી વ્યક્તિને એમ ન પૂછાય તમે શું ખાશો ? તમે શું લેશો એમ પૂછાય. ખાશો અને લેશો એ બંનેમાં ઘણો ફરક છે. શું ખાશો ? જાણે એ ખાઉધરો હોય, આખી ભાવના બદલાઈ જાય. તમે શું લેશો ? એમ પૂછવું જ બરાબર છે. એજ પદ્ધતિથી આપણે ઠાકોરજી માટે અને ગુરુજી માટે બોલીએ છીએ કે આપ આરોગો, તમે જમો નહીં. તમે બેસો નહીં. આપ બિરાજો. હવે એક વાક્ય હું તમને આપું છું એને પુષ્ટિમાર્ગીય રીતે બોલો. હું અત્યારે અહીં પાટ ઉપર બેઠો છું, તો કેવી રીતે બોલશો ? તમારે કોઈ ભાઈને કહેવું હોય કે હું ક્યાં છુ, તો શું કહેશો ? આપશ્રી, કારણ કે પહેલાના જમાનામાં ગુરુનુ, પતિનું નામ લેવાતું નહોતું. તો શું કહેવું ? અમારા માતૃચરણ પણ જ્યારે પણ પિતૃચરણ માટે પૂછે ત્યારે એમ જ પૂછે કે આપ ક્યાં બિરાજે છે ? અમે સમજી જતા. ચન્દ્રગોપાલજી પાટ ઉપર બેઠા છે એમ બોલવું એ નિયમ વિરુદ્ધ છે. નામથી બોલવું અને બેઠા છે એમ બોલવું બંને બરાબર નથી. અહીં જે 'આપશ્રી' શબ્દ આવ્યો તે ગુરુનું નામ ન લેવાય એ રીતે. મને એમ લાગે છે કે ગુરુનું નામ ન લેવાય એ રીવાજ ઘણો સારો હતો. ફલાણા એ નામ ઈંગિત થવામાં વ્યક્તિવાદ આવી જાય છે. એનાથી ગુરુનો જે આદર અને ગુરુનો જે મનમાં પ્રભાવ હોવો જોઈએ એમાં ઉણપ ઉત્પન્ન થાય છે. સંક્ષિપ્તમાં ગુરુ માટે અને ઠાકોરજી માટે પારિભાષિક શબ્દનો પ્રયોગ કરવો. એટલું જ નહીં જે નહીં જાણતા હોય તે વૈષ્ણવે કોઈક જાણકાર પાસેથી પારિભાષિક શબ્દો જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ. મને લાગે છે કે પુષ્ટિમાર્ગમાં વપરાતા પારિભાષિક શબ્દોનો એક શબ્દકોષ બહાર પડવો જોઈએ અને દરેક વૈષ્ણવને મળવો જોઈએ. જેથી વૈષ્ણવોને ખ્યાલ આવે. વૈષ્ણવો અજ્ઞાન છે અને અજ્ઞાનતામાં દોષ કરી રહ્યા છે.

(૨૪) ગુરુ તથા ભગવાન માટે ઉપયોગમાં લેવાતા કેટલાક પારિભાષિક શબ્દો –

સાધારણ	પારિભાષિક
ઊઠવું.	જાગવું
સૂવું.	પોઢી જવું
નહાવું.	સ્નાન કરવું
બેસવું.	બિરાજવું
જમવું.	ભોજન કરવું - આરોગવું
જવું-આવવું.	પધારવું
કપડા.	વસ્ત્રો
વાનગી.	સામગ્રી
દિવાનખાનું.	(ગુરુ માટે) બેઠક (શ્રીપ્રભુને માટે) નિજમંદિર
જન્મવું.	પ્રગટ થવું
ગુજરી જવું.	નિત્યલીલામાં પ્રવેશવું
હયાતી.	ભૂતલ પર બિરાજમાન સ્થિતિ
કહેવું.	આજ્ઞા કરવી
ભૂલી જવું.	વિસ્મરણ થવું
બુહારી.	સોહની
પોતું.	મંદિરવસ્ત્ર
રસોઈ બનાવવી.	સામગ્રી સિદ્ધ કરવી
ફલ-શાક વગેરે કાપવું.	સમારવું
જમેલું.	પ્રસાદ

જૂઠણ અથવા વાપરેલું.	પ્રસાદી
સગડી.	અંગીઠી
સગડી સળગાવવી.	અંગીઠી પ્રગટાવવી
પહેરાવવું.	ધરાવવું
ઉતારવું-મિટાવવું-ભૂસવું-બુઝાવવું-હટાવવું.	વડા કરવું
ફોટા.	ચિત્રજી
શ્રીપ્રભુની મૂર્તિ.	સ્વરૂપ
કામ કરવું.	સેવા કરવી
એકથી બીજી જગ્યાએ લઈ જવું, નીચે-ઉપર મૂકવું.	પધરાવવું
ધોવું.	ખાસા કરવું
પગ.	ચરણારવિન્દ
મોઢું.	મુખારવિન્દ
આંખ.	નેત્ર
નાક.	નાસિકા
વાળ.	કેશ
ડૂંટી.	નાભી
હથેળી.	કરતલ
પગ-તળીયું.	ચરણતલ
અંગૂઠો.	અંગુષ્ઠ
આંગળી.	અંગુલી
રુંવાટી.	રોમ
પાંપણ.	પલક
કાળું.	શ્યામ
કપાળ.	લલાટ-ભાલ
ઊભું.	ઠાડું
ચરણચોકીમાં જડેલી શ્રીપ્રભુની મૂર્તિ.	અચલ સ્વરૂપ

(૨૫) શ્રવણ કરતી વખતે ખૂંધા ન બેસવું કે છાતી કાઢી ન બેસવું -

તમે જ્યારે ગુરુની સામે શ્રવણ કરવા બેસો તે વખતે, ખૂંધા વળીને બેસવું કે છાતી કાઢીને બેસવું આ બે માંથી એક પણ મુદ્રા ન જોઈએ. તમારી પાછળની રીડની હડ્ડી બિલકુલ સીધી જોઈએ. કોઈ પણ વાતમાં ચિત્તની એકાગ્રતાને માટે, કોઈ વસ્તુને ધ્યાનમાં કેન્દ્રિત કરવાને માટે સમ્પૂર્ણ રીડની હડ્ડી એકદમ સીધી હોવી જરૂરી છે. તો જ એ વસ્તુમાં તમારું ધ્યાન બરાબર કેન્દ્રિત થશે. આ એક શારીરિક નિયમ છે. તમે જ્યારે સાંભળવા બેસો છો તે વખતે સામેવાળા વ્યક્તિને તમારે તમારી બુદ્ધિમાં બરાબર ઉતારવાના છે તે ઉતારતી વખતે જો તમારી બેસવાની મુદ્રા ગલત હશે તો એ ખોટું થઈ જશે. માટે જ્યારે તમે તમારા ગુરુજનો સમક્ષ સાંભળવા બેસો તે વખતે તમારી રીડની હડ્ડી એકદમ સમાન રાખવી. છાતી કાઢીને બેસવાથી તમારી બુદ્ધિમાં ધીમે ધીમે અહંકારના ભાવની વૃદ્ધિ થશે અને ખૂંધા વળી બેસવાની મુદ્રાથી-વારંવાર બેસવાની પદ્ધતિ રાખવાથી ધીમે ધીમે તમારી બુદ્ધિમાં કારણ વિનાની દીનતા પેદા થશે. જેટલું દૈન્ય આપણામાં જોઈએ તે જોઈએ. પરંતુ પોતાનામાં હીન ભાવ તો નહીં જ જોઈએ. છાતી કાઢીને બેસવાથી અહંકારનો ભાવ સૂક્ષ્મ રીતે બુદ્ધિમાં વધે છે અને ખૂંધા વળીને બેસવાથી કારણ વિનાની દીનતા - દીનભાવ પેદા થાય છે. એટલે આ બંને, ખૂંધા વળીને બેસવાની અને છાતી કાઢીને બેસવાની મુદ્રા કરતાં, શકય તેટલું સીધા બેસવાની આદત પાડશો એટલા તમે વધારે સુખી રહેશો. બલકે પચાસ ટકા જેટલા તમારા રીડના રોગો પણ નહીં થશે, મણકો ખસવો

વગેરે રોગ છે અને તે પચાસ ટકા તો આ મુદ્રાથી મટી જશે. તમે કોઈ હાડકાના સારા ડૉકટરને પૂછજો કે આપણા હાથ-પગની મુદ્રા, વળેલી રાખીએ અને સીધી રાખીએ તો તેથી આપણી નસોમાં શું ફરક થાય છે ? અત્યારે તો તમે પણ ડૉકટર નથી અને હું પણ ડૉક્ટર નથી માટે વધારે લેકચર ન આપવુ જોઈએ. પણ એક વાત નક્કી છે કે રીડનું હાડકું લગભગ એક સરખું હોય અને એ સ્થિતિમાં તમારા શરીરની કોઈ પણ મુવમેન્ટ થાય એ તમારામાં, પ્રાયઃ કરીને તમારી નસોમાં અને તમારા હાડકામાં, તમારા શરીરમાં વિકાર ઉત્પન્ન થવા દેતા નથી. અને બાકીની મુદ્રાથી તમારા શરીરમાં વિકાર ઉત્પન્ન થાય છે. એટલે બને ત્યાં સુધી તો વૈષ્ણવોએ એક આદત રાખવી કે જેટલું બને તેટલું સ્થિરતાથી બેસવું. અને એ રીતે બેસીને કામ કરવાનું જેટલું તમે પસંદ કરશો તેટલા તમે વધારે સુખી રહેશો. એક વાત ધ્યાનમાં આવી ગઈ કે આપણે જ્યારે પ્રવચન સાંભળવા બેસીએ, શિબિરમાં આવીએ ત્યારે બધાએ પ્રાયઃ કરીને ટટ્ટાર બેસવું. જેનાથી ના બેસાય એણે ખેંચાઈ - ખેંચાઈને બેસવાની જરૂર નથી. પણ પ્રયત્ન ચોક્કસ કરવો. બને ત્યાં સુધી તમે લખાણ પણ અમુક મુદ્રામાં લખશો તો વધુ સારું છે. તમારી આંખને અમુક ધરી પર લખવાની (ટટાર બેસીને પાટિયું-કાગળ ખોળા ઉપર રાખીને લખવાની) આદત રાખો. શરૂઆતમાં થોડું ઓછું દેખાશે, થોડી તકલીફ પડશે પણ એથી ધીમે ધીમે ઘણો લાભ થશે. એટલે આ મુદ્રા તમારે હમેશાં રાખવી. પોતાના ગુરુ સામે, પોતાના ઠાકોરજી સામે છાતી કાઢીને ઊભા રહેવું એ પણ પ્રોટોકોલથી વિરૂદ્ધ છે. હંમેશા ઠાકોરજી સામે દૈન્ય રાખીને જ ઊભા રહેવું. ગુરુની આગળ આપણામાં હંમેશા દૈન્યભાવ જ જોઈએ. આજ દીનતાને અને આ જ મુદ્રાને ગીતામાં પણ કહી છે. પણ એમાંથી આપણે પ્રોટોકોલ વિચાર્યો નહીં. **‘તદ્ વિદ્ધિ પ્રણિપાતેન’** આ પ્રણિપાત શબ્દ આપણે વાંચ્યો. પરંતુ પ્રણિપાતનો પ્રોટોકોલ આપણે પકડ્યો નહીં. ગીતા કહે છે -

તદ્ વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા ।
ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્તત્ત્વ દર્શિનઃ ॥
(ગીતા - ૪ -૩૪)

હે અર્જુન ! તું ગુરુ પાસે જાય ત્યારે સૌથી પહેલા શું કરશે ? આ તો જેમ ભગવાન, કોઈ બાપ -બેટીને વળાવે અને ઉપદેશ આપે, જો બેટી તું સાસરે જાય ત્યારે સાસુજીને પ્રણામ કરજે, સસરાજીને પ્રણામ કરજે. એવી રીતે અહીં અર્જુનને કહે છે જો બેટા ‘તદ્ વિદ્ધિ’ તું જ્યારે ગુરુ પાસે જાય ત્યારે શું કરશે ? સર્વ પ્રથમ આદર-દીનતાપૂર્વક પ્રણામ કરજે.

(૨૬) પ્રવચન-કથા વગેરેમાં પંક્તિબદ્ધ બેસવું -

તમે જ્યારે ગુરુજનોને ત્યાં અથવા તો ઠાકોરજીના દર્શનમાં બેસો ત્યારે શક્ય હોય ત્યાં સુધી બધા એક પંક્તિમાં બેસવાનો આગ્રહ રાખો. જેમ ફાવે તેમ ન બેસી જવું. તમો દરેક વ્યક્તિ પ્રવચનમાં કે દર્શનમાં ઊભા રહો કે બેસો તે વખતે આદત એવી પાડો કે તમે લોકો પંક્તિબદ્ધ ગોઠવાઈ જાવ. જે વૈષ્ણવો પંક્તિબદ્ધ બેસવાની આદતવાળા નથી તે લોકોને દોષ ક્યાં પેદા થાય છે ? એ લોકો ઠાકોરજીની સેવામાં એક ઘોડો આમ મૂક્યો હશે તો એક ઘોડો તેમ મુક્યો હશે. એક નેત્ર ઉપર ધરાવશે તો બીજું નેત્ર નીચું ધરાવશે. એ અવ્યવસ્થિતતા તમે તમારી સેવામાં રાજભોગનો સાજ જોશો ને એટલે તમને ખ્યાલ આવી જશે.

અમારે ત્યાં અમારા દાદાજી મહારાજે નાનપણમાં અમને આદત નાંખેલી કે ઠાકોરજીને શ્રૃંગાર ધરાવ્યા પછીથી પાછા દૂર જઈને જોવું કે બે કુંડળો સરખા છે કે નહીં. ઠાકોરજીને ધરાવેલા કુંડળો એક સરખા, કર્ણ ફૂલ એક સરખા. એક નીચું અને બીજું ઊંચુ એમ નહીં. દરેક વસ્તુને સરખી છે કે નહીં તે જોવું. જ્યારે રાજભોગનો (દર્શનનો) સાજ લાગે,

દૂર જઈને જોવું, પાસે આવીને જોવું - પાછા દૂર જઈને જોવું. શું જોવું ? ગાયો બંને સરખા એંગલમાં છે કે નહીં કઠેરા બંને સરખા એંગલે છે કે નહીં, પાટ અને સિંહાસન વચ્ચેની સિમેટ્રી સરખા એંગલ પર છે કે નહીં. ઠાકોરજીને જ્યારે ગાદી પર પધરાવો ત્યારે એકદમ મધ્યમાં જ પધરાવવા પણ ઠાકોરજી કોઈક વાર ડાબે બિરાજતા હોય અને કોઈક વાર જમણે બિરાજતા હોય એમ ન હોવું જોઈએ. જે વૈષ્ણવોને પંક્તિમાં બેસવાની આદત નથી ને એમનામાં પોતાના ઘરમાં પણ સેવામાં શિસ્ત નહીં આવે. ઠાકોરજીનો દરબાર અને ઠાકોરજીનું ઘર બહુ જ સુવ્યવસ્થિત અને શિસ્તવાળું હોવું જોઈએ. ટૂંકમાં કહેવાનું કે ગમે તેમ બેસવાથી, પંક્તિબદ્ધ ન બેસવાથી આપણા ક્યા મનોભાવ વધે છે ? જ્યાં ફાવે ત્યાં બેસી જાઉં છું. મને ફાવે ત્યાં ગાય મૂકી દઉં છું. મને ફાવે એમ જ્યાં આવ્યું કે તમે સેવામાંથી ચૂક્યા. ઠાકોરજીની સેવા તમારા ફાવવા માટે છે કે ઠાકોરજીના ફાવવા માટે છે ? નક્કી કરો. એટલે સૌથી પ્રથમ તમે જ્યારે તમારા ગુરુજનોની સામે જાઓ. ભગવાનના દરબારમાં જાઓ ત્યારે બહુ જ શિસ્તથી બેસવાની અને ઊભા રહેવાની પદ્ધતિ તમારામાં કેળવો. જેટલું જેટલું શિસ્ત તમારા આચરણમાં લાવશો તેટલું - તેટલું શિસ્ત તમારી બુદ્ધિમાં અને તમારા વિચારોમાં કેળવાતું જશે. તમે જે શરીરથી આચરણ કરો છો એનો પ્રભાવ ધીમે ધીમે બુદ્ધિમાં અને મનમાં પણ જતો હોય છે.

(૨૭) વિચારશુદ્ધિમાં આચારશુદ્ધિનું મહત્ત્વ -

તેવી જ રીતે એક વ્યક્તિ પોતાના ઘરમાં કઈ રીતે રહે છે એના આધાર પર એની બુદ્ધિનો ખ્યાલ આવી જાય છે. જે લોકોને આદત છે કે પોતાના ઘરમાં બહારથી આવ્યા અને એક જોડો આમ ફેંક્યો, બીજો આમ ફેંક્યો. કોટ ઉતારી આમ ફેંક્યો, ટાઈ ઉતારી - સાત દિશામાં સાત વસ્તુ ફેંકેલી હોય. બોલો આ વ્યક્તિનો સ્વભાવ કેવો હશે ? આવા લોકો

અસંતુલિત જીવન - અસંતુલિત બુદ્ધિ અને અસંતુલિત માનસવાળા હોય છે.

કેટલીક વાર આપણા મનના વિષયો - બુદ્ધિના વિષયો આપણી ક્રિયામાં આવતા હોય છે અને કેટલીક વાર આપણી ક્રિયાઓ ધીમે ધીમે મન અને બુદ્ધિને પણ પ્રભાવિત કરતાં હોય છે. અતઃ તમારી બુદ્ધિમાં દોષો છે તેને દૂર કરવા માટેના આ બધા નિયમો છે. તમે તમારા આચરણમાં ધીમે ધીમે વ્યવસ્થિતતા લાવો. બુદ્ધિને સુધારવા માટે તમારા આચરણને શુદ્ધ કરો. આચાર-વિચાર બંને એક બીજાના પૂરક છે. વિચારથી આચાર બને છે અને આચારથી વિચાર બને છે. એટલા માટે જ આપણે ત્યાં આચાર-વિચારનું ઘણું મહત્ત્વ છે. આજના લોકોને સિંહથી પણ વધારે ડર લાગતો હોય તો પુષ્ટિમાર્ગની અપરસથી લાગતો હોય છે. જે લોકોને આ પુષ્ટિમાર્ગથી ડર લાગે છે એ લોકો પોતાના જીવનમાં એદી અને પ્રમાદી હોવા જોઈએ. સંડાસ ગયા તો શા માટે નહાવાનું ? છે કાંઈ જરૂરિયાત ? દીકરો આખો દિવસ પોતાની માને કોચ્યા કરે કે શું બા આખો દિવસ નાહ્યા કરે છે ? અલ્યા ભાઈ તમને કાંઈ વાંધો છે ? ગામડાનો કોઈ અનાડી માણસ, તમને આખો દિવસ સાબુથી હાથ ધોતા જુએ અને પૂછે શું આખો દિવસ સાબુથી હાથ ધોયા કરો છો ? ત્યારે એ પૂછનારો તમને ગાંડો લાગે છે પણ તમે આ લોકોને ગાંડા કહેનારા જ કેટલા ગાંડા છો. પેલાના શરીરમાં પ્રમાદ નથી જેમ તમને હાથ ધોવામાં આળસ નથી. જમ્યા પહેલા હાથ ધોઈ નાંખો. જમ્યા પછીથી બ્રશ કરી નાંખો. શું કહેવું આને ? દાંતની દેખભાળ કરવા માટે બ્રશ કરવું જરૂરી છે હાથ ધોયા વિના કોઈ વસ્તુનું ખાન-પાન કરવું નહીં. પણ આજના સંસ્કારી લોકો કઈ દશામાં છે ? આજની સંસ્કૃતિ-ઘરમાં સો વાર હાથ ધુવે. જમ્યા પહેલા અને જમ્યા પછી પણ હાથ ધુએ. પરંતુ જ્યારે બજારમાં જાય ત્યારે ન ધુએ હાથ ન ધુએ પગ. કોઈ

પણ જગ્યાએ ઊભા રહીને ભૂસુ ખાનારને તમે પૂછો કે તારો હાથ શુદ્ધ હતો ? તમારો હાથ તમે ટ્રેઈનની સીટમાં આમ તેમ ઘસ્યો હોય, સીટ ઉપર કોણ જાણે કયો વ્યક્તિ બેઠો, કઈ વ્યક્તિએ કોણ જાણે શું વ્યવહાર કર્યો, એનાથી તમામ જંતુ તમારા હાથ પર આવ્યા અને એ હાથથી ખાધેલું કીટાણુ-વિષાણુરહિત કેવી રીતે ? આ ચર્ચા તો એકવાર એસી ફર્સ્ટ કલાસમાં બેઠેલી એક સુશિક્ષિત વ્યક્તિ જોડે મારે થયેલી. મને એ લોકોએ ટોક્યો કે મહારાજશ્રી આખરે આપ આ ટીલા ટપકાંવાળાને ? તમે લોકો બહુ ઓર્થોડોક્સ કહેવાઓ. મેં કહયું અમને અમારા ઓર્થોડોકસપણાનો આનંદ છે. પણ બોલો તમારે શું વાત કહેવી છે ? એમણે કહ્યું, જુઓ, અમે કેટલું ખાઈ-પી શકીએ છીએ. તમે કશું ખાઈ ન શકો. મેં કહ્યુ આખો દિવસ ખવાય એ સદ્ભાગ્ય કે ન ખવાય એ સદ્ભાગ્ય ? તમે પચાસ વર્ષના પેપર ભેગા કરો અને એમાંથી એક કટિંગ કાઢી આપો કે ફલાણો માણસ ખાધા વગર મરી ગયો. આ દુનિયામાં જેટલા મર્યા છે ને ખાઈ ખાઈને મર્યા છે એ વાત નક્કી છે.

હું તો લગભગ વૈષ્ણવોને પણ જોઉં છું. ગ્લાસ પોતાનો અપરસનો હોય તેને ટ્રેનમાં બેઝીનના નળમાં ધુએ હવે તમે કહો એ હાઈજનીક છે ? જે જગ્યાએ જે બેઝીનમાં લોકો લેટ્રિનના હાથ ધોતા હોય, ગમે તેવો એંઠવાડો નાંખતા હોય, ગમે તે વ્યક્તિ હાથ લગાડતી હોય તે નળમાંથી પાણી લઈને તમારા ગ્લાસ ને ધુવો. ધર્મની વાત છોડો, આ હાઈજનીક પણ છે ? કેટલાય લોકોના ઘરમાં મેં જોયું કે બાથરૂમની અંદર બેઝીન હોય તો એક હોય. એમાં જ બ્રશ કરે, એમાં જ લેટ્રિનના હાથ ધુએ એમાં જ બધા કામ કરતા હોય છે. તમે કોઈ સારા ડૉક્ટરને પૂછીને સલાહ લો કે મારા બાથરૂમમાં મેં આ વ્યવસ્થા રાખી છે બરાબર છે ? હાઈજનીક છે ? એટલે બુદ્ધિમાં રહેલો પ્રમાદ-દોષ આચારથી દૂર થાય છે. બુદ્ધિમાં કોઈ પણ વસ્તુ ચલાવી ન લેવાની, દોષવાળી વસ્તુ ચલાવી ન લેવાની આપણી મનોવૃત્તિ એ આપણા આચાર વિચારમાંથી જ કેળવાય છે. એટલે આપણે આપણા વિચારની શુદ્ધિ માટે સર્વ પ્રથમ આપણે આપણા આચારની શુદ્ધિ કરવી.

(૨૮) પ્રણામ કેવી રીતે કરવા -

એક હાથે, અથવા ઊંધા હાથે ભગવાનને કે ગુરુને પ્રણામ થાય નહીં. જમતા જમતા જે જે એમ કહી એક હાથે પ્રણામ ન કરવા - ન કોઈ દિવસ છાતી પર હાથ મૂકીને એરઈડિયાનું પ્રતિક બનજો. પ્રણામ કરો તો વ્યવસ્થિત કરજો, બે કર જોડેલી મુદ્રા પ્રણામની મુદ્રા છે અને આ મુદ્રા સામેવાળી વ્યક્તિના સ્પંદનો ગ્રહણ કરવાવાળી મુદ્રા છે. જે રીતે ઘરમાં ઉપર લગાવેલું એરિયલ શબ્દો અને રૂપનું ગ્રાહક છે તે જ રીતે આ મુદ્રા પણ એક પ્રકારે આપણું એરિયલ છે. આપણા હિદું ધર્મમાં ચોટી રાખવામાં આવે છે ને એ પણ એક એરિયલનું કામ કરે છે પણ એનું વિજ્ઞાન આખું જૂદું છે, એની ક્યારેક આપણે ચર્ચા કરીશુ. પણ આ પ્રણામ મુદ્રા પણ એક એરિયલ છે. સામેવાળી વ્યક્તિના સ્પદંનો, સામે વાળી વ્યક્તિમાં રહેલી વિશેષતાને, એના વિચારોને ગ્રહણ કરવા માટે, એની એનર્જી, એની શક્તિ, એની ઊર્જા ગ્રહણ કરવા માટેનું સાધન છે. માટે હમેશાં પ્રણામ પ્રણામની મુદ્રામાં જ કરવા. આશીર્વાદ એ આપવાની મુદ્રા છે. પોતાનામાં રહેલી વસ્તુ, બીજાને આપવી હોય ત્યારે આશીર્વાદ મુદ્રાથી અપાય છે ‘જા તારું કલ્યાણ થાવ.’

કોઈ સાસુ બે હથેળી જોડી, લેવાની મુદ્રામાં વહુને એમ કહે કે અખંડ સૌભાગ્યવતી ભવ ત્યારે એમ ન ચાલે. અખંડ સૌભાગ્યવતી ભવ બોલતી વખતે આપવાની મુદ્રા રાખવી જોઈએ. કોઈને અભયદાન - જા મેં તને મુક્ત કર્યો. ત્યારે પાંચ આંગળી જોડાયેલી હથેળી સહિતનો હાથ ઊંચો થશે. આમ સાધારણ રીતે પણ તમારી એકશન એ જ થાય છે. ઉચ્ચારણ બે પ્રકારે થાય છે. એક કેવલ વાણીથી, એક મુદ્રાસહિતની વાણીથી, મુદ્રાસહિતની વાણી વધારે પ્રભાવશાળી બને છે. કેવલ

વાણીમાં ઊર્જા એકદમ શીઘ્ર પેદા થતી નથી. એટલે મુદ્રા એ ઊર્જા માટેનું એક મહત્ત્વપૂર્ણ સાધન હોવાથી, આપણે આપણી પ્રણામ મુદ્રા બહુ જ શુદ્ધ અવસ્થામાં કરવી જોઈએ. અશુદ્ધ અવસ્થામાં કરેલા પ્રણામ એ અશુદ્ધ ઊર્જા-વિકારોને ઉત્પન્ન કરી શકે છે. અશુદ્ધ અવસ્થા માં પણ પ્રણામ ન થાય. ખરેખર તો નિયમ એવો છે કે રજ:સ્વલા સ્ત્રીની અશુદ્ધ અવસ્થા હોવાથી તે અવસ્થામાં પ્રણામ ન થાય, સૂતકી વ્યક્તિથી પ્રણામ ન થાય, સંડાસ ગયા છો અને નાહ્યા નથી એવી અશુદ્ધ અવસ્થામાં પ્રણામ ન થાય. અશુદ્ધ અવસ્થામાં કે એંઠા હાથે પ્રણામ કરવા એ સભ્યતાની દૃષ્ટિએ પણ એનું અપમાન છે. પ્રણામ યોગ્ય સમય પર કરવા, પ્રણામ આવશ્યકતા પર કરવા. કારણ વગર જે માણસ ઝૂક્યા કરે-પ્રણામ કર્યા કરે એને માટે તુલસીદાસજી લખે છે **‘દગલબાજ દુના નમે, ચિત્તા ચોર કમાન.’** કારણ વગરના પ્રણામ નિરર્થક છે. બલકે આપણી અંદર કેટલીકવાર હીનભાવ પેદા કરે છે. યોગ્ય સમય પર કરેલા પ્રણામ આદર અને સદ્‌ભાવને પેદા કરે છે અને કારણ વિનાના કરેલા પ્રણામ પોતાનામાં હીનભાવને અને સામેવાળી વ્યક્તિના દોષ દર્શનમાં કારણ ભૂત બને છે. એટલે કારણ વિના પણ પ્રણામ ન કરવા એ જ બરાબર છે.

(૨૯) પ્રણામ મુદ્રા તથા અન્ય મુદ્રાઓ -

પ્રણામની મુદ્રાથી જ પ્રણામ કરવા જોઈએ. તમને જેમ ફાવે તેમ પ્રણામ કરો એ પ્રણામ નથી. એટલે પોતાના હાથની ૫+૫=૧૦ આંગળીઓનું આમ પરસ્પર મળવું, એ પ્રણામ છે. પ્રણામ એ એક મુદ્રા છે. આપણા ધર્મ શાસ્ત્રમાં, નાટ્ય શાસ્ત્રમાં અને તંત્રશાસ્ત્રમાં ત્રણેય શાસ્ત્રોમાં મુદ્રાઓનું વિશેષ મહત્ત્વ છે. કોઈ પણ મુદ્રા શક્તિનો સંચાર કરવામાં અને શક્તિને ઉપલબ્ધ કરવામાં મહત્ત્વપૂર્ણ સાધન બની જાય છે. એટલા જ માટે નાટ્યશાસ્ત્રમાં આખી વાળેલી મધ્યમા અંગુલિ એ મૃત્યુમુદ્રા છે. જ્યારે નાચનારી કોઈ મૃત્યુનો કે સંહારનો અભિનય કરે તે વખતે એ મુદ્રા કરે. મધ્યમા આગંળી છે તે મૃત્યુની આંગળી છે. માટે આ આગંળીથી કોઈ શુભ કાર્ય થતું નથી. તમે કોઈને મધ્યમા આંગળીથી તીલક કરો એ જેને તીલક કરો એના માટે અશુભ સ્મરણ કર્યું કહેવાય. એટલે કે ભગવાન તને પૂરો કરે . જે લોકો મારણ- મૂઠ- ચોટ એના જ્યારે પ્રયોગો કરે છે ત્યારે એ લોકો જપ પણ આ આંગળીથી કરશે. કોઈને મારી નાંખવાનો મંત્ર બોલવો હોય - મંત્રના જપ કરવા હોય તો મધ્યમા આંગળીની મુદ્રા રાખીને કરવામાં આવે છે. તર્જની અને અંગુઠાનો અગ્રભાગ મળેલી મુદ્રા એ જ્ઞાન મુદ્રા છે. શ્રીમહાપ્રભુજીના ચિત્રજીના દર્શન કરો તો એ જ્ઞાન મુદ્રા છે. અંગુઠો અને તર્જનીનો અગ્ર ભાગ એને જોઈન્ટ કરવો એ જ્ઞાન મુદ્રા છે. જ્ઞાન મુદ્રાથી તમારા વિચારોને, તમારી અંદરની જે અભિવ્યક્તિ છે એને સામેવાળી વ્યક્તિ પર અભિવ્યક્ત કરવાનું આ સાધન છે. જ્યારે શિષ્ય ભણતો હોય તે વખતે ગુરુ જ્ઞાનમુદ્રા રાખી, પોતાનમાં રહેલા જ્ઞાનને શિષ્યમાં સંસ્કારરૂપે સ્થાપે છે. આ મુદ્રાથી જે બોલવામાં આવે છે ત્યારે સંસ્કારરૂપે એના રહસ્યનું જ્ઞાન દૃઢ થાય છે. પણ બહુ લાંબા કાલાંતરે મુનષ્યને એનો લાભ ખબર પડે છે. જેવી રીતે સ્ત્રી અને પુરૂષના સંયોગ પછી, જે અતિસૂક્ષ્મ શુક્રાણુઓ એ સ્ત્રીના ઉદરમાં પ્રવેશ કરે છે ત્યારે ખબર પણ નથી પડતી કે ગર્ભનું સ્થાપન થયું છે, પરંતુ જેમ જેમ ગર્ભ વધતો જાય છે ત્યારે ધીરે ધીરે ખબર પડતી જાય છે કે આ સ્ત્રી ગર્ભિણી છે. તેવી જ રીતે જ્ઞાન મુદ્રાથી જ્ઞાન સંસ્કારરૂપે નાંખવામાં આવે છે તે સંસ્કાર રૂપે અંદર રહીને પછી પોષણ મળતાં એ જ્ઞાન આગળ વધે છે.

(૩૦) જપ-પાઠ-ધ્યાનમાં શાન્તમુદ્રા વધુ ઉપકારક છે -

પદ્માસનની પલાઠી મારી બંને હાથ લાંબા-સીધા રાખી પલાઠીમાં ખુલ્લી ડાબી હથેલી નીચે રાખી તે ઉપર જમણી હથેલી

ખુલ્લી રાખી બેસવું એ મુદ્રાને લોકો ધ્યાન મુદ્રા કહે છે પણ આ શાંત મુદ્રા છે. જે આપણને મહાવીર સ્વામીની મૂર્તિઓમાં, ભગવાન બુદ્ધની મૂર્તિઓમાં જોવા મળે છે. શાંત મુદ્રા એટલે **‘લય-વિક્ષેપ રહિતા ચેતસોડવસ્થા શાંતિ :’** જેમાં લય પણ નહીં હોય અને વિક્ષેપ પણ નહીં હોય એવી ચિત્તની અવસ્થા શાન્તિ છે. આજના કરાવાતા મેડીટેશનો અને આપણે ત્યાંનુ જે ધ્યાન એમાં એક જ અંતર રહેલું છે. આજના લોકો જે મેડીટેશન કરાવે છે તેમાં આંખ બંધ કરાવી દે છે અને કપાળના મધ્યમાં તમારુ ધ્યાન કેન્દ્રિત કરવાનું બતાવવામાં આવે છે. અને આપણે ત્યાંના ધ્યાનમાં શ્રીગુસાંઈજીનું ધ્યાન કરો તો ખ્યાલ આવશે કે ધ્યાન કેમ થાય ?

સાયંકુંજાલયસ્થાસનમુપવિલસત્ સ્વર્ણપાત્રં સુધૌતં
રાજદ્યજ્ઞોપવીતં પરિતનુવસનં ગૌરમમ્ભોજવક્ત્રમ્ ।
પ્રાણાનાયમ્ય નાસાપુટનિહિતકરં કર્ણરાજદ્દ્વિમુક્તં
વન્દેડર્ધોન્મીલિતાક્ષં મૃગમદતીલકં શ્રીવિઠ્ઠલેશં સુકેશમ્ ॥

અક્ષ એટલે આંખો, અર્ધઉન્મીલિતાક્ષં એટલે કે આંખને એ રીતે રાખવાની જેથી આંખની દૃષ્ટિ નાકના ટેરવા ઉપર સ્થિર થાય. આપણું ધ્યાન નાકના ટેરવા પર દૃષ્ટિ સ્થિર કરીને થાય છે. મેડીટેશન કપાળના મધ્યભાગમાં થાય છે. કપાળનો મધ્યભાગ એ તમારી સુપ્ત ઈન્દ્રિયોને જાગૃત કરવાનું સ્થાન છે અને આપણને સુપ્ત ઈન્દ્રિયોને જાગૃત કરવાની બહુ જરૂર નથી. આપણને તો આપણા ચિત્તને કેન્દ્રિત-સ્થિર કરવાની જરૂર છે. આજની પદ્ધતિથી ખરેખર ચિત્ત કેન્દ્રિત થતું નથી. તેથી જે તમે મેડીટેશન કરો છો તે વાસ્તવમાં ધ્યાન બનતું જ નથી. એટલે અર્ધોન્મીલિત નેત્રે જ્યારે આંખની દૃષ્ટિ નાક પર સ્થિર કરવામાં આવે ત્યારે આનાથી તમને બે લાભ થાય છે. મેડીટેશનમાં ખતરો છે અને આ ધ્યાનમાં ખતરો નથી. મેડીટેશનમાં કયો ખતરો છે ? કોઈ વાર જો રાતનો ઉજાગરો હોય, થાકેલા હો કે શરીર નબળું હોય તો તે વખતે આંખ બંધ કરતાં નિદ્રા આવી જાય અને અર્ધોન્મીલિત નેત્રથી શું થાય છે ? તમે લય અને વિક્ષેપ બંનેથી દૂર રહો છો. વિક્ષેપ એટલે, બહારથી જે વસ્તુ અંદર નાંખવામાં આવે કે અંદર આવે તેને વિશેષ પ્રકારનું ક્ષેપ, ક્ષેપ એટલે નાંખવું અને વિશેષ પ્રકારે નાંખવુ એ વિક્ષેપ. વિક્ષેપ એટલે વિશેષ પ્રકારે નાંખેલું. જે વસ્તુ બહારથી અંદર નાંખવામાં આવતી હોય એને વિક્ષેપ કહેવાય. પાણીમાં ખલેલ ક્યારે પડે ? ખલેલ ત્યારે જ થાય કે બહારથી કોઈ વસ્તુ આવે. પાણી ત્યારે જ હાલે જ્યારે બહારની હવા અંદર આવે. પાણી તો જ હાલે કે નીચેથી એને આગ લાગે. પાણી પોતે સ્થિર છે પાણીમાં ખલેલ બહારથી આવે છે. તેવી જ રીતે ભગવદ્ગીતા કહે છે **‘યથા દીપો નિવાતસ્થો નેંગતે’** દીવો ક્યારે પણ ટમટમતો નથી પણ એને જ્યારે બહારથી હવા લાગે છે, વાયુ જ્યારે એને સ્પર્શે છે ત્યારે દીવો ટમટમે છે. જ્યારે આપણે નાક ઉપર દૃષ્ટિ મૂકીએ છીએ તે વખતે આપણને બે લાભ શું થાય છે ? એક તો આંખ ખુલ્લી રાખવાથી આપણો લય થતો નથી એટલે કે નિદ્રા આવતી નથી. અને ક્ષેપ નથી થતો એટલે કે બહારના વિચારોને અંદર આવતા રોકે છે. અંદર લય અને વિક્ષેપ બંને ન થાય ત્યારે તમારું ધ્યાન સ્થિર બને છે. હું તો માનું છુ કે તમે જ્યારે પણ જપ કરો ત્યારે આ પ્રકાર રાખો તો જરાય વાંધો નથી. તે વખતે જરૂરી એટલું જ છે કે તમારી બેસવાની પલાઠી અને શરીરની અવસ્થા બહુ તંદુરસ્ત અને સ્વસ્થ જોઈએ. થોડી આદત પાડો. વડોદરાના ઓર્થોપેડિક ડૉક્ટર મરચન્ટે, બધાને ટટ્ટાર બેસવાનું ન ફાવે એનું કારણ એમણે આધુનિક વિજ્ઞાનના સિદ્ધાંતથી બતાવેલું કે આપણા પૂર્વજો મૂળ પશુ-પક્ષી વગેરે પ્રાણીઓ જ હતા. આધુનિક વિજ્ઞાનની માન્યતા મુજબ આપણે બધા વાનરમાંથી મનુષ્ય બન્યા છીએ. ગાય-ભેંસ-બકરાં વગેરે વળેલા છે તેથી તેઓ ચાર પગે ઉભા રહે છે. એમની રીડની હડ્ડી તે વખતથી એવી બનેલી છે અને એમને એ જ પ્રકારમાં ફાવે

છે. કરોડો વર્ષ પહેલાંની આપણા મનમાં રહેલી જે અનુકૂળતા છે આજે પણ આપણને ગાય-ભેંસની માફક જ વળીને ખૂંધા રહેવાનું ફાવે છે. તેથી આપણે ગાય-ભેંસમાંથી મટી મનુષ્ય થવાનો પ્રયત્ન કરવો જોઈએ. હમેશાં તમારે ધ્યાન કરતી વખતે, પાઠ કરતી વખતે, જપ કરતી વખતે સીધા બેસવું. જેમ મેં કહ્યુ તેમ રીડની હડ્ડી સીધી રાખીને બેસવુ. બહુ છાતી કાઢો નહી બહુ ખૂંધા થાવ નહી, અને એ રીતે બેસીને નાકના ટેરવા ઉપર તમારી દષ્ટિને સ્થિર કરવી. જો તમે નાકના ટેરવા ઉપર દષ્ટિ ટકાવી રાખો તો બીજા લાભ તમને મોડા કે વહેલા થાય પણ એક લાભ તમને ચોક્કસ થશે કે તમારી આંખ વારે ઘડીએ ઘડીયાળ પર નહીં જાય. કેટલી વાર થઈ ? એ જાણવાની તત્પરતા પાઠ કરતી વખતે સૌથી મોટો વિક્ષેપ છે. શ્રી સર્વોત્તમજી નો પાઠ ધારોકે પાંચ મીનીટમાં પૂરો થાય તો આપણે એ પ્રમાણે પૂરો કરવા ઘડીયાળ સામે જોઈએ. જો એ સમયમાં પાઠ પૂરો ન થાય તો ઉતાવળ કરી ગોટાળા કરવા માંડીએ. માટે દષ્ટિને જો નાકના ટેરવે મૂકી દો તો તમને ઘડિયાળ જ ન દેખાય.

(૩૧) શાન્તમુદ્રાથી બ્રિધિંગ સિસ્ટમ અનાયાસ વ્યવસ્થિત થાય છે -

નાક ઉપર આંખ ટકાવવાથી ત્રીજો લાભ એ થાય છે કે એથી શ્વાસ-ઉચ્છ્વાસની પ્રક્રિયા શાન્ત ગંભીર યથાયોગ્ય થાય છે. કોઈ દિવસ તમે પ્રયત્ન કરી જોજો. તમે પાંચ મીનીટ સતત નાસાગ્ર ભાગને જોઈને ધ્યાન કરશો એટલે તમારા શ્વાસોચ્છ્વાસ અનાયાસ રેગ્યુલર-યથાયોગ્ય થતા જશે. દોડતાં હૃદયમાં કરવામાં આવેલા જપ કે, એકદમ ઠંડા પડી ગયેલા શ્વાસમાં કરવામાં આવેલા જપ એ કોઈ પણ એનર્જીને પેદા કરતાં નથી. કોઈ પણ બે વસ્તુના સંઘર્ષણથી એનર્જી પેદા થાય છે. આ સિધ્ધાન્ત આપણે ત્યાં સ્વીકારાયેલો છે. કોઈ પણ બે વસ્તુના સંઘર્ષણથી - ઘસાવાથી હમેંશા કોઈ એનર્જી પેદા થાય છે. એમાં આપણા શરીરમાં હાર્ટ ધડકે છે. એને આપણે કહીએ છીએ કે રક્ત ઉંચુ જાય છે-નીચું આવે છે. પણ વાસ્તવમાં આપણું આ હૃદય શક્તિનું મુખ્ય કેન્દ્ર છે. રક્તના ઉપર-નીચે જવાથી, એમાંથી જે શક્તિ પેદા થાય છે એ શક્તિ જ આપણી જીવનશક્તિ છે એટલે કોઈ પણ વસ્તુ જ્યારે સંઘર્ષણમાં આવે છે ત્યારે ઘર્ષણમાંથી શક્તિ પેદા થાય છે. હવે એ ઊર્જા કેટલીક વાર સારી પણ હોય છે તો કેટલાક સંઘર્ષણમાં ઊર્જા ખરાબ પણ હોય છે. આપણા શરીરમાં પ્રાણ અને અપાન એમ પાંચ પૈકી બે પ્રાણ છે પ્રાણ-અપાન, એમાં જે પ્રાણ છે એનો સ્વભાવ ઉપર તરફ જવાનો છે પ્રાણનો સ્વભાવ ઊર્ધ્વગામી છે. અને અપાનનો સ્વભાવ બહિર્ગામી છે. એટલે કે અંદર રહેલી વસ્તુને બહાર તરફ ફેંકવુ અથવા તો નીચે તરફ લઈ જવું. તેથી જ એનું નામ અપ + અન =અપાન છે. અન =જીવન અને અપ=નીચેની તરફ. એટલે એની જે શક્તિ છે કે જે અપાન છે કોઈ પણ વસ્તુને નીચે તરફ ખેંચે છે, પ્રાણ છે એ કોઈ પણ વસ્તુને ઉપર ખેંચે છે. આ બે વચ્ચે જે સંઘર્ષણ થાય છે એ સંઘર્ષણમાંથી જ ઊર્જા પેદા થાય છે. તે વખતે પ્રાણ અને અપાનની ક્રિયા ઉપર યોગ્ય સંયમ અને બંને સમાન હોવાં જોઈએ. પ્રાણ અને અપાન બંનેનું સંઘર્ષણ સમાનરૂપમાં હોવું જોઈએ. તમારી પ્રાણન ક્રિયા એવી નહીં હોવી જોઈએ કે જેથી અપાનક્રિયાનો અવરોધ થાય અને અપાન ક્રિયા એવી ન હોવી જોઈએ કે જેથી પ્રાણન ક્રિયા અવરોધાય. એટલે જ આપણે ત્યાં પ્રાણાયામના ત્રણ વિભાગો પાડવામાં આવેલા છે.

(૩૨) પ્રાણાયામ -

પ્રાણાયામની જે મર્યાદા છે એને દરેકે જાળવવી જોઈએ. પ્રાણાયામના ત્રણ વિભાગો પાડ્યા છે. કુંભક - રેચક અને પૂરક, રેચક એટલે બહાર કાઢવું. પૂરક એટલે અંદર પૂરવું અને કુંભક એટલે બહાર જતાં અને અંદર આવતાં બંને પ્રાણોને રોધવા. એટલે જેને રેચક

કહેવામાં આવે છે એ અપાનવાયુ. પૂરક કહેવામાં આવે છે એ પ્રાણવાયુ - કુંભક એટલે બંને તરફથી રોકાયેલ પ્રાણ. ઘણાં લોકો શું કહે છે કે પ્રાણને રોકી દો, નહીં. પ્રાણયામમાં પ્રાણને જ રોકવામાં આવતો નથી પણ પ્રાણ અપાન બંનેને રોકી દેવામાં આવે છે. ત્યારે પૂરકમાં પ્રાણ કેટલો ચડાવવો ? એના બે ત્રણ નિયમો છે. બ્રહ્મચારી જ્યારે પ્રાણયામ કરે અંગુઠા અને અનામિકા આંગળીથી કરે, પરણેલો વ્યક્તિ જ્યારે પ્રાણાયામ કરે ત્યારે પાંચે પાંચથી પૂરું નાક પકડવાનુ છે જેટલો પૂરકનો સમય છે, તમને પ્રાણ ચડાવતા જેટલી વાર લાગે, તેનાથી અડધી વારમાં રેચક કરવાનું હોય છે એટલે જેટલી વારમાં તમે ચડાવ્યું એટલી જ વારમાં ઉતારવું એ નિયમ નથી. પૂરક અને રેચકમાં આટલો ભેદ છે. ત્યારે આપણે ત્યાં એક પદ્ધતી આપી કે તમારે પ્રાણાયામ કરવું તે કઈ રીતે કરવું. કુંભકમાં એક ગાયત્રીમંત્ર સપાદ મનમાં બોલાઈ જાય તેટલું કરવું. **(નોંધ - દરેક વર્ણના લોકોએ પોતપોતાના વર્ણ અનુસાર ગાયત્રીમંત્રનો જપ વગેરે કરવા)**

(૩૩) મંત્ર-જપ વગેરેમાં ઉચ્ચારણ રિધમિક હોવાં જોઈએ

ગાયત્રીમંત્ર મનમાં બોલતાં મનની અંદર પણ રીધમ આવવી જોઈએ. આપણે ત્યાં વેદમંત્રને બોલવામાં પણ એક નિયમ છે. રીધમ વગર બોલાયેલો વેદમંત્ર કોઈ એનર્જી પેદા કરતો નથી. તમે રીધમથી બોલો છો ત્યારે તમારા શ્વાસોચ્છ્વાસની રીધમ પણ એની સાથે સેટ થઈ જાય છે. માટે તમારે પાઠ કરવા તે પણ હમેંશા રીધમથી કરવા. સંગીતના પ્રોગ્રામમાં ગાયકના કંઠ સાથે તબલા-હાર્મોનિયમ - સારંગી બધાને એક સ્વરમાં કરવામાં આવે છે. અને ત્યારે જ સંગીત - સંગીત બને છે.

તમારા ઘરમાં જે ટ્યુબ-લાઈટ છે એનો ટરરર---- અવાજ આવે છે તમે એની સાથે સ્વર મેળવજો. બરાબર જ્યારે સ્વર મળી જશે ત્યારે ટ્યુબના ટુકડા થઈ જશે. આ આખી શબ્દમાં રહેલી શક્તિ છે. કોઈ પણ અણુનો સ્ફોટ એટલે કે તોડવામાં આવે ત્યારે ઊર્જા પેદા થાય છે. તેમજ જે વસ્તુ તોડવાની છે એનાથી ઝીણી વસ્તુ તોડવા માટે જોઈએ, એની જે આગળની તીખી અણી છે તે, નહી તો તૂટે નહી. અણુથી પણ નાની વસ્તુ લાવવી ક્યાંથી ? અણુથી પણ જે સૂક્ષ્મ છે તે શબ્દ છે એ શબ્દની વેધકતાથી અણુનો વિસ્ફોટ કરવામાં આવે છે. એટલે શબ્દમાં વેધક શક્તિ છે. માટે તમે પાઠ કરો ત્યારે જેમ સંગીતકાર પોતાના સાધનો મેળવે છે તેવી રીતે તમે તમારા હાર્ટનું આ તબલું છે એને મેળવો. પાઠમાં વાણીથી નીકળતા સ્વરસહિતના શબ્દો અને હૃદયની ગતિ એ બંનેની રીધમ મળવી જોઈએ. સંગીતનો પહેલો નિયમ સમ પર આવતા આવડવું જોઈએ. ઘણી વાર સંગીતકારો કહે ભાઈ તું સમ બતાવ. જે વ્યક્તિને સમ પર આવતા ન આવડે તેને ગાવાનો અધિકાર નથી. તેથી તમારી પાઠ કરવાની રીધમિક સિસ્ટમ સમ હોવી જોઈએ. વિષમતાથી કરવામાં આવેલુ કાર્ય હમેશાં વિષમ શક્તિને જ પેદા કરે છે. એક સ્પીડ અને એક સ્વર પકડી લો. તમે પાઠ કરો ત્યારે કોઈને એમ લાગે કે જાણે ગાઈ રહ્યા છો. ભાગવત કહે છે રડો તો પણ ગાઈને. સિસ્ટમથી રડો. ભેંકડો તાણીને રડવું કૂતરા-બિલાડા જેવું રડવું છે. ગોપીજનોના મુખથી નીકળેલા શબ્દને આપણે ગોપીગીત કહ્યું. ગોપીજનો રડ્યા તો પણ કેવા રડ્યા ? **'રુરુદુઃ સુસ્વરં રાજન્ કૃષ્ણદર્શનલાલસાઃ'** રડવું તો સુંદર સ્વરથી રડવું. એટલે પાઠ કરતી વખતે આપણી ક્રિયા રીધમિક હોવી જોઈએ. રીધમિક સિસ્ટમ શ્વાસોચ્છ્વાસ પ્રક્રિયાને તંદુરસ્ત-વ્યવસ્થિત કરે છે.

(૩૪) પાઠ કરવાનો પ્રકાર અને સેવામાં કીર્તનનું મહત્ત્વ -

તમે જ્યારે પાઠ કરો ત્યારે એકાંતમાં કરો. અથવા ચાર સરખી વ્યક્તિઓ સાથે બેસીને પાઠ કરો. ચારેય એકબીજાના સ્વર અને લય મેળવીને પાઠ કરો. દરેક અક્ષરો વચ્ચેનું અંતર સરખું હોવું જોઈએ. નહીં તો તમે એકાંતમાં પાઠ કરો એ વધારે સારું છે. પાઠ કરવાનો સંપૂર્ણ લાભ જો બોલીને કરો તો વધારે થાય છે. અને ભક્તિ પણ એમાં જ સિદ્ધ થાય છે. જપ અને પાઠમાં અંતર છે. જપ હમેંશા મનમાં કરો. પાઠ હમેંશા બોલીને કરો. પાઠ એ આપણી કીર્તન ભક્તિ છે, પાઠ એ આપણું કીર્તન છે. માટે હમેશાં બોલીને કરવા. લોકમાં સાધારણ રીતે બોલીને કરેલા જપ કનિષ્ઠ કહેવાય છે. હોઠ હલાવીને કરેલા જપ મધ્યમ અને હોઠ પણ હાલે નહીં કેવળ અંદરને અંદર શબ્દો પેદા કરી, સ્થિરતાથી બેસીને કરેલા જપ ઉત્તમ કહેવાય છે. પણ આજને દિવસે તમારી સાધન દશામાં, હું એમ માનું છુ કે તમારે પાઠ બોલીને કરવા. એનાથી જેટલી પાઠની સિદ્ધિ અને પાઠમાં તમારી એકાગ્રતા સિદ્ધ થશે એટલી મૌનમાં નહીં થાય. એટલે પાઠ બોલીને જ કરવા. તમારાથી પાઠ ન બને તો કમસે કમ એક નિયમ લો ઠાકોરજીની સેવા કીર્તન ગાઈને જ કરવી. સેવામાં પણ આ પ્રકાર છે. પણ વૈષ્ણવો ભૂલ ક્યાં કરે છે ? ઠાકોરજીને કીર્તન ગમે છે તેથી પોતે તો ગાય નહીં પણ કેસેટ મૂકી દે છે. આ કેસેટોએ, ટેપરેકોર્ડરે તમારું કેટલું નુકસાન કર્યું છે કે તમારી વાણીથી થનારી ભક્તિને તોડી નાંખી, તમારી જીભ અને ગળાને લકવો લગાડી દીધો. બીજે નંબરે જે બોલવાથી અને ગાવાથી ભાવાત્મક ચિત્તનું અનુસન્ધાન થતું હતું તે અટકી ગયુ. એટલે હું એમ માનું છું કે તમારી સેવામાં જો કોઈ ટેપરેકોર્ડર બિરાજતું હોય તો એને બહાર પધરાવી દો. ગમે તેવું ગાવાવાળો પણ બાથરૂમમાં તો ચોક્કસ ગુનગુનાવે, એને કોઈ

ડર જ નથી કે મને કોઈ સાંભળનાર છે. બાથરૂમમાં મસ્તીથી લલકારે. ઠાકોરજીની સેવામાં પણ આપણું ગળું જેવા પ્રકારનું હોય એની પરવા કર્યા વિના કીર્તનો ગાવા, કીર્તનો કરતાં સેવા કરવી, એનું કારણ શું ? બે વસ્તુના મધ્યમાં આપણી વાણી રહેલી છે. તૈત્તિરીય આરણ્યકમાં કહ્યું છે કે **'તસ્માત્ પુરૂષઃ યન્મનસાભિગચ્છતિ, તદ્ વાચા વદતિ તત્ કર્મણા કરોતિ'** ક્રિયા અને મનની વચમાં વાણી રહેલી છે. તમારી ક્રિયા-કર્મ અને તમારું મન એ બેના વચમાં વાણી છે. હવે એ જ વાતને તમે પુષ્ટિમાર્ગમાં શ્રી મહાપ્રભુજીનો ગ્રંથ, સિદ્ધાંત મુક્તાવલી મુજબ વિચારો તો સેવા બે પ્રકારની કહી છે. **'માનસી સા પરામતા'** અને **'તત્ સિદ્ધ્યૈ તનુવિત્તજા.** તનુ-વિત્તજા સેવા એટલે શરીરથી અને પોતાના સાધનોથી થતી સેવા, અને માનસી સેવા એટલે મનસહિતની પ્રેમવાળી સેવા. આ બે સેવાના વચમાં એક વસ્તુ બેને સાધવાવાળી છે. તમારા શરીરને મન સાથે જોડવા માટે જ પ્લગપીનના સંબંધની માફક વાણી છે. મનમાં રહેલી વસ્તુ ક્રિયામાં આવે અને તમે જે કરો એનો મનમાં પ્રવેશ થાય. આ ક્રિયા અને મનના વચમાં વાણી બહુ જરૂરી છે. એટલે વાણીથી બોલવાથી તમારી ક્રિયા અને મન આ બન્ને એક સાથે પ્રભાવિત થાય છે. ક્રિયાનો મન સાથે વાણી વડે સંબંધ સધાય છે. નહીં તો શું થાય ? તમે ક્રિયા કર્યા કરો અને મન ક્યાંક દોડચા કરે. આ શિકાયત લગભગ બધા જ વૈષ્ણવોની છે. બધા જ કહે છે શું કરીએ સેવામાં બેસીએ છીએ પણ મન ક્યાંક ચાલ્યું જાય છે. કેમ ચાલ્યું જાય છે ? કેમકે વચલુ જંકશન તમે જોડચું નથી. હવે તમે આ પ્રયોગ કરજો જુઓ છ મહીનામાં કેટલો લાભ થાય છે. એક વાત ચોક્કસ છે મારી દવા ઍલોપથીની નથી. ચટ મંગની પટ બ્યાહ નથી. વૈદની દવા છે. ચાટણ ઘણાં દિવસ સુધી ચાટવું પડશે પછી લાભ થશે. થયા પછીથી એવો થશે કે પછીથી કોઈ વિકાર નહી આવે. આપણી ક્રિયા અને આપણું મન, આ બેનો સાથે સંબંધ થવો જરૂરી છે.

(૩૫) યોગમાર્ગમાં પાંચ મું અંગ પ્રત્યાહાર છે, તે પુષ્ટિમાર્ગમાં ભગવત્સેવામાં કીર્તનથી સિદ્ધ થઈ જાય છે -

વાણી એ વચલું સ્થાન છે અને વચલું હોવાથી વાણીથી ઉચ્ચારણ કરતાં જ્યારે તમે ઠાકોરજીની સેવા કરો છો ત્યારે તમારું મન અને ક્રિયા બંને ભેગા મળે છે. અને ભેગા મળવાથી તમારી જે આજની સાધન સેવા છે તે આવતી કાલે ધીમે ધીમે માનસી સા પરામતા માં તમને લઈ જશે. તમારી તનુવિત્તજા સેવાને માનસીમાં લઈ જવાનું સાધન, આ સંપ્રદાયમાં કીંતન શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીએ આપ્યું છે. કીર્તન એ આપણે ત્યાં પ્રત્યાહાર સમાન છે. યોગમાં જે પ્રત્યાહાર અંગ છે એ આપણે ત્યાં કીર્તનોથી સિદ્ધ થાય છે. શબ્દ - સ્પર્શ - રૂપ-રસ અને ગંધ. એ આહારને ઈન્દ્રિયો ગ્રહણ ન કરે. તમારી આંખ ખુલ્લી હોય પણ સામે રૂપને ગ્રહણ ન કરે. તમારા કાન ખુલ્લા હોય પણ બહારના શબ્દોનો સ્વીકાર ન કરે. એટલે બહારના વિષયોને નહીં સ્વીકારવાની ઈન્દ્રિયોની સ્થિતિ એને પ્રત્યાહાર કહેવાય. આજને દિવસે તમે સેવા કરતા હો અને બહાર બેન્ડ વાગતું હોય તો ખલેલ થાય છે. તમારું ચિત્ત તરત એ વિષયમાં ખેંચાઈ જાય છે. પરંતુ કીર્તન દ્વારા ધીમે ધીમે મનુષ્યને પ્રત્યાહારની સિદ્ધિ મળે છે. કારણ કે વાણી એ મનને સતત એક ક્રિયામાં ખેંચતી રહે છે. એટલે વૈષ્ણવોએ કીર્તન ગાતાં સેવા કરવી જોઈએ. એનાથી તમને બીજા પણ બે ત્રણ લાભો મળે છે. તમારી સાધનદશામાં સૌથી પહેલો લાભ તો એ થાય છે કે તમારી વાણીનો જ પ્રત્યાહાર થઈ જાય છે. આપણે કીર્તન ગાતાં હોઈએ તે વખતે બીજું બોલવાની ઈચ્છા તો થાય જ નહીં. બલકે કોઈ બોલાવવા માંગે તો એમ થાય કે હજુ આટલી લાઈન પૂરી થઈ નથી. માટે જવાબ આપવાની ઈચ્છા જ ન થાય. તમને જે ફટાક જવાબ આપવાની ટેવ હતી એમાં આટલો

પ્રતિબંધ આવ્યો. આજે તમારી ઈન્દ્રિયો બલ્બ જેવી છે પછી તે ટચુબ જેવી થઈ જશે. બલ્બને ટચુબમાં શો ફરક છે ? બલ્બ છે તે હજુ બટન પરથી આંગળી ખસી નથી ત્યાં તો અજવાળું થઈ જાય અને ટચુબ છે તે જરીક ઝબક-ઝબક થઈને પછી સળગે. કીર્તનમાં પ્રત્યાહાર કેવી રીતે થાય ? એક વ્યક્તિ કહે હું આવું ? તરત જ, હા આવી જા એની જગ્યાએ 'શ્રી યમુનાજી તિહારો દરસ મોહે ભાવે'.શ્રીગોકુલેકે નીકટ બહત હો લહરનકી છબી આવે.... શ્રી. એટલુ પૂરું થયું પછી જ આવી જાવ એમ બોલાય. સમયનો પ્રતિબંધ આવ્યો. આ વાણીનો પ્રત્યાહાર થયો. ઉપરાંત તમને ફાલતુ બોલવાની જે આદત પડેલી છે એનાં ઉપર પણ થોડો સંયમ આવી જશે. કીર્તન ગાવાથી કારણ વિનાનું બોલવાની , કારણ વિના દુનિયાની પંચાત કરવાની વગેરે બધું જ છૂટતું જાય છે. જ્યારે વગર કીર્તને સેવા કરીએ ત્યારે સેવા કરતા જઈએ અને હેં આજે પેલીના ઘરમાં શું થયું ? 'ચાર મળે ચોટલા તો ભાંગી નાખે ઓટલા' એટલે જ્યાં આપણે બે વ્યક્તિ ભેગા મળ્યા નહીં કે આપણો લવારો ચાલુ થઈ જાય. તે લવારાને રોકવામાં કીર્તન મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે.

(૩૬) ભગવત્સેવા પોતાના હાથે - પોતાના ઘરે કરવાથી તે માનસી સાધે છે -

આપણે સેવામાં ક્રિયા તો કરીએ છીએ પણ એ માત્ર ક્રિયાત્મક રહી જાય છે. એમાં મન જોડાતું નથી. એટલે સેવા કરતી વખતે બે ત્રણ વાત યાદ રાખવી. એક તો પોતાના હાથે જ સેવા કરવી. ગુરુના હાથે કે બ્રાહ્મણના હાથે ન કરાવવી. તમે મંદિરમાં જઈને બે હજાર રૂપિયા આપો અને તમે માનો કે ઠાકોરજીએ સેવા અંગિકાર કરી એ બરાબર નથી. તમારા ઘરે, તમારા હાથે જે સેવા કરો એ જ સાચી સેવા છે. જે લોકો બે હજાર રૂપિયા લઈને કહે છે તમારી વિત્તજા સેવા થઈ ગઈ છે. ત્યારે તમારે કહેવાનું કે એમ ત્યારે તમારા વતી અમે જમી લઈએ છીએ,

તમે જમતા નહીં. એક આદત અને પદ્ધતિ રાખવી કે સેવા હમેંશા પોતાના હાથની હોવી જોઈએ. ઘરમાં સેવા છે સારી વાત છે. પણ મારા ઘરની સેવા મારા હાથની હોવી જોઈએ. એટલે દરેક વ્યક્તિએ, ઘરમાં સેવા પધરાવી હોય, તેમાં જેટલી થાય તેટલી સેવા પોતાના હાથે જ ચોક્કસ કરવી. એમાં આજને દિવસે એક છૂટ આપું છું જેને જે સેવા અનુકૂળ હોય એ કરો. કારણ કે જ્ઞાનમાર્ગ કરતાં આપણા ભક્તિમાર્ગની એક વિશેષતા છે કે કોઈ પણ ઈન્દ્રિયો ઉપર ખોટું દબાણ નથી લાવવાનું. સેવામાં પણ એક નિશ્ચિત નિયમથી સેવાને આગળ લઈ જવાની છે. ઈદ્રિયોને નાના બાળકની માફક ફોસલાવીને સમજાવી-પટાવીને સેવામાં વાળવાની છે. આજે માતાઓ પોતાના ઘરવાળા અને દિકરાઓ ઉપર જબરદસ્તી કરે છે. ટપલા મારી મારીને લઈ આવે ચાલ મહારાજને પગે લાગ. હવે પેલાનું કેમે કરીને માથું ઝુકે જ નહી. માજીઓ ટપલા મારી મારીને લાવે ને પેલા છોકરાનું માથું વધારે ને વધારે અક્કડ થતું જાય. મનુષ્યનો સ્વભાવ છે કે એના પર જેટલું દબાણ કરો એનાથી વધારે ફોર્સમાં વિપરીત દિશામાં જાય. દડાને તમે જેટલા જોરથી નીચે પછાડોને એટલો જ એ વધારે જોરથી ઉછળે. એવી જ રીતે મનુષ્યનું મન પણ એના જેવું જ છે, જેટલું દબાવો એટલુ ફોર્સથી વધારે ઉપર આવે. પોતાના નાના બાળકોને કે પરિવારના લોકોને ટપલાં મારી મારીને સેવામાં ન ઘુસાડો. પરંતુ એમને સમજ આપીને ધીમે ધીમે વાળવાનો પ્રયત્ન કરો. વળી શકે એટલા વાળો. જે માણસે કોઈ દિવસ પણ કસરત કરી જ ન હોય એને પહેલે દિવસે જ તમે દંડબેઠક કરાવો એટલે બીજે દિવસે તો એ લાંબો થઈને સૂઈ જ જાય. હવે તમે એને ફોર્સ કરો કે તારે ઓછામાં ઓછું સો દંડબેઠક તો કરવા જ પડશે. એના કરતાં તુ નવો છે માટે આજે બે કર બે પછી ચાર કર. ચાર પછી છ કર. તેવી જ રીતે આપણી ઈન્દ્રિય અને મનને પણ ધીમે ધીમે વાળો. તમારા મન અને તમારા શરીર પર પણ ખોટો બળાત્કાર નહીં કરો. એને પણ

સમજાવી પટાવીને ધીમે ધીમે અંદર વાળો.

(૩૭) પુષ્ટિમાર્ગીય ભગવત્સેવા કરનારે ત્રણ વાતો અવશ્ય ત્યાગવી -

''વૃથાલાપ ક્રિયા ધ્યાનં સર્વથૈવ પરિત્યજેત્'' - શ્રીમહાપ્રભુજી આપણને કહે છે કે સેવાના નિયમોમાં સેવા કરનારા વૈષ્ણવોએ ધીમે ધીમે ત્રણ વસ્તુ છોડી દેવી. વૃથા-આલાપ, વૃથા ક્રિયા, વૃથા ધ્યાન.

(૧) વૃથાલાપ - વ્યર્થનું - જેમાં સેવાનું પ્રયોજન ન હોય તેવું બોલવું છોડી દેવું. આ પુષ્ટિમાર્ગીય મૌન છે. જ્ઞાન માર્ગનું મૌન જૂદુ છે. ઈશારાથી વાત કરવી એ પણ મૌન ભંગ જ છે. ઈશારો એ પણ વાણીનો જ એક પ્રકાર હોઈ તમારું મૌન તૂટી જ જાય છે. કોઈ તમને પૂછે પેલો ક્યાં સંતાયો છે ? જૂઠું બોલવાનું નથી તેથી તમે ઈશારાથી બતાવ્યું કે ના હું જાણતો નથી. બોલો તમે જૂઠું બોલ્યા કે નહીં ? તમે ઈશારો કર્યો, ઈશારો પણ વાચિક છે. વાસ્તવમાં તો વાણી પણ એક સંજ્ઞા જ છે. ક- મ અને લ આ ત્રણ ભેગા થઈ એક સંજ્ઞાજ બને છે ભાષા એ પણ સંજ્ઞા જ છે. શ્રીમહાપ્રભુજી કહે છે કે વૃથાલાપ સેવાના ઉપયોગમાં ન હોય એવું મુખથી બોલવું જ નહીં. બધા ઘરવાળાને કહી દેવું જુઓ આ બે કલાક મેં મારા વરને આપ્યા છે મને કોઈએ પૂછવું નહીં. મારી સાથે કોઈએ વાત કરવી નહી. તમે સેવામાં બેઠા અને કોઈ પૂછવા આવે હું ફરવા જાઉં ? તમારે સાંભળી રહેવાનું. પાછળ પણ ન જોવું - સામે જોઈને આંખો પણ ન કાઢવી. જોઈને આંખો કાઢવી એ પણ આવનાર વ્યક્તિની તમે સ્વીકૃતી કરી છે. કાંઈ પણ ન કરીને જાણે સાંભળ્યું જ નથી એમ કરીને તમારે ઠાકોરજીના શૃંગાર ધરાવતા રહેવું. હવે ધારોકે ઠાકોરજીની સામગ્રી યા રસોઈ અંગે કોઈ પૂછવા આવે તો

ઉત્તર જરૂર આપવો જ, કારણ કે તેનો સેવામાં ઉપયોગ છે.

(૨) વૃથા ક્રિયા – સેવા કરતી વખતે સેવાના ઉપયોગમાં ન હોય એવી કારણ વિનાની વૃથા ક્રિયા છોડી દેવી. તમે એવી પદ્ધતિ પાડો કે સેવાના સમયમાં કોઈ આવીને તમને ડિસ્ટર્બ કરે જ નહીં. અને સૌથી મુખ્ય વસ્તુ તો શ્યામ સ્વરૂપને સમજાવી રાખો. કયું શ્યામસ્વરૂપ ખબર છે ? કાળો દેવ (ટેલીફોન) ભલે બોલતો રહે, રડતો રહે પણ એને ઉઠાવવો નહીં. સેવાનો સમય છે ને. લોકોનો વાંક નથી. એ બિચારાને ખબર નથી. અને જે લોકોને ખબર છે તે લોકો પછી પજવતા જ નથી. એક સમય ગોઠવી દેવો, બધાને કહી દેવું કે, આ સમયે હું ટેલીફોન પર મળી શકતો નથી. મુંબઈવાળા મોડીરાતના અને અમેરીકાવાળા અડધી રાતના જ ફોન કરે. પણ એક નિયમ રાખવો કે સેવાના સમયમાં શ્યામ સ્વરૂપને હાથ લગાડવો નહીં. તમારે સેવાના સમયમાં ઘરવાળાને કહી દેવું કોઈ પણ ફોન આવે મને કહેવા નહીં આવવું. આ ટેલીફોન છોડવાથી બીજો પણ એક લાભ થાય છે. તમે ઠાકોરજીના શૃંગાર કરતા હો અને ફોન આવે કે ફલાણા ગુજરી ગયા. ગયા તમે કામથી. એના કરતાં જો તમે આવા નિયમ લઈ લો તો બધા જ દુઃખ આપોઆપ ટળી જાય. શિબિરમાં જતા હોઈએ ત્યારે કારણ વગરની ક્રિયા ન કરવી. કારણ વિનાનું ખાવું-પિવું નહીં. ધીમે ધીમે મન પર સંયમ લાવો. જો આજે તમે મન પર સંયમ ન લાવો તો આવતીકાલે આ દુનિયા છોડવી બહુ ભારે થઈ જશે. છોડવી તો પડશે જ. પણ છોડતી વખતે જે કષ્ટ પડશે એ મરવા નહીં દેશે. બધું કરો પણ એમાંથી આપણી આસક્તિ - એટેચમેન્ટ છોડો. તમે સારી વસ્તુ ખાઓ. ખાવાની ના નથી. પણ ખાવામાં જે આકર્ષણ છે તે દૂર કરો. ખાઈ નાંખીએ એ વૃત્તિમાં સંયમ લાવો. તમને આટલી ટકોર કરું છું એનું કારણ એ છે કે આ જે આપણી શિબિર છે ને એમાં તમારી કેટલીક બગડી ગયેલી આદતો એને પાછી વ્યવસ્થિત કરવા માટે આ શિબિરનું આયોજન કરીએ છીએ. તમે દવાખાનાના દરવાજા આગળ બેસી આરોગ્ય વિરૂદ્ધ કૃત્ય કરો કેમ ચલાવી લેવાય ? તમે મુંબઈમાં કરો છો હું પૂછવા નથી આવતો. પણ દવાખાનાના દરવાજાની આગળ અને તે પણ પાછું ડૉક્ટરની સામે ? તમારી નિર્ભીકતાને દાદ આપવા જેવી છે. ભલે ડૉક્ટરને જોવું હોય તો જુએ, દવાખાનામાં જે થવાનું હોય તે થાય. 'હોંગે બદનામ તો હો લેને દો , હમકો જી ખોલકે રો લેને દો' આપણી આ સંસ્કાર શિબિર છે. આપણે અહીં આવીએ છીએ તે કોઈ પુણ્ય કમાવા નથી આવતા. અને હું તમને ચોક્કસ ખાતરી આપું છું કે અહીં આવવાથી તમને એક પૈસાનું પણ પુણ્ય મળવાનું નથી. આ શિબિર પુણ્ય કમાવા માટે નથી. આપણા શરીરની - આપણા મનની- આપણી ઈન્દ્રિયોની બગડેલી આદતોને સુધારવા માટે અને એમાંથી કલ્યાણના માર્ગે જવા માટે આપણે શિબિરો ભરીએ છીએ. હું એમ ચાહું છું કે તમે બારસો રૂપિયા ભર્યા હોય તો એનો એક એક પૈસો તમારા જીવનના કલ્યાણ કરવા માટે છે. પણ તમારા બારસો રૂપિયામાંના પાંચ રૂપિયા પણ તમારા એશઆરામ- ભોગ માટે- ભોગવાદી માનસને પ્રાબલ્ય આપનારા બનવા ન જોઈએ. એટલે વૃથા ક્રિયાને - કારણ વગરની ક્રિયાને છોડી દેવી જોઈએ. જ્યાં સુધી તમારાથી શક્ય હોય, સેવામાં જાવ ત્યાંથી બહાર નીકળતા સુધી - મોઢાને બહુ ચલાવ-ચલાવ ન કરવું. નાસ્તો કરવો - ચા પીવી, ભોગ આવ્યા છે ને ? આપણે ભોગના સમયનો સદ્ઉપયોગ ક્યાં કરીએ ? ઠાકોરજીને ભોગ આવ્યા છે, ઠાકોરજી અંદર આરોગતાં બિરાજે છે અને સેવકજી બહાર. ઠાકોરજી અંદર દુધ આરોગતા હોય અને આપણે બહાર ચા પીતા હોઈએ. બને ત્યાં સુધી ઠાકોરજીની સેવામાં પ્રવેશ કર્યા પછીથી, ઠાકોરજીની સેવામાંથી નીકળતા સુધી આના ઉપર થોડો સંયમ કરવો. ઠાકોરજીને ભોગ આવ્યા પછીનો દશ-પંદર મિનિટનો સમય છે તે તમને વાપરી ખાવા માટે નથી. યાદ રાખજો. જેટલી મિનિટ સેવામાંથી વાપરી ખાવ છો એટલી સેવામાંથી બાદ થઈ જાય છે. એ

પંદર મિનિટમાં તમારે બહાર રહીને કરવાની જે સેવા છે એ સેવાઓને સુલટવાની છે. એટલે તમને ભોગ આવ્યાનો વચ્ચે જે સમય મળે છે વાપરી ખાવા માટેનો નથી, પણ એ બહાર રહીને કરાતી સેવામાં તમે અભિનિયુક્ત થઈ શકો તે માટેનો અવકાશ સેવામાં આવે છે. બહારની એટલે ઠાકોરજી માટે બીડી બાંધવી - ઠાકોરજી માટે ફળ સમારવા - રસોઈ કરવી - ઠાકોરજીના વાસણ માંજવા વગેરે નિજ મંદિરની બહારની સેવા કરવી.સેવાના સમયમાં સેવાનો જ બને એટલો આગ્રહ રાખવો. પાઠનો સમય તેનાથી અલગ કાઢો. આ તમારી કંજુસી છે કે પાઠ પણ પતી જાય અને સમય પણ વ્યતીત થાય. તમને સૌથી આનંદ - સંતોષ ક્યારે થાય છે ? ઠાકોરજી પોઢી ગયા ત્યારે, ખરું કે નહી ? ઠાકોરજીને જગાડવામાં જે આનંદ થતો નથી તે ઠાકોરજી પોઢી ગયા તેમાં થાય છે. ઘરમાં રહેલી સ્ત્રી, પતિ ઓફિસ ગયા એટલે હવે સાહેબ ઓફિસ ગયા - એમ ઠાકેરજી પોઢી ગયા. આપણો પ્રેમ કેવો ? એટલે આપણે પાઠ પતાવી નથી દેવાના. પાઠનો મતલબ છે ભગવત્ સ્મરણ રાતના અડધો કલાક કરજો. ભગવાનના સ્મરણ માટે ક્યો સમય ઉત્તમ ? - ઊઠીને પલંગ પર બેઠા થયા એટલે બેઠા થઈને એ જ કામ. સર્વ માર્ગેષુ નષ્ટેષુ ..... સૌથી ઉત્તમ સમય છે. સવારના પહોરમાં ઊઠતાં તમારું મન આખું પવિત્ર થઈ જાય છે. મૂળ મુદ્દો તો એટલો જ છે કે આપણે ધીમે ધીમે ભગવાનના વિષયમાં વધુને વધુ સમય વધારવાનો છે અને સંસારના કાર્યોને ઘટાડવાના છે. માટે વૃથાલાપ અને વૃથા ક્રિયા છોડવી.

પુષ્ટિમાર્ગમાં આ બધા ત્યાગ છે. વ્યર્થની ક્રિયાનો ત્યાગ, વ્યર્થ વાણીનો ત્યાગ અને વ્યર્થ ધ્યાનનો ત્યાગ. લોકોને જ્ઞાન નથી તેથી કહે છે પુષ્ટિમાર્ગમાં તો ભોગ જ છે, ત્યાગ નથી. શ્રીમહાપ્રભુજી ઠેર ઠેર ત્યાગ બતાવે છે. તમારે આ સંપ્રદાયમાં આવીને તો છોડવાનું જ છે. તમારો આ સંપ્રદાયમાં પ્રવેશ થયો તે દિવસે શ્રીમહાપ્રભુજી છોડાવે છે

તે તમારે મરતા દમ સુધી છોડવાનું છે, લેવાનું તો છે જ નહીં. અને જે લોકોમાં લેવાની વૃત્તિ આવે છે તે ખરેખર પુષ્ટિમાર્ગના નથી. પ્રસાદ ખાવાની ઈચ્છા, સમાધાન મેળવવાની ઈચ્છા એ લેવાની વૃત્તિ છે. ઠાકોરજીને આરોગાવો અને વૈષ્ણવોને પ્રેમથી જમાડો - ગરીબોને જમાડો બીજાને જમાડીને આનંદ માણો. ઠાકોરજી આરોગ્યા છે કેવી રીતે ખબર પડે ? કોઈ બે વૈષ્ણવ તમારે ત્યાં આવે અને પ્રસાદ આરોગે, તો માનવું કે આજે આરોગવામાં પ્રભુની પ્રસન્નતા છે. આખી તમારી મનોભાવનાને બદલી નાંખી.

શ્રીમહાપ્રભુજી એવી ભાવના બતાવે છે કે તમારે ત્યાં કોઈ વૈષ્ણવ આવે એને જોઈને તમને આનંદ થવો જોઈએ કે ઠાકોરજી મારે ત્યાં આરોગ્યા. આ સંપ્રદાયમાં તો આપવાનું જ છે જે વ્યક્તિઓ ત્યાગી શકતા નથી તેઓએ ઉતાવળ કરીને આ સંપ્રદાયમાં આવવા જેવું જ નથી.

(૩) વૃથાધ્યાન - સેવામાં વૃથાલાપ - વૃથાક્રિયા અને ત્રીજા નંબરે વૃથા ધ્યાન ત્યાગવાનું છે. - કારણ વગરનો વિચાર કરવાનો છોડો. કારણ વગરનો એટલે સેવામાં જેનો ઉપયોગ ન હોય તેવા વિચારોનો ત્યાગ કરવો. આપણે સેવામાં શૃંગાર ધરાવતા હોઈએ ને વિચાર આવે કે દુકાનનું શું થશે ? જ્યારે આપણે નક્કી કરીએ કે મારે આ વસ્તુ નથી કરવી, તે વખતે તે કરવા માટે મન બમણા ફોર્સવાળું બને છે. તમે જો જો અગિયારસે વધારે ભૂખ લાગે છે, સેવામાં જ વધારે વિચાર આવે છે. શ્રી મહાપ્રભુજી કહે છે સેવામાં ઉપયોગમાં ન હોય તેવું વૃથા ધ્યાન છોડવું. આ ત્રણેને છોડવાનો ઈલાજ કીર્તનમાં છે. હવે જો તમે ગાઈને કીર્તન કરશો તો વિચારો પણ લગભગ ઘણાં બધાં ઘટી જશે. કારણ વિના એટલે કે જેનો ભગવત્સેવામાં ઉપયોગ ન હોય તેવી વાતોને ધ્યાન પર લેવાથી થનાર હાનિ માટે ગીતાના બીજા અધ્યાયમાં પણ કહ્યું

છે - '**ध्यायतो विषयान् पुसः सङ्गस्तेषूपजायते**' વિષયોનું સંસારનું ધ્યાન પરિણામે મનુષ્યને નાશ તરફ દોરી જાય છે. તેથી સેવામાં તેવા વિચારો કદાચ આવી પણ જાય તો તેને સેવા સંબન્ધના વિચારોથી તત્કાલ ત્યાગવા.

(૩૮) હાથથી થનારી કોઈ પણ સેવા પગ વડે ન કરવી

આ વાત સાથે બીજી વાત કહેવાની છે. ઘણાં વૈષ્ણવો હાથ ધોવાની આળસમાં ઠાકોરજીનું મંદિરવસ્ત્ર, પગથી આમ તેમ ફેરવી નાંખે છે. તેમજ ઘણીવાર વૈષ્ણવો શું કરે છે, આવા કોઈ પ્રવચનના કાર્યક્રમ હોય, સભા હોય, વલ્લભકુળની કોઈ વ્યક્તિ પધાર્યા હોય, ત્યારે એમના જોડા મૂકે ખરા પણ પગથી ખસેડીને, વલ્લભકુળના જોડા પગથી ખસેડો એના કરતાં તો ન ખસેડો તો કોઈ વાંધો છે ? પણ દુનિયાને એમ કહેવાય કે સેવા છે, પણ સેવા હાથથી થાય, પગથી ન થાય. જે કામ હાથનું છે એને પગથી કરવું દોષ છે માટે મંદિરમાં વપરાતાં મંદિર વસ્ત્રનો, ગુરુજનોના જોડાનો પગ સાથે સંબંધ ન કરવો. મંદિરવસ્ત્ર એ પારિભાષિક શબ્દ છે, પોતું કહો તો પગ લાગે. મંદિરમાં એમ નથી કહેવાતું કે કચરા પોતા કરો. મંદિરમાં કચરો ના હોય. કચરો આપણા ઘરમાં પેદા થાય. જે ધૂળ ઉપર ઠાકોરજીના ચરણારવિન્દ લાગ્યા હોય તે ચરણ ધૂળને કચરો કેમ કહેવાય ? અને જે એને કચરો કહે તે વૈષ્ણવના જીવનમાં પછી કચરો જ થાય ને ? ઠાકોરજી રમ્યા છે, જે ધૂળને ઠાકોરજીનો સ્પર્શ થયો છે એને કચરો કહેવાય ? ઠાકોરજીના મંદિરમાં કે ઠાકોરજીના વિભાગમાં ઝાડુ મરાતું નથી. પણ સોહની કહેવામાં આવે છે. સોહનીનો અર્થ શું ? સોહની એટલે સુહાય તે, શાને માટે સફાઈ કરવાની છે ? ઠાકોરજીને સુહાય માટે. ઠાકોરજીને પોતાના ચરણરજની જરૂર નથી. એ રજ પાવનકારી છે માટે આપણને એ રજની આવશ્યકતા છે. ઠાકોરજીને સોહાય માટે સોહની કરવાની છે. આ રીતનો પારિભાષિક પ્રયોગ આપણે ત્યાં કરવામાં આવે છે. ઝાડુ પોતા નહીં પણ સોહની અને મંદિરવસ્ત્ર શબ્દનો પ્રયોગ કરવો.

આપણી ખરાબ આદત છે કે હાથથી કરવાના કાર્યો પગથી કરવામાં આવે. આપણાથી આમ જે થાય છે તે લૌકિક દૃષ્ટિને કારણે થાય છે પણ એમાં જ્યારે ભાવ ઉમેરાય આ ભગવાનનું છે માટે પગ ન લગાડાય, આપણી આખી વિચાર દૃષ્ટિ બદલાઈ જાય છે. આથી દૃષ્ટિમાં એક અલૌકિકતા પ્રવેશે છે. તેથી પુષ્ટિમાર્ગમાં એક વાત યાદ રાખવાની કે દરેક કાર્યો ભગવાનના માધ્યમથી કરવા. પુષ્ટિમાર્ગમાં દરેક વસ્તુના માધ્યમમાં ભગવાન છે. ગાદી પર તો ઠાકોરજી જોવાના જ છે, ન જોશો તો સેવા કોની કરશો ? પણ ગાદી પરના ઠાકોરજી કરતાં મંદિરવસ્ત્રને અલગ ગણવા તે પુષ્ટિમાર્ગ નથી. એમાં પણ ભગવદ્રૂપતા જ જોવાની છે. એ જ્યારે તમે જોતા થાઓ ત્યારે તમારી સેવા સાધના બને છે અને એટલે જ શ્રી મહાપ્રભુજી ગ્રંથમાં આજ્ઞા કરે છે. '**ભાવો ભાવનયા સિદ્ધઃ**' જે ગોપીજનોએ, જે વ્રજભક્તોએ વ્રજમાં ભાવ રાખ્યો હતો એ ભાવની ભાવના તમારે તમારી સેવામાં લાવવી, તમારા મનના તુક્કાઓ કે મનમાની નહીં. એટલે એક નિયમ નક્કી, કે ભગવાન અને ભગવાન સંબંધી, ગુરુ અને ગુરુ સંબંધી દરેક બાબતોમાં આદર જાળવીને કાર્ય કરવું.

બીજું ઠાકોરજીના વિસ્તારમાં કરવામાં આવતી સોહની અને ઘરમાં કચરો કાઢવાની સાવરણી જુદા રાખવા. નહીં તો પછી બધે ઝાડુ જ થઈ જશે. ઠાકોરજીના વિસ્તારમાં ઠાકોરજીના ઉપયોગના જે પદાર્થો છે તેને પોતાના વપરાશની વસ્તુઓથી બિલકુલ અલગ પાડી દેવા. ઠાકોરજીને માટેના મંદિરવસ્ત્ર કે સોહનીને - પગ લાગવા ન જોઈએ. કોઈ વખત સોહની એકતરફ પડી છે હાથ ધોવા પડે એટલે પગથી ખસેડી

દઈએ એ ન ચાલે. ઠાકોરજીની બુહારી - સોહની છે એ પણ ભગવદ્ રૂપ છે માટે પગ નહીં લગાડવો. વૈષ્ણવ પ્રોટોકોલથી અલગ વિચારીએ તો એ સારા સંસ્કાર તો એ જ છે કે આવા કોઈ પણ કામ પગથી નહીં કરવા. ઘરમાં પણ કોઈ વસ્તુ પગથી હટાવવી, પગથી ફેંકવી એ ફેંકાફેંકીના સંસ્કાર આપણને જીવનમાં ઘણી જગ્યાએ નડશે. ઘરમાં બાળકને પણ એ જ સંસ્કાર આપવા કે જે કામ હાથેથી થાય તે હાથેથી જ કરવા. ગ્લાસને પગથી હટાવવુ, તપેલાને પગથી હટાવવું તેમ ન કરવું. ધીમે ધીમે કરતાં બાપા ઘરડાં છે અને ફાવતું નથી તો એને પણ પગથી હટાવતા થઈ જશે. પગનો ઉપયોગ, ઊભા રહેવા કે ચાલવા પૂરતો જ છે. કામ કરવા માટે નથી. પગ એ ગતિ શક્તિ છે અને હાથ એ ક્રિયા શક્તિ છે. એક વાત છે કે જે વૈષ્ણવમાં સારા સંસ્કાર પડેલાં હશે તે વૈષ્ણવમાં વૈષ્ણવસંસ્કાર જલ્દીથી સેટ થઈ જશે. પરંતુ જેમાં સારા સંસ્કાર નહીં હોય તેને વૈષ્ણવસંસ્કાર ટકાવવા બહુ મુશ્કેલ થઈ જશે. આ આપાણી કમરનો જે કમરો થઈ ગયો છે એનું કારણ એ જ છે કે આપણે હાથના કામ પગેથી કરવા પ્રકારે પગનો ઉપયોગ વધારે કરતા થઈ ગયા છીએ. કમર દેખાતી જ નથી. કમરો થઈ ગયો છે, કમરો જ થાય ને, કારણ કે કમરવાળવાની આપણી પદ્ધતિ જ નથી. પછી મણકા સીધા રહે કેવી રીતે ? ખસી જ જાયને, શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગમાં કમરવાળીને સેવા કરવાની કહી છે. પુષ્ટિમાર્ગમાં કમર ન વાળો અને પછી તમે યોગમાં જઈને ગુલાંટ માર્યા કરો. કોઈ પૂછે ક્યાં જાવ છો ? યોગ કરવા જઈએ, યોગવાળો પણ તમારી કમર જ વાળશે. યોગના આસનથી જે લાભો થાય છે તે બધા જ લાભો આપણને સેવા પ્રણાલિકામાં, આ બધા નિયમો પાળવાથી થઈ જતા હોય છે. આ બધા પુષ્ટિમાર્ગના આસનો છે. જેમ યોગના આસનો છે તેમ આ એક આસન છે. જે લોકો આરીતે મંદિરવસ્ત્ર કરતા હશે ને, એનો મણકો બહુ જલદી નહીં ખસે. ઠાકોરજીના મંદિરમાં આપણે જમીન પર બેસીને જે બધું કામ કરીએ એનાથી પણ આ મણકાને લાભ થાય છે. તમારી મણકાની સ્થિતિ તંદુરસ્ત રહે છે. જેટલી નરમ વસ્તુ પર બેસવામાં આવશે એટલા મણકા વહેલા બગડશે. આજનો સોફા, આજની ખુરસી, આજના પલંગ, હોય બહુ મુલાયમ. બેસો એટલે એકદમ રસાતલમાં પહોંચી જાવ. પરંતુ એ બધાનો ઉપયોગ સરવાળે - તમે જ્યારે સૂઈ જાવ છો ને ત્યારે કરોડરજ્જૂની જે પરિસ્થિતિ, એનો વળાંક, જે રીતના તમારી ગાદી પર બને છે એનાથી આ તકલીફ ઊભી થાય છે.

(૩૯) સેવામાં શક્ય તેટલો મશીનોનો ઉપયોગ ઘટાડવો.

સેવામાં મશીનોનો ઉપયોગ જેટલો બને તેટલો ઘટાડવો. જેટલો બને તેટલો મશીનનો ઉપયોગ સેવામાં ઘટાડશો એટલી સેવા લાભદાયી બનશે. જન્માષ્ટમી આવી, શ્રીમહાપ્રભુજીનો ઉત્સવ આવ્યો, શ્રીગુસાંઈજીનો ઉત્સવ આવ્યો, રાધાષ્ટમી આવી એટલે એક સામગ્રી આપણે અવશ્ય બનાવવી, અને એ છે પંજીરી. આધુનિક વૈષ્ણવો પંજીરી બનાવે તે કેવી રીતે ? પેલા ઘરઘર કરતા મશીનમાં અડધી મિનિટમાં પંજીરી પીસાઈને સાફ. ફકત બટન જ દબાવવાનું. પરંતુ પંજીરીમાં વપરાતી સૂંઠ ઉપરાંત પાંચ વસ્તુને અલગ-અલગ ખરલમાં હાથેથી કૂટીને બનાવશો તેનો સ્વાદ પણ વધશે, વધુ આરોગ્યપ્રદ બનશે અને તમને થોડી કસરત પણ મળી જશે. તેવી જ રીતે ગરમ મસાલો તાજો હાથેથી ખાંડીને વાપરવો, વડા વગેરે માટે દાળ હાથેથી પીસવી, પાપડનો લોટ હાથેથી કૂટવો, ફળોના રસ હાથેથી કાઢવા, છાશ હાથેથી વલોવીને બનાવવી, સોપારી ચૂરો હાથેથી કરવો વગેરે સેવાના કાર્યો જેટલા બને તેટલા પોતાના હાથેથી કરવા. તેમ કરવાથી મુખ્ય તો હાથોને ભક્તિ મળે છે, મનમાં પ્રભુ પ્રત્યે સ્નેહની વૃદ્ધિ થાય છે અને સેવા માટેનું શરીર એને વ્યાયામ મળે છે તથા શરીરમાંથી આળસ-પ્રમાદ

દૂર થઈ દેહનું તમોગુણપણું ઘટે છે. શ્રીવલ્લભાચાર્ય નામનું અંગ્રેજી માસિક પત્ર અમારા ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થતું હતું. અને એનું સંચાલન અમારા ધર્મપત્ની કરતા હતા. હવે તો એ બંધ કરી દીધું છે. એમાં અમે એક સ્તંભ આપતા હતા. 'મેટર ટુ સ્પ્રીટ' એમ સ્તંભનું નામ હતું. કોઈ આચાર્ય, કોઈ પંડિત કે આજના ધર્મ ગુરુઓના એમાં લેખ નહોતા આવતા. પણ એમાં કોઈ સારા ડૉક્ટરના લેખો આવતા હતા. વિષય અમે આપતા હતા. અમારા ધર્મમાં આ કાયદો છે એની મેડીકલ વેલ્યુ, એનું મેડીકલ મહત્ત્વ શું છે ? એકવાર અમે લખીને આપેલું કે કમોડ સ્ટાઈલ લેટ્રિન અને સાદા લેટ્રિનમાં મનુષ્ય માટે કયું લાભદાયી છે. ગુજરાતમાં સુપ્રસિદ્ધ એવા વડોદરાનાં ડૉક્ટર મરચન્ટ, એમનો લેખ એટલો સુદંર આવેલો. એમાં એમણે વૈજ્ઞાનિક નિયમોથી પુરવાર કર્યું હતું કે ભારતીય પદ્ધતિના સંડાસ જ સ્વાસ્થ્ય માટે ઉત્તમ-લાભપ્રદ છે. તેવી જ રીતે પુષ્ટિમાર્ગની અપરસ, આને અડકીએ તો છોવાઈ જાય એ અપરસ પાછળનું વિજ્ઞાન સાચું કે ખોટું? કોઈ પણ વસ્તુ બોટીને પીવી અને ઊંચેથી પીવી એમાં થનારા લાભ-નુકસાન. પાણી, ચા, દુધ મોઢે લગાવીને પીવુ અને ઊંચેથી પીંવુ એમાં વૈજ્ઞાનિકતા શેમાં છે ? વગેરે વાતોની ચર્ચા એમાં આવતી હતી. ધર્મની વાત તો પછી વિચારીશું કમસે કમ વૈજ્ઞાનિકતા શું છે એ તો વિચારીએ. આ રીતે આપણે ત્યાં સેવાના જેટલા પ્રકલ્પો છે એ પ્રકલ્પોમાં ધાર્મિક હેતુ પણ છે અને અવાંતર રૂપે એમાં આરોગ્ય સંબંધી વિચાર પણ કરવામાં આવેલો છે. એટલે સીધી પાટ ઉપર ગાદી તકિયાનો જેટલો ઓછો ઉપયોગ એટલી આપણી વધારે સુરક્ષા.

(૪૦) શ્રીઠાકોરજીની ઝાંપીજી અંગેના કેટલાક નિયમો -

ઠાકોરજીની ઝાંપીજી બાબતમાં પણ કેટલાક નિશ્ચિત નિયમો છે. ઠાકોરજીના તો છે જ પણ ઝાંપીજીના પણ આદરના નિયમો છે. ઝાંપીજીને ઉપરથી ન ઊંચકાય. જે રીતે ઠાકોરજીને બે હાથમાં-હથેલીમાં પધરાવાય છે, તેમજ ઝાંપીજીને પણ પધરાવવા. એક પર બીજા ઝાંપીજી ના પધરાવાય. ઠાકોરજીને ક્યારેય પણ સામાનમાં ન ગણવા. ઠાકોરજીમાં સામાનનો ભાવ નહીં રાખવો. સામાન એટલે જડ અને ઠાકોરજી ચેતનથી પણ અધિક છે. છોકરાને પણ આવી રીતે લઈ નથી જતા. તો પછી ઝાંપીજીને આમ કેવી રીતે પકડાય ? બીજી એક ભૂલ પણ કરીએ છીએ કે ઝાંપીજીને જ્યાં આપણે બેઠા હોઈએ એની બાજુમાં પધરાવીએ અને એના ઉપર તકિયાની માફક હાથ મૂકીને બેસી જવું. જાણે કે તકિયો - ત્રીજી વાત ટ્રેનમાં જાવ કે કોઈ પણ જગ્યાએ જાવ, અપવિત્ર સ્થાનમાં ઠાકોરજીના ઝાંપીજીને સીધે સીધું ન પધરાવાય. જ્યાં અપવિત્રતા રહેતી હોય અથવા તો જ્યાં ભગવદ્ ભાવ ઘવાતો હોય એવી જગ્યામાં ઝાંપીજીને ન પધરાવાય. જેમ કે વૈષ્ણવે ટ્રેનની સીટ પર ઝાંપીજી પધરાવ્યા, બાજુમાં નાસ્તો મૂક્યો આ બરાબર નથી. ઠાકોરજીને હમેશાં આદરવાળી અને પવિત્ર જગ્યામાં પધરાવવા. ઠાકોરજીનો જેટલો આદર થતો હોય અને રહી શકતો હોય એ રીતે પધરાવવા. બને તો રેશમી આસન પાથરી એનાં ઉપર પધરાવવા. અને જો છેવટે કોઈ વિકલ્પ ન મળે તો ખોળામાં લઈને બેસવું. મૂળ વાત એટલી કે ભગવાનને ખાતર શરીરને જેટલું કષ્ટ આપશો એટલો ભગવદ્ ભાવ વૃદ્ધિ પામશે. આ વાત, ભગવાને એકાદશ સ્કંધમાં બતાવી છે. **'મદર્થેર્થ પરિત્યાગો ભોગસ્ય ચ સુખસ્ય ચ'** પોતાના સર્વ ભોગ અને સર્વ સુખનો મારે અર્થે ત્યાગ કરવો. પુષ્ટિમાર્ગમાં આમ છોડવાનું નથી, પણ એટલું છોડવાનું છે કે એક સન્યાસી પણ આટલું છોડી શકતો નથી. પુષ્ટિમાર્ગીય થવા કરતાં જ્ઞાનમાર્ગીય સન્યાસી થવું સહેલું છે. શ્રીમહાપ્રભુજીના સેવક, વૈષ્ણવ થવું એમાં એટલું બધું છોડવાનું છે - પેલામાં તો એકવાર છોડવાનું છે અહીં તો હર ક્ષણે છોડવાનું છે.

ભગવાન કહી રહ્યા છે વૈષ્ણવની વૈષ્ણવતા ત્યારે આગળ વધે કે જ્યારે મારા અર્થે, મારા કારણે પોતાના સર્વભોગ અને સર્વ સુખનો ત્યાગ કરે. જ્યાં જ્યાં, ભગવાન માટે જરૂર પડે ત્યાં ત્યાં ભોગ અને સુખનો ત્યાગ કરો. જ્ઞાન માર્ગમાં વૈરાગ્યથી ભોગ અને સુખનો ત્યાગ છે અહીં ભોગ અને સુખથી પૂર્વગ્રહ નથી પણ ભગવાનને અર્થે ભોગ અને સુખને ત્યાગવાના છે. પોતાના નાના, નાના, ઝીણા, તમામ પ્રકારના સુખ ઠાકોરજીના સુખને અર્થે છોડવાના છે. ઠાકોરજીની સેવામાં જેટલું ચલાવી લેવાની વૃત્તિ છે એ પોતાના સુખને લઈને હોય છે. શુદ્ધ જળ માટલામાં નથી, ઠાકોરજીની સેવાને માટે ચોથે બંગલે જળ લેવા કોણ જાય ? ચાલશે. દામોદરદાસ આટલા સંપન્ન હોવા છતાં પણ ઠાકોરજીને માટે શુદ્ધ જળ લાવવાનો આગ્રહ રાખતા. પોતે નદીમાં સ્નાન કરે અને પછી પોતે જળની ગાગર ખભા ઉપર ઉઠાવીને ડોલતા - ડોલતા ઘરે આવે. કોઈ કરોડપતિ શેઠ, પંચિયુ પહેરીને, હાથમાં ડોલ લઈ જતાં હોય અને કોઈ પૂછે ક્યાં જાઓ છો શેઠ ? ઠાકોરજી માટે જળ લેવા. અહંકાર ગયો. શરીરનું સુખ ગયું અને સેવાનો લાભ મળ્યો.

(૪૧) શ્રીઠાકોરજી દૂધઘરના કે સખડીના છે, ૫૦-૧૦૦ વર્ષ જૂના છે વગેરે ઠાકોરજીના સ્વરૂપમાં ભેદ જોવો, ગુરુજનોમાં ગાદીપતિ-ગાદી ઘરના-બીજા વગેરે ભેદ જોવો અને મર્જાદી-કંઠીબંધ-પાકા મર્જાદી-બ્રહ્મસમ્બન્ધી વગેરે સ્વરૂપનો ભેદ વૈષ્ણવોમાં જોવાની રહેલી દૃષ્ટિ એ બુદ્ધિનો વિકાર છે -

તમને તમારા ઠાકોરજીમાં કેમ સાનુભાવ નથી થતો ? તમને તમારા ઠાકોરજીની સેવામાં કેમ આનંદ નથી આવતો ? તમને તમારા ઠાકોરજીમાં કેમ તમારા સ્વામી, માલિક તરીકેનો ભાવ નથી આવતો? કારણ કે, બુદ્ધિના વિકારો આપણી અંદર સચવાયેલા છે અને આ વિકારો જ્યાં સુધી રહેશે ત્યાં સુધી તમે ઠાકોરજીનો સ્વપ્નમાં પણ કોઈ અનુભવ નહીં કરી શકો. ‘છતે, સ્વામીએ સુહાગણીનું સુખ સ્વપ્ને નવ રાચે.’ એજ સ્થિતિ બની રહેવાની છે. ગુરુજનો અને ભગવત્સ્વરૂપોમાં સાધારણ-અસાધારણ વગેરે કેટગરી વિચારવી, ૧૦૦ વર્ષ જુના - ૫ વર્ષ જુના એમ શ્રીઠાકોરજીમાં ભેદ વિચારવો, સખડીભોગના-દૂધઘરના, મરજાદીના, વગેરે રૂપમાં ઠાકોરજીના સ્વરૂપમાં ભેદ જોવો, મરજાદી-કંઠીબંધ વગેરે વૈષ્ણવોમાં ભેદ જોવો વગેરે પ્રકારના તે તમામ બુદ્ધિના વિકારો છે. ત્યારે, આજને દિવસે આપણે જેમ મોઢેથી બોલીએ.’ હરિ ગુરુ, વૈષ્ણવ સરખા લેખીએ. પરંતુ, હરિમાં યે ભેદ, ગુરુમાં યે ભેદ અને વૈષ્ણવોમાં યે ભેદ. વૈષ્ણવોની પણ કેટેગરી આસાધારણ વૈષ્ણવ, આ કંઠીબંધ, આ બ્રહ્મસંબંધી, આ મરજાદી, આ પાકા મરજાદી, આ સખડી ભોગવાળો વૈષ્ણવ, આ દૂધઘરનો વૈષ્ણવ. ગઈ કાલે, એક ભાઈ આવ્યા હતા મને કહે મારે ત્યાં દૂધઘરના ઠાકોરજી બિરોજે છે. મે એમને કહ્યું કે ઠાકોરજી ક્યારેય દૂધઘરના કે સખડીના હોતા નથી. આપણી સેવા દૂધઘરની કે સખડીની હોય છે. એટલે, હવેથી બોલવું તો શું બોલવું ? મારે ત્યાં સેવા દૂધ ઘરની છે. મારા ઠાકોરજી દૂધઘરના નથી. ઠાકોરજીને સખડીની એલર્જી નથી. પછી તો, એમ કહેવાય મારા ગુરુ સૂપના છે કે મારા ગુરુ મઠડીના છે. તમારા ગુરુ સૂપના કે મઠડીના નથી. તમારા ઘરમાં મઠડી હોય તો મઠડી આપો ને સૂપ હોય તો સૂપ પીવડાવો. એવી રીતે, કોઈના ઠાકોરજી સખડી, અનસખડી કે દૂધઘરના હોતા નથી. આ સખડી, અનસખડી, દૂધઘર આ બધાં તમારી સાથે લાગેલા શબ્દો છે. તમારી સેવા, ભક્તિ અને તમારું સામર્થ્ય તેની સાથે લાગેલા આ બધાં શબ્દો છે. તેવી જ રીતે, આપણે દરેકની અંદર ભેદ વિચારીએ છીએ. ઠાકોરજીમાં પણ ભેદ. અરે, આ તો મરજાદીના ઠાકોરજી. પાછા, લોકો કેવા ભેદ કરે, આપણા મનના વિકારો જુઓ કેવા છે ? અરે, આ તો ૪૦૦ વર્ષ જૂના ઠાકોરજી. મેં

કહ્યું, સારું થયું તારા ઠાકોરજી ૪૦૦ વર્ષ જૂના છે. એ કહે આપના કેટલા પુરાણા છે. મેં કહ્યું અબજો વર્ષ પુરાણા છે. એ કહે, આટલા બધાં જૂના છે, દેખાતું નથી એવું. તો, આપણે ઠાકોરજીની પણ વર્ષની સાથે કેટેગરી નક્કી કરીએ છીએ કે આ ૨૦૦ વર્ષ જુના આ ૪૦૦ વર્ષ જૂના. અરે, ઠાકોરજી, ઠાકોરજી છે. બ્રહ્મ, બ્રહ્મ છે. ભગવાન, ભગવાન છે. પણ ના, એમાં પણ કેટેગરી. આપણા સંપ્રદાયમાં જે આજે ગોટાળો ચાલી રહ્યો છે કે વલ્લભકુળના મંદિરના ઠાકોરજીનો પ્રસાદ એ વૈષ્ણવના ઠાકોરજીને ભોગમાં આવી શકે. મને તો આ રિવાજ જ સમજાતો નથી. કે કયા પુષ્ટિમાર્ગ અને કયા મહાપ્રભુજી પાસેથી આ બધું શીખીને લઈ આવ્યા છો ? તમારા ઘરની અંદર તમે લોકો એમ માનો છો એ જ ખોટું છે કે, મારે ત્યાં ફલાણા મહારાજના પુષ્ટાવેલા છે. એમ જો પુષ્ટાવ્યા ને તો તમારા ઘરમાં ઠાકોરજી જ નથી એમ નક્કી માનજો. તમારા ઘરમાં જો મહાપ્રભુજી બેસાડે ને તો જ ઠાકોરજી બેસે. આ કૃષ્ણ એટલો ચંચળ છે કે, મહાપ્રભુજી સિવાય કોઈની તાકાત નથી કે એને પકડી રાખે. વલ્લભકુળના ઘરમાં પણ એ છે વલ્લભ અને વિઠ્ઠલને કારણે છે. નહીં તો, કીર્તનમાં એવું આવી જાત કે, 'ભોગ, શ્રૃંગાર, મૈયા સુન મોહે. શ્રીચંદ્રગોપાલજી કે હાથ કો ભાવે.' પણ એવું કોઈ કીર્તનમાં નથી. શ્રીનાથજી પણ એજ બોલે છે કે, ભોગ, શ્રૃંગાર મૈયા સુન મોહે શ્રી વિઠ્ઠલનાથ કે હાથકો ભાવે.' ત્યારે, અમારા ઘરમાં પણ એ મહાપ્રભુજીના બેસાડેલા છે. જેમ પહેલાં આપણા પરતંત્ર ભારતમાં યુરોપિયન સ્વીમીંગ બાથમાં યુરોપિયન જ જાય એમાં કોઈ ભારતીયો જઈ જ ન શકે. કારણ કે પેલા બધાં નિધિ સ્વરૂપ વાળા અને આપણે બધાં વગર નિધિના. હવે, આપણે નિધિ થઈ ગયા. તે દિવસે. આપણે નિધિના નહોતા. એટલે, એ સ્વિમિંગમાં ભારતીયો જો જાય ને તો આખો સ્વિમિંગબાથ ધોવાઈ જાય. આપણે દરેકમાં એવી કેટેગરી પાડી દીધી, ભેદ કરી નાખ્યા. જ્યારે ખરેખર શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત એ દરેક ભેદને સમેટીને દરેકની અંદર એક પરમાત્મા, એક કૃષ્ણને જોવાની એક પદ્ધતિ અને એક ભક્તિનો પ્રકાર મહાપ્રભુ આપણને આપવા માંગે છે.

(૪૨) વ્રજમાં વ્રજવાસીઓ વગેરેમાં તથા સેવામાં સેવાના ખિલૌના વગેરે સાધનોમાં ભગવદ્‌ભાવ રાખવો.

ત્યાર પછી વ્રજવાસીઓમાં પણ તમારે અનાદર બુદ્ધિ ન કરવી. આ માંગવા આવી ગયા ! તમારાથી ન અપાય, તમારી શક્તિ ન હોય અને પેલો તમારી સામે જોર જુલમ કરતો હોય તો ચુપચાપ બેસી રહો, ચાલ્યા જાવ એમ કહો, પરંતુ તમે એને અપશબ્દ બોલો, બાવડું ઝાલીને ગેટઆઉટ નો અહંકારનો પ્રયોગ કરો એ તો યોગ્ય જ નથી. એક વાત હમેશાં યાદ રાખજો કૃષ્ણ પાછલી બારીએ ઘરમાં આવે છે. રામ અને કૃષ્ણમાં આટલો ફરક છે. રામ જ્યારે ઘરમાં આવે છે ત્યારે સીધા મુખ્યદ્વારથી જ ઘરમાં આવે છે જ્યારે કૃષ્ણ હમેશાં પાછલી બારીએથી ઘરમાં આવે છે અને આવે ત્યારે પીતાંબર પહેરીને નહીં આવે, આવશે ત્યારે કોઈક વાંદરો બનીને, કોઈ વ્રજવાસી બનીને, કોઈક માંગવાવાળો બનીને બારીમાંથી ઘુસીને તમારા ઘરમાં આવશે. અને જો તમે એને તગેડી મૂક્યો, તો કોઈક વખત એવું ન બને કે તમે કૃષ્ણને જ કાઢી મૂકો અને પછી કરમ કુટો કે હાય મને ખબર ન પડી, મે જાણ્યું નહોતું કે આ વાંદરો તો કૃષ્ણ જ હતો. વ્રજમાં જાવ, વ્રજની અંદર ત્રણ જગ્યાએ - આકાશ - પૃથ્વી અને પાણી, આ ત્રણેની અંદર ખાનારા જીવો છે. અને ત્યાં તમારે ખાવાનું આપવાનું છે. આકાશમાં વાંદરો, પૃથ્વીમાં ચોબા-વ્રજવાસી અને જળમાં કાચબા. આમાં જ કયાંક કોઈ વખત કૃષ્ણ આવી જશે. એટલે ન બને તો ઊભા રહેજો પણ કાચબાઓ ને જોઈને દુર્ભાવ ન કેળવતા. આ પાછો આવી ગયો ! આપણે દરેકનો આદર જાળવવો, દરેકની મર્યાદા જાળવવી.

આપણી સેવા આજ શીખવાડે છે કે તમે સેવા, તમે જે સ્થાનમાં ઠાકોરજીની કરો છો એનો જ વ્યાપક વિસ્તાર તમારા મનમાં વ્રજરૂપે થવો જોઈએ. આ મુદ્દો છે જે તમે ઠાકોરજીની સેવામાં વર્તો છો, એનો જ વિસ્તાર આખા જગતમાં અને વ્રજમાં દરેક જગ્યાએ થવો જોઈએ. કેવી રીતે ? રાજભોગમાં જ્યારે ખંડપાટ લગાવવામાં આવે છે ત્યારે એના ઉપર બે વાંદરાને પણ પધરાવવામાં આવે છે, તો એ ખિલૌનાનો વાંદરો, અને વ્રજનો વાંદરો એમાં ફરક કેટલો ? જો ફરક જુઓ છો તો તમને આ વાંદરામાં ખાલી ચાંદી કે લાકડું જ દેખાશે. કૃષ્ણ અને વાંદરાની જે દોસ્તી છે ને એ તમે નહીં જોઈ શકો. આ પણ શ્રી મહાપ્રભુજીએ એટલી સુંદર પ્રણાલિકા ગોઠવી છે કે, એમાં વૈષ્ણવોને બતાવ્યું કે રાજભોગમાં ખંડપાટ-સીડી પર બિરાજતા જેટલા પણ પ્રાણીઓ છે એ પ્રાણીઓ પણ ભગવદ્‌રૂપ છે. ભગવાનના છે. એ ભાવે પણ આપણે વાંદરાને જમીન ઉપર નથી મૂકતા. ખંડપાટ પર આસન કે ચાદર બિછાવી હોય એના ઉપર વાંદરો બેસે. એટલે જો તમે વ્રજમાં વાંદરામાં ભગવદ્ બુદ્ધિ કરશો તો તમારા ખંડપાટ પર બેઠેલો વાંદરો, કોઈક વખત કૃષ્ણના હાથમાંથી ઝડપીને ખાઈ લેતો જણાશે. અને બીજી વસ્તુ ભગવત્ સેવામાં વપરાતી જેટલી પણ વસ્તુઓ છે એ બધી જ ભગવદ્‌રૂપ છે. એટલે યાદ રાખજો કે એ વાંદરાને પગ ન લાગે અને જો વાંદરાને પગ લાગી ગયો તો શુ કરવાનુ ? ધારોકે ઠાકોરજીનો એક વાંદરો ચાંદીનો કે લાકડાનો, આપણે ઉપર મૂક્યો અને ભૂલથી, ઉઠાવતા કે મૂકતા પગ લાગી ગયો તો આપણું શું કર્તવ્ય ? ત્યારે એને હાથ લગાડી માથે લગાવવા.

આપણી જે સેવા પ્રણાલિકા છે અને આપણો જે સેવા પ્રકાર છે એ આપણી સાધના છે એમાં સર્વત્ર ભગવદ્ ભાવ કેળવવાની પદ્ધતિને આગળ લઈ જવી. સેવામાં બિરાજતા, મનોરથમાં વપરાતાં ગોપી ગ્વાલ એમાં તમને ગોપી ક્યારે દેખાશે ? કે જ્યારે ઠાકોરજીના દર્શન કરી રહેલા વૈષ્ણવોમાં પણ તમે ભગવદીય તરીકેનો ભગવદ્ભાવ કેળવશો. ત્યારે સર્વપ્રથમ એ ભાવ જાણી લેવો જોઈએ કે જે ભાવ સેવામાં અપેક્ષિત છે અને જેથી સેવાનો ભાવ તમને સર્વભાવ-સર્વાત્મભાવ સુધી લઈ જાય છે. એ પદ્ધતિ આપણી છે. એટલે ઠાકોરજીની સેવામાં આવતી જેટલી પણ વસ્તુ છે એ દરેક વસ્તુને ઠાકોરજી રૂપ જોઈ, ગણી અને એનો એ રીતે આદર કરવો.

(૪૩) ગુરુ તથા શ્રીઠાકોરજી અંગેના કેટલાક વ્યાવહારિક નિયમો

૧. ગુરુ કે શ્રીપ્રભુને પોતાની પીઠ થાય તે રીતે ન બેસવું કે ન ઊભા રહેવું.

૨. ગુરુ કે શ્રીપ્રભુ તરફ પોતાના પગ થાય તે રીતે ન બેસવું.

૩. ગુરુ કે શ્રીપ્રભુની કોઈ વસ્તુને પોતાનો પગ લાગે તે રીતે ન બેસવું કે વર્તવું. ગુરુથી ઊંચા તો નહીં પણ સમાન આસન પર પણ ન બેસાય. મોટરમાં ગુરુ સાથે બેસાય કે ન બેસાય ? ન બેસાય. ગુરુની આજ્ઞા થાય ત્યારે પણ સંકોચથી બેસવું. પણ હરખાઈને ગોઠવાઈ ન જવું.

૪. ગુરુ કે શ્રીપ્રભુના ગાદી-તકિયા-સિંહાસન વગેરેને અઢેલીને ન બેસવું કે તેનાં ઉપર પોતાનો હાથ ટેકવીને પણ ન બેસવું.

૫. ગુરુ કે શ્રીપ્રભુ સમક્ષ પોતે કપડાં બદલવા નહીં.

૬. ગુરુ કે શ્રીપ્રભુ સમક્ષ ગાવું કે ગુનગુનાવવું નહીં.

૭. ગુરુ કે શ્રીપ્રભુના સૂકાવેલા વસ્ત્રો સાથે પોતાના પહેરવાના વસ્ત્રો

સૂકાવવા નહીં કે સાથે મૂકવા નહીં.

૮. ગુરુ કે શ્રીપ્રભુના ઉપયોગના વાસણો સાથે પોતાના ઉપયોગમાં આવતા વાસણોને એકમેક કરવા નહીં.

૯. ગુરુ કે શ્રીપ્રભુ સમક્ષ પાદુકા, જૂતા કે પગમાં મોજા પહેરી જવાય નહીં.

૧૦. ગુરુ કે શ્રીપ્રભુ સમક્ષ ખાન-પાન વગેરે કરવું નહીં (આમન્યા રાખવી).

૧૧. ગુરુ કે શ્રીપ્રભુ સમક્ષ વાળ ઓળવા વગેરે સઁવરવાના કાર્યો કરવા નહીં.

૧૨. ગુરુ કે શ્રીપ્રભુ સમક્ષ વિશેષ-સ્વતંત્ર આસન, ગાદી, ખુરશી વગેરે પર બેસવું નહીં.

૧૩. ગુરુ કે શ્રીપ્રભુ સમક્ષ બીજાને આશીર્વાદ આપવા નહીં.

૧૪. ગુરુ કે શ્રીપ્રભુ સમક્ષ અભદ્ર-અશિષ્ટ હંસી-મજાક કરવી નહીં કે તેમની પાછળ પણ ઉતરતા શબ્દો બોલવા નહીં (જેમકે ગુરુ-ફુરુ, ભગવાન- બગવાન, મહારાજ-ફહારાજ, ભક્તિ-બક્તિ, સામગ્રી-બામગ્રી વગેરે).

૧૬. ગુરુના પરિવારજનો તથા ગુરુ કે શ્રીપ્રભુની સેવામાં નિયુક્ત પરિચારકોને પણ પોતાનાથી શક્ય તેટલો યથોચિત આદર આપવો તથા સંબોધનમાં યા નામોચ્ચારણમાં પણ જીકાર લગાવીને બોલવું (જેમ કે મુખિયાજી, ભીતરિયાજી, કીર્તનીયાજી, ભંડારીજી, ખવાસજી વગેરે).

૧૭. ગુરુ કે શ્રીપ્રભુના ચરણસ્પર્શ કર્યા પછીથી હાથ ખાસા કર્યા વિના તેમના સંબંધી સેવાના કોઈ કાર્ય કરવા નહીં.

૧૮. ગુરુ કે શ્રીપ્રભુની સેવાના કોઈ પણ કાર્યના વિષયમાં પોતાનામાં મોટપ વિચારવી નહીં કે સેવાના કોઈ પણ કાર્ય બાબત હીનપ વિચારવી નહીં.

૧૯. ગુરુ કે શ્રીપ્રભુ સંબન્ધની કોઈ પણ વસ્તુની ફેંકાફેંકી કરવી નહીં.

૨૦. ગુરુને કોઈ વસ્તુ આપવાનો પ્રસંગ આવે ત્યારે વસ્તુ દૂરથી ફેંકીને ન આપવી પણ પાસે જઈને આપવી.

૨૧. ગુરુ કે શ્રીપ્રભુના સંબન્ધમાં શક્ય તેટલા અંગ્રેજી-ઉર્દુ વગેરે ભારત બહારના દેશોની ભાષાના પ્રયોગો ઘટાડીને શક્ય ત્યાં સુધી સંસ્કૃત ભાષા-વ્રજભાષા અથવા ભારતીય ભાષાના પ્રયોગો કરવા.

૨૨. દીક્ષાદાતા ગુરુ પોતાનાથી ઉમરમાં મોટા હોય, નાના હોય કે સમાન ઉમરના હોય તો પણ તેમનામાં પોતાના જન્મદાતા પિતા સમાન ઉચ્ચ પવિત્ર આદરપૂર્ણ સ્નેહભાવ રાખવો. આ સિવાયના માધુર્યભાવ-મિત્રભાવ-પુત્રભાવ વગેરે ભાવો રાખવા નહીં.

૨૩. ગુરુ કે શ્રીપ્રભુ સમક્ષ આંખો બંધ કરી બેસવું નહી.

૨૪. ગુરુ કે શ્રીપ્રભુ સમક્ષ બગાસા ખાવા નહીં, છતાં પણ જો આવી જ જાય તો મોઢું ફેરવી યા મોં પાસે હાથ રાખી બગાસું ખાવું.

ઠાકોરજીના અને ગુરુજનોના વિષયમાં એંઠા-જૂઠાનો ખૂબ વિચાર રાખવો જોઈએ. તમે બે સેવા ઓછી કરશો તો ચાલશે પરંતુ પોતાનું ઉચ્છિષ્ઠ કે પછી ઉચ્છિષ્ઠ વસ્તુના સંસર્ગવાળું ગુરુને કે ભગવાનને આપવું એના જેવો બીજો કોઈ અપરાધ નથી.

(૪૪) ગુરુજનો જ્યારે સભા વગેરે સ્થળે બિરાજતા હોય યા ઘરે પધરામણી રાખી હોય ત્યારે સત્કાર-અભિવંદના માટેના નિયમો -

શ્રીવલ્લભકુળ પરિવારના એકથી વધુ એક સાથે બિરાજતા હોય ત્યારે તેમના આદર-સત્કાર (માળાજી ધરાવવું-તીલક કરવું વગેરે) માં તેમજ સભામાં પોતાને કંઇક બે શબ્દ કહેવાનો પ્રસંગ આવે ત્યારે સભામાં બિરાજમાન શ્રીવલ્લભકુળના નામોચ્ચારણ-સમ્બોધનમાં આ સમ્પ્રદાયમાં આજને દિવસે બે પ્રકારની વિચારસરણી પ્રવર્તી રહી છે અને તે આધાર પર બે પ્રથા અસ્તિત્વમાં છે. એક પ્રથા છે વયસ્ ક્રમે બધું કરવું અને બીજી પ્રથા છે ગાદી-પીઠના ક્રમે બધું કરવું. આ બન્ને વિચારસરણીમાં પણ એક બાબતે સર્વમાન્ય એકમતી છે કે સર્વપ્રથમ આદર-સત્કાર વગેરે નાથદ્વારની ગાદી પર બિરાજમાન શ્રીતિલકાયતજીનો કરવો.

(૧) **વયસ્ ક્રમના પ્રકારમાં -** પ્રથમ શ્રીતિલકાયતજી અને ત્યારબાદ વય-ઉમર પ્રમાણે જે સહુથી મોટા હોય તેમને ત્યારબાદ તેમનાથી નાનાને એમ બધામાં સમજવું (આ પ્રથામાં મહારાજશ્રી-મહોદય (બાવા) -બેટીજી-વહુજી બધાને ઉપર પ્રમાણે સત્કારવામાં આવે છે).

આ પ્રથામાં પણ એક બીજી પ્રથા પ્રચલિત છે કે સર્વ પ્રથમ શ્રીતિલકાયતજી, ત્યારબાદ પુરુષ શ્રીવલ્લભવંશજો અને ત્યારબાદ બેટીજીઓ-વહુજીઓ નો વય પ્રમાણે સત્કારવામાં આવે છે. એટલે કે શ્રીતિલકાયતજી પછી બાકીના ઉપસ્થિત પુરુષ વલ્લભકુળનો ઉપર પ્રમાણે મોટાથી નાના તમામનો અને ત્યારબાદ બેટીજીઓ-વહુજીઓનો ઉપર પ્રમાણે સત્કાર કરવામાં આવે છે.

(૨) **ગાદી-પીઠના ક્રમે -** સર્વ પ્રથમ શ્રીતિલકાયતજી અને ત્યારબાદ (પ્રથમ-દ્વિતીય-તૃતીય એમ) અનુક્રમે સાત ગાદીપતિઓ અને ત્યારબાદ ઉપરના ક્રમે બીજા પુરુષ વલ્લભકુલનો અને ત્યારબાદ બેટીજીઓ-વહુજીઓ વગેરેને વયના ક્રમે.

આમાંથી કયો ક્રમ સ્વીકારવો એ બિરાજમાન વલ્લભકુલ પરિવારની માન્યતા અને આજ્ઞા મુજબ વૈષ્ણવોએ વર્તવું અને તેમાં જો વલ્લભકુલના બે વચ્ચે મતભેદ આવતો હોય ત્યારે તેનો નિર્ણય વૈષ્ણવોએ પરસ્પર વલ્લભકુલ ઉપર છોડવો અને તેમના વચ્ચે જેમ નક્કી થાય તેમ વર્તવું.

(૪૫) શ્રીવલ્લભકુલ પરિવારના સભ્યો માટે પ્રયોગ કરવાના શબ્દોમાં વ્યાવહારિક નિયમ :-

(૧) જે વલ્લભકુલના પિતૃચરણનો નિત્યલીલા પ્રવેશ થઇ ગયો હોય (ભૂતલ પર હયાતિ ન હોય) ત્યારે તેમના માટે નામ પછી **'મહારાજશ્રી'** એમ પ્રયોગ કરવો. તેમના માટે બાવાશ્રી કે મહોદયશ્રી પ્રયોગ થાય નહીં. તેમજ તેમના માટે ચિરંજીવ શબ્દનો પણ ઉપયોગ થતો નથી.

(૨) જેમના પિતૃચરણ ભૂતલ પર બિરાજમાન હોય (હયાત હોય) તેમના નામ પછી બાવાશ્રી અથવા મહોદયશ્રી પ્રયોગ થઈ શકે, પણ તેમના માટે મહારાજશ્રી શબ્દ પ્રયોગ થતો નથી.

(૩) વલ્લભકુલના જે વહુજી સૌભાગ્યવતી હોય (જેમના પતિ હયાત હોય) તેમના નામ પછી મહારાજ શબ્દ પ્રયોગ થઈ શકે નહીં. જેઓ સૌભાગ્યવતી ન હોય (જેઓ વિધવા હોય) તેમના નામ પછી મહારાજ શબ્દ લગાડવાની પ્રથા સમ્પ્રદાયમાં પ્રાચીનકાળથી જોવામાં આવે છે. તેવી જ રીતે તેવા (વિધવા) વહુજીના નામ સાથે

(નામના પહેલાં) ગોસ્વામિની શબ્દ પ્રયોગ કરવાની પણ પ્રથા પ્રચલિત છે. જેઓ સૌભાગ્યવતી વહુજી છે તેમના નામના પહેલાં ‘અખંડ સૌભાગ્યવતી’ અને સંક્ષિપ્તમાં લખવું-કહેવું હોય તો ‘અ.સૌ.શ્રી’ શબ્દ પ્રયોગ કરવામાં આવે છે.

(૩) સ્ત્રીઓ રજઃસ્વલા હોય (પિરિયડમાં હોય) તથા મૃત આશૌચ (સૂતક) વગેરે અંગેના નિયમો તથા નિર્ણયો -

પુષ્ટિમાર્ગમાં જ નહીં પણ હિન્દુધર્મ માત્રમાં, જે રજઃસ્વલા સ્ત્રી હોય, એણે ત્રણ દિવસ સુધી ગુરુ કે ઠાકોરજીનો, ઘરની રસોઈનો કે ઘરના કપડા-લત્તાનો સ્પર્શ ન કરવો. આ પ્રકારની અશુદ્ધિ હોય તો ગુરુ કે ઠાકોરજી પાસે જવાય નહીં. ઘણી જગ્યાએ એવી પદ્ધતિ ચાલી નીકળી છે કે બીજા દિવસે ઉપવાસ કરી, ત્રીજે દિવસે જવાય. પરંતુ એ પદ્ધતિ શાસ્ત્રીય નથી, યોગ્ય નથી. ચોથા દિવસે સ્નાન કરી, તે પણ મસ્તકથી સ્નાન કરી, જૂની કંઠી બદલીને નવી પહેરીને પછીથી જ ગુરુદેવ સમક્ષ જઈ શકાય. બાકી ત્રણ દિવસ સુધી તો ઠાકોરજી સમક્ષ જઈ ન શકે. ઠાકોરજી જ્યાં બિરાજતા હોય તેના દર્શન કરી શકાય નહીં. પ્રાચીન પદ્ધતિ અનુસાર તો રજઃસ્વલા સ્ત્રી, દેવ-ગુરુ-પતિ- બાપ કે ભાઈનું મોઢું પણ જોઈ ન શકે એવી પદ્ધતિ હતી. એ પદ્ધતિ પાછળ કેટલાક નિશ્ચિત વૈજ્ઞાનિક કારણો પડેલા છે. અને એ કારણો મોટેભાગે મનોવિજ્ઞાન અને ગર્ભવિજ્ઞાન સાથે સંબંધ ધરાવનારા છે. પણ અત્યારે મારો કલાસ પ્રોટોકોલનો છે. સાયન્સનો નથી.

તેવી જ રીતે પુરૂષ હોય કે સ્ત્રી હોય જ્યારે મૃતસૂતક હોય - મરણનું સૂતક હોય ત્યારે એ સૂતક દરમ્યાન દેવદર્શન થઈ શકે નહી. દેવ પ્રયોગ મેં એટલા માટે કર્યો છે કે કેવળ ઠાકોરજી જ નહીં હનુમાનજી, શિવજી કે માતાજી કોઈ પણ મંદિર હોય, રસ્તે જતા-આવતાં રજઃસ્વલા સ્ત્રીએ પોતાની જાતને થોડી બચાવીને જવું - આવવું. તેવી જ રીતે જેટલા દિવસનું સૂતક હોય એ પ્રમાણે સૂતક ઉતરે, સ્નાન કરી, કંઠી બદલી, બ્રાહ્મણ હોય તો જનોઈ અને કંઠી બંને બદલી અને પછી શુદ્ધ થઈ દેવ દર્શને જવું. જે લોકો સૂતકી હોય તે લોકોએ જયશ્રી કૃષ્ણનો વ્યવહાર પણ ટાળવો. જે સૂતકી હોય એણે બીજાને જયશ્રી કૃષ્ણ ન કહેવાય. બીજો સારો હોય, પણ સામેવાળો સૂતકી હોય તો તેને પણ જયશ્રીકૃષ્ણ ના કહેવા. મરણ સૂતકમાં ભગવદ્‌ચરણ આકૃતિનું ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ થઈ શકે નહીં. લલાટમાં ભગવાનના ચરણ આકૃતિનું તિલક થઈ શકે નહીં. **પ્રશ્ન** - સૂતકના દિવસો દરમ્યાન આકૃતિનું તિલક ન કરીએ પણ આમ ને આમ અંગૂઠાથી કંકુ કપાળે લગાડીએ તો ? **ઉત્તર** - કોઈપણ સૌભાગ્ય ચિન્હ ધારણ થઈ શકે નહીં, કારણ કે કુમકુમ એ સૌભાગ્યનું પ્રતિક છે. તેને ધારણ કરી શકાય નહીં. પરંતુ જે ચરણામૃતનો પેંડો આવે છે થોડું પાણીમાં ઓગાળી અંગુઠાથી કરવું હોય તો કરી શકાય. અને કરવું જોઈએ. ગોપીચંદન પણ લગભગ વર્જ્ય છે. મરણ સૂતકમાં કેટલીક ગેરસમજ લોકોને છે. એટલે એ પણ અહીં તમને પ્રોટોકોલથી અલગ હટીને બતાવવામાં આવે છે. બ્રાહ્મણ હોય, ક્ષત્રિય હોય, વૈશ્ય હોય કે શૂદ્ર હોય સાત પેઢી સુધી પૂર્ણ સૂતક. આઠથી ચૌદ પેઢીમાં ત્રણ દિવસનું સૂતક. અને ચૌદ પછીથી કેવળ સ્નાન નું સૂતક. એમાં પૂર્ણ સૂતક બ્રાહ્મણને દશ રાત્રી, ક્ષત્રિયને બાર રાત્રી, વૈશ્યને પંદર રાત્રી અને શૂદ્રને ત્રીસ રાત્રીનું આશૌચ લાગે. કોઈ પણ વેદનો નિયમ એ શરીરથી જ સંબંધવાળો છે. એના આત્મા સાથે એનો કોઈ સંબંધ નથી. કોઈનો આત્મા બ્રાહ્મણ નથી હોતો. કોઈનો આત્મા શૂદ્ર નથી હોતો. શૂદ્ર અને બ્રાહ્મણ વગેરે જે છે તે આ શરીર છે. આપણે ત્યાં સૂતક દિવસની સંખ્યાથી ગણાતુ નથી રાત્રીની સંખ્યાથી ગણાય છે. રાત્રી કહેવાથી એક સૂર્યોદયથી લઈને બીજા સૂર્યોદય સુધીના અહોરાત્ર સમયને

રાત્રીથી કહેવામાં આવે છે. કોઈક કોઈક સૂતક એવા પણ હોય છે જેને પક્ષીણી કહેવાય છે. પક્ષીણી એટલે ત્રણ પક્ષનું. ત્રણ પક્ષ એટલે, દિવસ - રાત - દિવસ, અથવા રાત- દિવસ - રાત, આને પક્ષીણી કહેવાય. કોઈ વ્યક્તિનું દિવસમાં મરણ થયું હોય ત્યારે દિવસ, રાત્રી અને બીજો દિવસ સૂર્યાસ્ત સુધીનો એમ પક્ષિણી આશૌચ થાય, બીજા દિવસે સૂર્યાસ્ત પછી સ્નાન કરી શુદ્ધ થવાય. દિવસ એટલે શું તે પણ સમજી લો. રાતના બાર વાગ્યાથી સવારના બાર વાગ્યા સુધી (a.m.) અને બપોરના બાર વાગ્યાથી રાતના બાર વાગ્યા સુધી (p.m.) એ આપણે ત્યાં માન્ય નથી. આપણે ત્યાં દિવસ એટલે સૂર્ય ઉદય પામે એમાં પણ ઝીરો ટાઈમ. દિવસ ક્યારથી ગણવો ? સૂર્ય ઉદય થઈને અર્ધા બહાર આવે અને અર્ધો બાકી હોય એ એનો શુદ્ધ સમય છે. સૂર્ય અર્ધો નીકળ્યો હોય અને અર્ધો બાકી હોય ત્યાંથી આપણો વાર શરૂ થાય. શનિવાર, રવિવાર, સોમવાર એ વારનો સૂર્યોદયથી આરંભ થાય. ત્યાંથી દિવસ ગણાય. અને સૂર્યોદયથી લઈ સૂર્યાસ્ત પર્યંત એને દિવસ કહેવાય. અને સૂર્યોસ્તથી લઈ સૂર્યોદય સુધી રાત્રી કહેવાય. હવે જો કોઈ બહેન, શનિવારે રાત્રે ચાર વાગ્યે, એટલે કે રવિવારના સૂર્યોદય પહેલાં રજઃસ્વલા થાય તો દિવસ કેવી રીતે ગણવો ? રવિ-સોમ-મંગળવારે આશૌચ પાળવું, અને બુધવારે શુદ્ધ સ્નાન કરવું. આમાં મધ્યરાત્રીનું માન છે. રાત્રીમાન અને દિવસમાન એટલે શું ? સૂર્યોદયથી સૂર્યાસ્ત પર્યન્તમાં જેટલી ઘડી-પળ અથવા કલાક-મિનિટ થતાં હોય તેટલા કલાક-મિનિટનું દિનમાન અને તેજ રીતે સૂર્યાસ્તથી સૂર્યોદય પર્યન્તના કલાક મિનિટના સમયને રાત્રીમાન કહેવામાં આવે છે. સૂર્યોદય અને સૂર્યાસ્તના વચ્ચેના સમયમાં રોજેરોજ ફરક થતા હોય છે એટલે રાત્રીમાન કાઢવાનું. એનો અર્થ એ કે જેટલા વાગે અને જેટલી મિનિટે સૂર્ય અસ્ત થયો હોય, ત્યાંથી લઈને બીજે દિવસે સવારના સૂર્યોદય જેટલા વાગ્યે અને જેટલી મિનિટે થતો હોય એનો સમય કાઢી એનું મધ્ય કાઢવાનું. બરાબર સાંજના સાત વાગ્યે સૂર્યાસ્ત થયો છે અને બીજા દિવસે સાતને વીસે સૂર્યોદય થાય છે તો રાત્રીમાન કેટલું થયું ? બાર કલાક અને વીસ મિનિટ, એટલે એનું મધ્ય છ કલાક અને દશ મિનિટ. સાંઝના સાતથી ગણતાં રાત્રે એક અને દશ મિનિટ એ મધ્ય થયું. એટલે એક અને દશ પહેલાં જો પીરીયડમાં બેસે તો જૂનો દિવસ એટલે શનિવાર કહેવાય. એક અને દશ પછી પીરીયડમાં આવે તો રવિવાર જ ગણાય. આ રીતે ગણતરી થાય. વૃદ્ધિ તથા મૃત્યુ આશૌચમાં પણ આમ જ સમજવાનું છે.

સૂતક ક્યારથી ગણવું ? ઘણા લોકો બાળવામાં આવે ત્યારથી સૂતક ગણે છે. પણ ના. જે ઘડીએ જીવાત્મા આ શરીરથી જૂદો પડે તે ઘડીથી સૂતક શરૂ થઈ જાય. અને ત્યારથી જ એક-બે-ત્રણ એમ દિવસ પ્રવૃત્તિ કહેવાય. અને તે જેને જેટલા દિવસ લાગતા હોય એ પ્રમાણે પૂરા દિવસ લાગે. પરંતુ જો કોઈ કારણસર વ્યક્તિનું શબ દસ દિવસથી અધિક રહી ગયું હોય અને બાળવામાં ન આવ્યું હોય તો ત્યાં સુધી સૂતક કન્ટિન્યુ થાય. જે દિવસે શરીર છોડ્યું ત્યારથી દસ દિવસમાં અગ્નિ સંસ્કાર થઈ ગયો હોય તો તો કોઈ પ્રશ્ન નથી. પણ કોઈ વખત જો દસ દિવસમાં એને અગ્નિ સંસ્કાર કરવામાં ન આવ્યો હોય અને મૃતશરીર મોજુદ હોય, તો જ્યાં સુધી મૃતશરીરનો સંસ્કાર ન થઈ જાય ત્યાં સુધી એ સૂતક કન્ટિન્યુ આગળ જાય. અગ્નિહોત્રી મરણ પામે તો તેનું સૂતક શબદાહથી ગણવાનું હોય છે. બારમુ મર્યા પછીના બારમે દિવસે થાય. મર્યા પછી જો ત્રીજા દિવસે અગ્નિસંસ્કાર થાય તો પણ બારમુ બારમે દિવસે જ થાય. બારમુ અગ્નિસંસ્કાર પહેલાં ન થઈ શકે.

સૂતકીએ પીરીયડવાળી સ્ત્રીને, પીરીયડવાળીએ સૂતકીને નહીં અડકવુ. અને જો પરસ્પર અડકે તો બન્ને એ સ્નાન કરવું આવશ્યક છે એમ આપણે ત્યાંની મર્યાદા છે. મર્યા પછીનું ખાલી સ્નાન જ હોય તો

પણ જો ગામમાં હોય તો કપાલમોક્ષ થતાં સુધી આશૌચ પ્રાપ્ત થાય. કપાલમોક્ષ એટલે, શરીર આખું બળી જાય પણ માણસનું માથુ જલદીથી બળતુ નથી. ઠાઠડીના ડંડાને આગળ અણીદાર થોડું તૈયાર કરે અને યજ્ઞની શ્રુવા જેવું બનાવી તેમાં ઘી લઈને એ અણી ખોપડીમાં ધીમેથી મારે, મારે એટલે ખોપડી ફેલાઈ જાય, એટલે એમાં ઘી નાંખે એનાથી અગ્નિ પ્રજ્વલિત થઈ જાય એને કપાલમોક્ષ કહેવાય છે.

ધારોકે તમે વાણિયા છો, તમને પૂર્ણ સૂતક પંદર રાત્રીનું લાગે. અને જો કોઈક પરિસ્થિતિમાં દશ દિવસ પહેલાં અગર તેને સાંભળવા મળે તો તમારે મૃત્યુના દિવસથી પંદરમા દિવસ સુધી જ સૂતક રહે. ધારોકે કોઈ વ્યક્તિનું મૃત્યુ એક તારીખે થયું છે. હવે એને પૂર્ણ સૂતક લાગતું હોય તો ક્યારે ઉતરે ? સોળમીએ. હવે જો તેને દશમી તારીખે જાણવા મળે કે ફલાણા ભાઈ ગુજરી ગયા છે તો એને સોળમી તારીખે સૂતક ઉતરી જાય. પણ ધારો કે પંદર તારીખે ખબર પડી કે ફલાણા ભાઈ ગુજરી ગયા છે તો કેટલું લાગશે ? ૧૫, ૧૬ અને સત્તર, અઢારમીએ ઉતરે. ત્રણ રાત્રી તો ઓછામાં ઓછું પાળવું જ પડે. જેનું પૂર્ણ આશૌચ હોય છે એટલે કે પંદર રાત્રીનું હોય તેનું ઓછામાં ઓછુ ત્રણ રાત્રી જેટલું તો પાળવું જરૂરી જ છે. કોઈ એમ પૂછે કે છેલ્લે દિવસે જ જાણવું જેથી એકે દિવસ સેવા છૂટે નહી. ના. મરણ થાય એટલે ત્રણ દિવસની સેવા તો ગઈ જ. બ્રાહ્મણને દશ દિવસનું પણ એણે પણ ત્રણ દિવસ તો પાળવું જ પડે. છ મહીના સુધી ગમે ત્યારે જાણવા મળે તો ત્રણ રાત્રીનું સૂતક ખરું. એવો નિયમ છે.

પ્રશ્ન - જો આપણે સૂતક પડચું છે તે જાણીએ જ નહીં. મતલબ કે સાંભળીએ જ નહીં તો ચાલે કે ન ચાલે, કારણ કે ઘરમાં કોઈ સેવા કરનાર ન હોય ?

ઉત્તર - આમાં બે માર્ગને ભેગા કરીને ઉત્તર આપવાનો છે. એક માર્ગ છે વૈદિકમાર્ગ-શાસ્ત્રીય માર્ગ અને બીજો માર્ગ છે ભક્તિમાર્ગ. આ બે માર્ગનો સમન્વય કરીને આમાં ઉત્તર આપવો પડે. વૈદિકમાર્ગ કહે છે કે મને નહીં કહેશો.’ એમ કહી સૂતક આવતું હોય તોપણ ન જાણવું. એટલે કે તમારા મનમાં તો આવી જ ગયું છે. અને પાછા આપણે અનુમાન લગાવીએ કે કોણ ગયા હશે ? પેલા માંદા બહુ હતા, એટલે આપણું ચિત્ત મરનારના વિચારોમાં પહોંચી જ જાય છે. એટલે શાસ્ત્ર કહે છે કોઈ વ્યક્તિ ગુજરી ગઈ છે જેનું આશૌચ વ્યક્તિને પ્રાપ્ત થાય છે તો તેણે જાણી જ લેવું જોઈએ. તે જ સમયે, તે જ સ્થાને, અને તે જ ક્ષણે જાણવું જોઈએ. એક પ્રશ્ન હું પૂછું કે કોઈકના પિતાજી બહુ માંદા હોય, અને એ ગુજરી જાય તો છોકરાને કહેવું કે ન કહેવું ? છોકરાએ સાંભળવું કે ન સાંભળવુ ? તે વખતે શું નિર્ણય લે છે ? મનમાં શંકા છે કે મારા બાપા સિરિયસ છે. અને કોઈએ આવીને કહ્યું કે ભાઈ તમારા માટે અશુભ સમાચાર છે. મનમાં શંકા આવી ગઈ છે કે આવું હોઈ શકે. તો તે વખતે શું નિર્ણય કરીશું ? એ મહત્ત્વનું છે ઠાકોરજીની સેવાને માટે તમે મા કે બાપ જાય તો પણ તમે નહીં સાંભળવા તૈયાર છો? આપણા મનમાં ઠાકોરજીની સેવાનું મહત્ત્વ નથી. બીજા કોઈના મરણમાં આપણે જે નથી સાંભળતા એ ઠાકોરજીના પ્રેમથી ? કે આપણામાં રહેલો જે પ્રમાદ છે એના કારણે નથી સાંભળતા ? કોઈની મા હોસ્પિટલમાં સિરિયસ છે. કોઈકે આવીને કહ્યું કે અશુભ બન્યું છે એ વખતે દીકરો સેવામાં બેઠો છે. જો કોઈ જાણકાર હોય પુષ્ટિ માર્ગના એ એટલું તો જાણે કે એને એકદમ અહીં સેવામાં નહીં કહેવાય, નહીં તો બધી વસ્તુ છોવાઈ જાય. એટલે એ શું કહે? તમે છે ને સેવામાંથી બહાર આવી જાવ, કંઈક અશુભ બન્યું છે. એટલે પેલો ઠાકોરજીનું જે પણ કંઈ આટોપવાનું હોય એ આટોપીને બહાર આવી જાય. તે વખતે મનમાં શંકા છે કે હોસ્પિટલમાં મા છે. ઓકસીજન પર છે. એવા સમયે કોઈ કહેશે કે મને કહેશો નહીં ? શું નિર્ણય કરાય છે ? આપણે લોકો ઠાકોરજીના નામ

પર ચરી ખાઈએ છીએ. જો ઠાકોરજી માટે મક્કમતા હોય, લાગણી હોય, દુનિયાનું ગમે તે થાય, ઠાકોરજીને પરિશ્રમ ન પડે. મા, બાપ, ભાઈ, બહેન, બૈરી, દીકરો એના કરતાં પણ ઠાકોરજીનો પરિશ્રમ મારે મન મોટી વસ્તુ છે. તો તે વખતે એ ન સાંભળે તો એને દોષ નથી. પણ એ પણ ફક્ત ઠાકોરજીની સેવા પૂરતું જ. બીજી વાત હજુ આમાં બાકી રહી ગઈ, આપણને જાણવા મળ્યું કે અશુભ થયું છે કોઈક અંગત નજીકનું ગુજરી ગયું છે પણ ઠાકોરજીની સેવામાં આપણને બાધા નહીં પડે માટે સાંભળ્યું નથી. ઠાકોરજીને રાજભોગ ધર્યા - રાજભોગ ધરીને પ્રસાદ લઈશું કે નહીં ? પ્રસાદમાં ઠોર-બુંદિકે મોહનથાળ હોય તો તે આપણે ખાઈશું કે નહી ? હવે ધારો કે વહેમ છે કે મારો સગો ભાઈ હોસ્પિટલમાં છે અને કંઈક અશુભ થયું છે અને ઠાકોરજીની સેવામાં વાંધો પડે છે તો તે વખતે એવી શંકા મનમાં રહ્યા પછીથી, સેવામાંથી નીકળી પ્રસાદ લો એમાં તમે મોહનથાળ ખાશો? કોઈનો પોતાનો સગો દીકરો હોસ્પિટલમાં છે ડૉક્ટરે હાથ છોડી દીધા છે અને કંઈક અશુભ બન્યુ છે, એમ જાણવા મળે તો ઠાકોરજીની સેવામાંથી નીકળીએ અને પ્રસાદ લેવા બેસીએ તો તે વખતે મોહનથાળ જમીશું ? શું કરશો ? તે વખતે શું કહેશો, ભાઈ મોહનથાળ ખાવાનું મને મન જ નથી. કેમ ? કેમ મન નથી ? તમારા મનમાં નક્કી છે. એટલે આવી બધી ચાળવણી કરી જો શુદ્ધ ભક્તિમાર્ગીય વિષય ઠાકોરજીની સેવા બાબતનો આવતો હોય, અને કેવળ ઠાકોરજીના માટે જ તમે જો ન સાંભળો તો એમાં દોષ નથી, મારું એમ મંતવ્ય છે. ઘરમાં મરણ થયું હોય ત્યારે શાસ્ત્રીય નિયમ છે કે જ્યાં સુધી દિવો ઘરમાં બળતો હોય ત્યાં સુધી ઘરમાં અગ્નિ પ્રગટાવાય નહીં. ગેસ-ચુલો-સગડી કાંઈ પણ ન સળગાવાય. ઘરમાં ચૂલો ન બળે. પણ દશ દિવસ જમવુ તો પડે. એટલા માટે એ રસોઈને કડવાની રસોઈ કહેવાય છે. એ રસોઈ કોઈ વગર સૂતકી જમે તો એને નહાવુ પડે અને આખા દિવસનું સૂતક લાગે. વલ્લભકુળને ત્યાં પણ જો મરણ થયું હોય અને કડવાની રસોઈ સવારે ખાધી હોય તો સાંજના સૂતક ઉતરે. કડવાની રસોઈ એટલે એમાં હલદી-લુણ નહીં આવે. હલદી અને લુણ એ મુખ્ય વસ્તુ વર્જ્ય છે. એટલે હલદી અને લુણ વિનાની રસોઈ ભાવે કે ન ભાવે પેટ ભરવા પૂરતુ ચાવી-ચાવીને ઉતારવી. એ રીતનું ભોજન બને.

(૪) ધર્મગ્રન્થોનો આદર

૧. ધર્મગ્રન્થને પોતાના પગ લાગવા દેવા નહીં.

૨. ધર્મગ્રન્થ તરફ પગ લાંબા પણ કરવા નહીં.

૩. ધર્મગ્રન્થને એંઠી કે અપવિત્ર જગ્યામાં અથવા તો એંઠી કે અપવિત્ર વસ્તુઓ જોડે મૂકવા નહીં.

૪. ધર્મગ્રન્થને હાથમાંથી નીચે યથાસ્થાન ધીમેથી આદરપૂર્વક મૂકવા-ફેંકીને કે થોડા ઉંચેથી પટકીને ધર્મગ્રન્થનો અનાદર કરવો નહીં.

૫. ધર્મગ્રન્થને એંઠા કે અશુદ્ધ હાથે સ્પર્શ કરવો નહીં.

૬. જમતાં-જમતાં, સુતાં-સુતાં, જોડા-ચપ્પલ પહેરેલી અવસ્થામાં, સંડાસ જઈ સ્નાન કર્યા વિના, સૂતક-રજસ્વલા વગેરે અશુદ્ધ અવસ્થામાં ધર્મગ્રન્થોનું વાંચન કરવું નહીં.

૭. ધર્મગ્રન્થોને ઈશ્વરનું રૂપ માની પવિત્ર અવસ્થામાં, પવિત્ર જગ્યામાં સામે આદરપૂર્વક બાજઠ યા ટેબલ પર મૂકી, પલાઠી મારી, ટટાર બેસી, શરીરના વિના કારણ હલન-ચલન વિના, અક્ષરો અડધા વંચાય-અડધા ન વંચાય તેવી ઉતાવળ કર્યા વિના, ઉચ્ચ સ્વરે બોલ્યા વિના આદર-શ્રદ્ધા અને જિજ્ઞાસાપૂર્વક ધર્મગ્રન્થોનું યથાશક્ય વાંચન કરવું.

૮. પોતાના કોઈ પણ ધન કરતાં ધર્મગ્રન્થોને વધુ કીમતી સમજી તેની

દરેક રીતે ઉચિત જાળવણી કરવી.

(૫) જીવનનિર્વાહનો પ્રકાર

પોતાનો પરંપરાથી ચાલતો આવેલો વ્યવસાય પણ જો ધર્મ અને પુષ્ટિમાર્ગ વિપરીતનો હોય તો તે ત્યાગવો અને ધર્મ અને પુષ્ટિમાર્ગમાં માન્ય હોય તેવા વ્યવસાયથી જીવન-કુટુંબનો નિર્વાહ કરવો (વિપરીત વ્યવસાય એટલે માંસ-ઈંડા-દારૂ-ચામડું-દેવવિક્રય-ભગવન્નામ-વિક્રય-ભગવત્સ્વરૂપ વિક્રયથી મેળવેલ પોતાનું યા બીજાનું દ્રવ્ય-વેશ્યાપણું-ચોરી કરવી-ધાડ પાડવી -હિંસક વ્યવસાય કરવો-બીજા પ્રાણીને પીડા આપી દ્રવ્ય પ્રાપ્ત કરવું-ભલે પોતાના અર્થે ન સહી પણ બીજાના અર્થે ગ્રહાદિના જપ-અનુષ્ઠાન કરવા - અન્ય દેવની પૂજામાં નિયુક્ત થવું- પરંપરાથી પોતાને ત્યાં અન્ય દેવની પૂજા થતી હોય યા તેમના વ્રત વિગેરે રાખવાની પરંપરા હોય વિગેરે પ્રકારના વ્યવસાયો) તો તે ત્યાગવા અને તેની જગ્યાએ જેનો વિરોધ ધર્મ યા પુષ્ટિમાર્ગ સાથે ન આવતો હોય તેવા વ્યવસાયથી જીવનનિર્વાહ કરવો.

(૬) બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેવાનો પ્રકાર અને તેના નિયમો

૧. બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેવા માટે પ્રથમ જેમના દ્વારા દીક્ષા ગ્રહણ કરવાની હોય તેમની પાસે જઈ દીક્ષા માટેની શ્રીવલ્લભકુલ પાસેથી આજ્ઞા લેવી અને ત્યારબાદ તેઓશ્રીની અનુકૂળતા મુજબ જે દિવસે વ્રતની આજ્ઞા આપે તે દવિસે વ્રત કરી બીજા દિવસે તેઓશ્રી જ્યાં બિરાજતા હોય ત્યાં અસ્પર્શ્યમાં સ્નાન કરી પહેરવા માટેના વસ્ત્રો સાથે લઈને જવું.

૨. જે દિવસે વ્રત રાખ્યું હોય તે દિવસે અન્નની કોઈ પણ વસ્તુ જમાય નહીં તેથી તે દિવસે સવારે ઉઠ્યાથી જ દૂધ, ફલ, સૂકો મેવો અથવા દૂધની બનેલ વસ્તુઓ પેંડા, બરફી, બાસુંદી, શ્રીખંડ વગેરે લઈ શકાય છે તેમજ તળેલા કે બાફેલા શાકમાં, બટાકા, સકરકંદ, સૂરણ, રતાળુ દૂધી લઈ શકાય છે પણ તેમાં હળદી, રાઈ, મેથીનો ઉપયોગ ન કરવો તેમજ લૂણ પણ ચાલૂ નહિં વાપરીને સિંધવ લૂણ જ વાપરવું આ બધું પણ બજારનું તૈયાર કરેલું નહીં વાપરી ઘરમાં જ બનાવી ઉપયોગ કરવો.

૩. બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેતાં પહેલાં (ગુરુગૃહે) અસ્પર્શ્યમાં સ્નાન કરવું અને ત્યારબાદ ભારતીય પોષાક જ પુરુષો ધોતી-બંડી અને સ્ત્રીઓએ સાડી-ચોળી વગેરે ધારણ કરવા.

૪. સવારનું કે બપોરનું ભોજન કર્યા બાદ દીક્ષા ન લેવાય તેથી વ્રતના બીજા દિવસે સવારે ઘરેથી સ્નાન કરી અન્નની કોઈ પણ વસ્તુ જમ્યા વગર જ ગુરુગૃહે જવું અને દીક્ષા લીધા બાદ ભગવત્પ્રસાદ લીધા પછી જ બીજું ભોજન કરવું.

૫. દીક્ષા આપનાર ગુરુ પણ દીક્ષા આપતાં પહેલાં ભોજન કરેલા હોવા ન જોઈએ.

૬. દીક્ષા આપતા પહેલાં સ્નાન કર્યા પછી ગુરુગૃહ તરફથી જ કકું-ચરણામૃત-તુલસીની કંઠી આપવામાં આવે તે ધારણ કરવા.

૭. દીક્ષા વખતે સેવ્ય શ્રીપ્રભુનું સ્વરૂપ અને દીક્ષાદાતા ગુરુ એમ બન્નેની પ્રત્યક્ષ ઉપસ્થિતિ જરૂરી છે.

૮. દીક્ષા આપતી વખતે પ્રથમ અસ્પર્શ્યમાં સ્નાન વગેરે થઈ ગયા પછીથી દીક્ષા લેનારને જ્યારે ભગવાનની સમક્ષ લઈ જવામાં આવે ત્યારે જો સ્ત્રી હોય તો સાદી રીતે અને પુરુષ હોય તો સાષ્ટાંગ દંડવત

શ્રીપ્રભુને કરવા અને તે જ રીતે દીક્ષા લીધા પછી પણ ફરીથી દંડવત કરવા. શ્રીપ્રભુ સમક્ષ ગુરુને દંડવત થઇ શકે નહીં તેથી ગુરુ બહાર પધારે ત્યારબાદ દંડવત-ભેટ વગેરે કરવા.

૯. દીક્ષા આપતી વખતે ગુરુ, દીક્ષા લેનારના હાથમાં તુલસીપત્ર આપે તે બે હાથને ખોબાની માફક રાખી તુલસીપત્ર હાથમાં રાખવા અને ગુરુ બોલાવે તે તે મુજબ બ્રહ્મસમ્બન્ધ ગદ્યમંત્ર બોલવો અને પૂરો થયે હાથમાં રાખેલા તુલસીપત્ર શ્રીગુરુને પાછા આપવા જે લઇ ગુરુ શ્રીઠાકોરજીના શ્રીચરણારવિન્દમાં અર્પણ કરે.

૧૦. શ્રીવલ્લભકુલ સિવાય અનધિકૃત પાસેથી દીક્ષા લેવામાં આવે, દીક્ષા લેનાર એક દિવસનું વ્રત કર્યા વિના, યા સવારે અન્ન જમ્યા પછી, યા દીક્ષા આપનાર જમીને, યા દીક્ષા આપનાર અને લેનાર અસ્પર્શ્યમાં સ્નાન કર્યા વિના દીક્ષા આપે, તેમજ હાથમાં તુલસી પત્ર આપ્યા વિના કે પછી સેવ્ય શ્રીભગવત્સ્વરૂપની પ્રત્યક્ષતા વિના કે ગુરુની પ્રત્યક્ષ હાજરી વિના, તેમજ ટેલીફોનથી કે કેસેટથી બ્રહ્મસમ્બન્ધ મંત્ર બોલવામાં આવે કે દીક્ષા લીધા પછી વ્રત કરવામાં આવે. ઉપર્યુક્ત આ બધા જ પ્રકારો ગેરકાયદે અને સદ્ધાન્ત વિરુદ્ધ છે અને આ પ્રકારથી કરાયેલી દીક્ષા દીક્ષા કહેવાતી નથી.

(૭) પોતાના ગૃહે ભગવત્ સેવામાં ધ્યાન રાખવાની બાબતો :

૧. પોતાના ઘરે કૃષ્ણ સેવા પધરાવી સેવા કરવી, નહીં કે જ્યાં ક્યાંય પણ કૃષ્ણરૂપની સેવા થતી હોય ત્યાં ત્યાં ફરતા રહેવું.

૨. પોતાના ઘરે બિરાજતા શ્રીપ્રભુ સાક્ષાત્ પૂર્ણ કૃષ્ણ છે તેમજ ભાવ કરવો.

૩. પોતાના ઘરે બિરાજતા શ્રીપ્રભુમાં કોઈ પણ પ્રકારની ઉણપ-ઓછપ કે ઉતરતું ન વિચારવું.

૪. બીજાના ઘરે અથવા તો ગુરુગૃહે કે મન્દિરમાં બિરાજતા શ્રીપ્રભુ પોતાના ઘરે બિરાજતા પ્રભુ કરતાં કંઈક વિશેષ છે તેમ ક્યારેય પણ માનવું નહીં.

૫. પોતાના ઘરે બિરાજતા શ્રીપ્રભુમાં જ પોતાના તન-મન-ધનનો વિનિયોગ કરવો.

૬. મનમાં જે પણ મનોરથો કરવામાં આવે તે પણ પોતાના ઘરે બિરાજતાં શ્રીપ્રભુમાં તેમની સેવા-પ્રસન્નતા માટેના જ સેવવા અને કરવા.

૭. પોતાના નિજ શ્રીપ્રભુને કે તેમની સેવાને છોડીને અન્યત્ર કૃષ્ણસ્થળોમાં દોડાદોડ ન કરવી, ન ત્યાં શ્રીકૃષ્ણસેવા-આનન્દ માટે જવાનો ઉત્સાહ સેવવો.

૮. બીજાને ત્યાં સેવામાં વૈભવ જોઇ અંજાઇ ન જવું અને તેની સાથે પોતાની સેવાની તુલના કયારેય ન કરવી.

૯. આપણા નિજ પ્રભુને આપણાથી જે પ્રકારની સેવા લેવી છે તેવા અને તેટલા સાધનો શ્રીપ્રભુએ પોતાને આપ્યા જ છે તેમ વિચારવું.

૧૦. ક્યારેક ગુરુગૃહે જવાનો પ્રસંગ આવે અને ગુરુદેવ કૃપા કરીને આપણને પોતાનો નિજ સેવક જાણી સ્વપ્રભુના દર્શન કરાવે ત્યારે પણ ત્યાંના વૈભવ કે ઓછપ તરફ દૃષ્ટિ નહીં રાખીને ગુરુદેવ કેવા સ્નેહથી લાડ લડાવે છે એ સ્નેહને જ જાણવા- જોવાનો પ્રયત્ન કરવો.

૧૧. આપણા નિજ શ્રીપ્રભુને પોતાના જ નિજગૃહમાં અને પોતાના જ સ્વામિત્વવાળા પદાર્થો સેવામાં સમર્પવા, બીજાના સ્વામિત્વના પદાર્થો સમર્પવા નહીં. ધારો કે સામગ્રીમાં વાપરવા પોતાના ઘરમાં કેસર એટલું ઉત્તમ નથી અને બાજુવાળાને ત્યાં ઉત્તમ સ્પેનનું કેસર છે તો તેના ઘરેથી સેવા માટે માંગી લાવવું નહીં, તેમજ બીજા તમને સેવા માટે કેસર ભેટમાં આપે તો તેનો સ્વીકાર પણ ન કરવો અને તે સામગ્રીમાં વાપરવું પણ નહીં, અગર જો તેમને એમ લાગે કે મારા ઘરમાં કેસર છે તે થોડું બીજા કરતા ઉતરતું છે અને તેવું કેસર લાવવા પોતાની પાસે દ્રવ્ય-પૈસા હોય તો તે પોતાના દ્રવ્યતથી ખરીદીને લાવીને વાપરવું પણ તે સિવાય બીજી કોઇ રીતે મેળવેલું વાપરવું નહીં, આમ બધી જ બાબતોમાં સમજવું.

૧૨. પોતાના સ્વામિત્વના પદાર્થો પણ પોતાના અથવા તો સેવામાં સાથે રહેનારા પરિવારજનોના હાથે જ સિદ્ધ થયેલા હોય તે જ સમર્પવાનો આગ્રહ રાખવો, પણ પોતાના સ્વામિત્વના પદાર્થો પણ બીજાના હાથે સિદ્ધ કરાયેલા હોય તે શક્ય હોય ત્યાં સુધી ન સમર્પવા. સ્વયંના કે સેવામાં સાથે રહેનારા પરિવારજનોના નિજ શરીરથી અને નિજ દ્રવ્યથી જેવી અને જેટલી થઇ શકે તેવીને તેટલી સેવા પોતાના જ ઘરે પોતાના જ નિજ શ્રીપ્રભુની કરવી પણ બીજાના ઘરે બીજાના શ્રીપ્રભુની કે પછી પોતાના ઘરે બીજાના દ્રવ્યથી કે પછી બીજાનું દ્રવ્ય લઇ બીજાના શ્રીપ્રભુની સેવાનો પ્રકાર રાખવો નહીં.

(૮) વૈષ્ણવ વ્રતો અને તેના નિયમો-

સમય-સમય પર પ્રાપ્ત થનારા પ્રત્યેક (પુષ્ટિમાર્ગમાં સ્વીકાર્ય) એવા વૈષ્ણવ વ્રતોને કરવા (વૈષ્ણવવ્રત-દરેક માસની સુદ-વદની એકાદશીઓ, શ્રી રામનવમી વ્રત (ચૈત્ર સુદ-૯), શ્રીનૃસિંહ જયંતી વ્રત (વૈશાખ સુદ-૧૪), શ્રી જન્માષ્ટમી વ્રત, (શ્રાવણ વદ-૮), શ્રીવામનજયંતી વ્રત (ભાદરવા સુદ-૧૨), આ સિવાયના કોઈ પણ વ્રત વૈષ્ણવવ્રત તરીકે સ્વીકાર્ય નથી) ઉપર જણાવેલા વ્રતો શુદ્ધ પ્રકારે - યથાવિધિ કરવા.

વ્રતના નિયમો :-

(૧) દશમી વેધથી રહિત એવી વૈષ્ણવ એકાદશીનું વ્રત કરવું (આની જાણકારી ટિપ્પણી યા વૈષ્ણવપંચાગથી મળશે)

(૨) સવારે સૂર્યોદયથી ૧।। કલાક વહેલા ઉઠી જવું.

(૩) સવારે ઉઠી સ્નાનાદિથી પરવારી ભગવાન્નામ સ્મરણ, જપ, પાઠ વગેરે કરવા.

(૪) વ્રતને દિવસે ચા-કોફી વગેરે કોઈ વ્યસનવાળી વસ્તુઓ લેવી નહીં.

(૫) વ્રતને દિવસે ટી.વી., વી.સી.ડી., સિનેમા જોવા નહીં. સિનેમાના ગાયનો ગાવા નહીં અને ચાહીને તેવા ગાયનો સાંભળવા નહીં. તેમજ કોઈ પ્રકારનું અશ્લિલ સાહિત્ય જોવું વાંચવું નહીં.

(૬) વ્રતને દિવસ બ્રહ્મચર્યનું પાલન કરવું. ભગવત્સેવા માટે જરુરી અથવા ભગવાન્નામ સિવાય ઈતર બાબતોમાં મૌન રાખવું.

(વ્રતમાં વર્જ્ય પદાર્થો)

(૭) અન્ન, કઠોળ, નિષિદ્ધ ગણાતા-ટામેટા-મૂળા-કાંદા-લસણ-ફુલાવર-કોબીજ વગેરે, શાકભાજી - વેગણ, તુવેર, ચણાનાં પોપટા, લીલા વટાણા, વાલોડ, પાપડી, બધી જાતની ભાજીઓ,ભીંડા, ગવારસિંગ, ચોળાફળી, લીલી મકાઈ વગેરે રોજમાં લેવાતા શાકભાજીઓ, સિંધવલવણ સિવાયના દરેક પ્રકારના લવણો, હીંગ, લાલ મરચા, રાઈ, મેથી, હળદર, ગોળ, સરસવ તેલ, તલનું તેલ, નાગરવેલના પાન,

તુલસીપત્ર, દરેક પ્રકારની ધાણી, મમરા, પૌઆ, ચા, કોફી, પદાર્થ સડાવીને બનાવાયેલી કોઈ પણ વસ્તુ, નીરા, કોઈની પણ એંઠી વસ્તુ, કોઈના એંઠા પાત્રમાં લવાયેલ ભોજન યા પેય પદાર્થ, કોઈની એંઠી જગ્યામાં મૂકાયેલ પદાર્થો તથા ડાલડા- ઘી આટલા પદાર્થો વ્રતમા વર્જ્ય હોઈ તેનો વ્રતને દિવસે ઉપયોગ કરવો નહી.

(વ્રતમાં લેવા યોગ્ય પદાર્થો)

(૮) દૂધ, દૂધના બનેલા પદાર્થો, દહી, છાશ,માખણ, ઘી , શાકભાજીમાં - દૂધી, પરવળ, બટેટા, સૂરણ,રતાળું, સકરકન્દ,અળવી, લીલામરચા, કોથમીર, આદુ, લીબું, દરેક પ્રકારના ફળ, સાબુદાણા, દરેક પ્રકારનો સૂકો મેવો, જીરૂ, સિંધવલૂણ, ખાંડ, મિશ્રી, કાળામરી, લવીંગ, એલચી, વરિયાળી, સૂંઠ, ખોપરું, મગફળી, ચારોળી, રાજગરો, કુટી, સિંગોડા, ત્રણેનો લોટ, તપકીર (અરારોટ), મોરિયો, છેનાની દરેક વસ્તુઓ (દૂધ ફાડી તેમાંથી બનાવેલી), આટલી વસ્તઓનો ઉપયોગ ભક્ષ્ય તરીકે વ્રતમાં થઈ શકે છે.

(૯) વ્રતને દિવસે બપોરે આડા પડી શકાય પણ નિદ્રા લેવીનહીં તેમજ રાત્રે પણ જાગરણ કરવું અને જ્યાં ભગવન્નામ કીર્તન થતું હોય ત્યાં બેસવું અગર પોતાના ઘરે પવિત્રતામાં ભગવન્નામ સ્મરણ - જપ વગરે કરવા.

(૧૦) વ્રતને દિવસે ઉપર (નં. ૮ માં) જણાવેલા આહાર પણ જીભના સ્વાદને લઈને અથવા તો ઠસોઠસ પેટ ભરીને લેવો નહીં પણ માત્ર દેહ પોષણ પૂરતો જ લેવો. આળસ આવે, નિદ્રા આવે, યા શરીરમાં ભારે પાણું લાગે તેટલો - તેવો આહાર લેવો નહીં, શક્ય હોય ત્યાં સુધી દૂધ, દહી, છાશ, ફળોનો રસ તથા ફળોનો આહાર લેવો વધુ હિતાવહ છે.

(૧૧)વ્રતને દિવસે શક્ય હોય ત્યાં સુધી પોતાના લૌકિક વ્યવહારના કાર્યોમાં અપ્રવૃત્ત રહી આધ્યાત્મિક - આધિદૈવિક પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રહેવુ. જો કોઈ બીજા વ્યાપાર - ઉદ્યોગ વિગેરે સંભાળનારા હોય અથવા રજા રાખી શકાતી હોય તો તે વધુ ઉત્તમ છે. તેમ છતાં જો જરૂર પડતી હોય ત્યાં ધંધો -ધાપો જોઈ તેમાં વધારે પડતો રસ ન લેવો. શક્ય હોય ત્યાં સુધી વ્રતને દિવસે અંતિમ ક્રિયા વિગેરેમાં ભાગ લેવો - બેસણામાં જવું કે આશૌચ સ્નાન વગેરેથી અળગા રહેવાનો પ્રયત્ન કરવો. વ્રતને દિવસે વાળ-દાઢીની હજામત કરાવવા નહીં, નખ કાપવા નહીં.

(૧૨) વ્રતની રાત્રિએ જાગરણ કરીને બીજે દિવસે બ્રાહ્મ મુહૂર્તમાં સ્નાનાદિથી નિવૃત્ત થઈ પોતાના નિયમના જપ-પાઠ વગેરે કરી તથા અધિકમાં શક્ય હોય તે મુજબ અષ્ટાક્ષર - પંચાક્ષર ના જપ કરી ઘરે શ્રીનાથજીને અતિપ્રિય એવી ગાયની વિધિવત્ પૂજા કરી ઘરમાં રસોઈ બની હોય તેની બધીજ વસ્તુઓ યથા યોગ્ય પ્રમાણમાં ગાયને ખવડાવી, ત્યારબાદ યથાશકિત ૧-૨-૫-૧૦ વૈષ્ણવોને - બ્રાહ્મણોને વ્રજવાસીઓને - ગરીબોને પ્રસાદ લેવડાવી, બ્રાહ્મણો વગેરેનો દક્ષિણા વસ્ત્ર ઈત્યાદિથી યથાશક્તિ યથોચિત સત્કાર કરી ત્યારબાદ પોતે પ્રસાદ લેવો અને તે પછી જ પોતાના વ્યવહારના કાર્યો તરફ લક્ષ્ય આપવું.

* * *